

# અર્પણ પત્રિકા

આયુર્વેદમાર્તંડ, પૂજ્ય ગુરૂવર્ય,

**શ્રી. જાદવજી ત્રિકમજી આચાર્ય**

ની પવિત્ર સેવામાં

નિવાસસ્થાન : મુમ્બાપુરી.

ઉદારતા જેમનો સદગુણ છે, સજ્જનતા જેમનું આભુષણ છે, આયુર્વેદ અને તેના સાહિત્યની સેવામાં જેઓ સદાય મગ્ન રહે છે, વૈદ્યસમાજ જેમને વંદે છે, સેંકડો શિષ્યો પ્રત્યે જેઓ પુત્રવત્ પ્રેમ રાખે છે, વૈદ્યસમાજની ઉન્નતિ જોવા જેઓ સદાય તત્પર રહે છે. આયુર્વેદ મહામંડળ અને આયુર્વેદ વિદ્યાપીઠના આત્મા તરીકે ભારતવર્ષમાં જેમની કિર્તી અને કાર્યો પ્રસિદ્ધ છે એવા પવિત્ર, દેવતુલ્ય, સદાય વંદનિય, પૂજ્યગુરૂવર્યની પૂર્ણ કૃપાવડે મેં વૈદ્યકધંધામાં જે કંઇ યોગ્યતા મેળવી છે, એ તેમની પરમકૃપાનું ફળ છે, અને તેના સ્મારક રૂપે હું આ "રસાયનસાર સંગ્રહ" નામનું એક લઘુ પુસ્તક બીજીવાર તેમના ચરણકમળમાં અર્પણ કરી કૃતાર્થ થાઉં છું

આપનો સદાનો ઋણી

ગોપાળજી કુંવરજી ઠક્કર

# પહેલી આવૃતિની પ્રસ્તાવના

સને ૧૯૨૯માં મેં રસાયન સબંધી મારા અનુભવ સાથેનો એક નાનો સંગ્રહ આયુર્વેદપદ્ધતિ પ્રમાણે સામાન્ય વૈદ્યો-ડોકટરો તથા આયુર્વેદમાં રસ લેનાર જનસમુદાયને મદદરૂપ થઇ પડે તેવો એક ગ્રન્થ તૈયાર કરવાનું નક્કી કર્યું, તેની જાહેરાત અપાઇ ગઇ અને લખવાનું કામ પણ શરૂ થઇ ગયું. લગભગ અર્ધું લખાણ તૈયાર થઇ ચુકયું, તેને છાપવાનું કામ પોતાના પ્રેસમા શરૂ કરી આપ્યું, આ સમયમાં અહિં નિ. ભા. વૈદ્યસંમેલન થવાનું હતું. એ સંમેલનને અંગે મ્હારે પ્રદર્શન વિભાગનું કામ સંભાળવાનું હતું તથા પ્રેસમાં સમેલનનું છપાઇકામ ચાલુ હતું એથી અમારૂં આ રસાયનસારનું કામ અટકી પડયું, તેને ફરી શરૂ કરી પૂર્ણ કરવાનાં પાંચ-સાતવાર પ્રયત્ન થયા પણ એ સર્વ નિષ્ફળ રહ્યા. ફરી ફરી તૈયાર થવાની જાહેરાતો અપાઇ પણ મારી પાસે કામનું ક્ષેત્ર એટલું બધું વધી પડયું કે હું એક અક્ષર પણ એ માટે લખી ન શકયો, તેમ પ્રેસમા પણ સમયની તંગી રહી, આવી હાલતમાં અગાઉથી થએલા અનેક ગ્રાહકોની માગણી તો ચાલુજ રહી. સર્વને સંતોષવા પત્રો લખી સાંત્વન આપવામાં આવતું અને મનમાં એવી ઉમેદ રહેતી કે હમણા એક માસમા તૈયાર કરી દેશું! પણ આ કામ કોઇવા કપરા દિને શરૂ થએલું કે તે પુરૂં થાય તેવો એક પણ પ્રસંગ ન મળ્યો. છેવટે લગભગ શરૂ કર્યાને ૩૦ માસ થઇ ગયા હવે એ અરસામા પોતાના મનથી એમ નક્કી કર્યું કે ગમે તેમ થાય પણ થોડો સમય દરરોજ ખરચો : આ કામ અવશ્ય પુરૂં કરવું જોઇએ, આ દૃઢ નિશ્ચય કર્યો પછી આ બે-ત્રણ માસમા દરરોજ એક કલાક બચાવી છેવટે આજે એ કામ પૂર્ણ કરી ચૂકયો છુ

આ ગ્રન્થને માટે આયુર્વેદના વિશાળ સમુદ્રમાંથી તેમજ અનેક લેખક વૈદ્યભાઇઓના પુસ્તકોમાંથી પુષ્કળ મદદ લીધી હશે, એ સર્વ ભાઈઓનો આ સ્થળે આભાર માનું છું. હું એ પણ જણાવી આપું છું કે નવું કંઇ હોતું નથી! જુદા જુદા રૂપે એકજ વસ્તુ અનેક ભેજાંમાંથી પસાર થાય છે તેવુંજ આ છે એમ સમજી લેવું.

વૈદક ધંધામા છુપાવી રાખવાની ચોર વૃત્તિ હજી પણ આપણા વૈદ્યોમા છે. હું આ વૃતિને એક ખરાબ દુર્ગુણ માનું છુ અને તેના વિરોધ રૂપે મને જે કંઇ મળે તથા અનુભવ થાય તે વાત આમ સાહિત્ય દ્વારા વૈદ્ય ભાઇઓના ચરણોમાં રજુ કરી આનંદ માનું છું બીજા વૈદ્યો ભલે હજી કરતા હોય તેમ કરે પરંતુ હું મારી ફરજ અદા કરી આપું છું.

લખવાની ઘણી હોસ છે, સમય મળતા અને સાધનો ભેગા થતાં આખી વૈદક પુસ્તકમાળા તમામ વિષયોપર એકેક સ્વતંત્ર ગ્રન્થ રૂપે પ્રગટ કરવી છે. સહકાર અને સાધનો સાથે દૈવી સહાયતા હશે તો સૌ ધીમે ધીમે થતું જશે. દુનિયામા આશાઓ કોની પુરી થઇ છે? એ સૌ જાણે તેવી વાત છે. છતા નિરાશ થવાનું કંઇ કારણ નથી.

ગ્રાહકો, મિત્રો અને મુરબ્બીઓનો મોટો સહકાર મને વૈદક સાહિત્યમાં વધુને વધુ ઉંડો ઉતરવાની પ્રેરણા તથા ઉત્સાહ આપે છે, તેમનાજ સહકારથી હુ આ દિશામા વધુ આગળ વધવાની પ્રવૃત્તિ કરૂ છુ અને કામ-મધિ જેમા દરદીનો લાભ હોય તે પડતો મુકી આને માટે સદાય તત્પર રહી બનતો સમય તેમા આપું છુ. આ સર્વનું કારણ એ ગ્રાહક, મિત્ર કે મુરબ્બી વર્ગનો ઉત્સાહ છે માટે તેમનો પણ મારે આભાર માનવો જોઇએ.

મનુષ્ય ભૂલને પાત્ર છે. મારા હાથે આ કાર્યમા તમજ દેશથી, નજર ચૂકથી કે છપાઇખાતાના કારણે જો કાંઇ દોષ કે ભૂલ રહેલી જણાય તો તે મારે ક્ષમા કરી તેની સુચના મને આપવાની કૃપા કરવી.

| | |
|---|---|
| ૧ લી અક્ટોમ્બર | આપનો સદાનો મિત્ર, |
| ઈ. સ. ૧૯૩૨ | વૈદ્ય ગોપાલજી કુંવરજી ઠક્કર |

સમયમાં શામાટે ન લેવો? જ્યાં આવી ચીજો મોટા કારખાનામાં જથ્થાબંધ બને છે ત્યાંથી તેઓ સસ્તે ભાવે આપી શકે છે અને આપણે તેમ કરવા જઈએ તો પ્રમાણમાં થોડી બનાવતાં ઘણી મુશ્કેલી પડે છે અને ભાવમાં પણ મોંઘી પડે છે, માટે સરળતા હોય અને પુર્ણ સિદ્ધાંત સચવાતો હોય તો લાભ લેવામાં જરાપણ સંકોચ રાખવો ન જોઈએ.



## સુવર્ણ (સોનું)

**વિવેચનઃ** રસાયનશાસ્ત્રમાં સોનું એ સર્વોત્તમ ઔષધ ગણાય છે. દવાના કામમાં સોનાનીભસ્મ અને સોનાનાવરખ વાપરવામાં આવે છે. દવા માટે જે સોનું તદ્દન ચોકખું હોય તેજ વાપરવું જોઈએ, હાલમાં બજારમાંથી શુદ્ધ સોનું ઘણી સહેલાઈથી મળી શકે છે નેશનલની લગડીનું અને ૧૦૦ ટચનું સોનું શુદ્ધ ગણાય છે, વધારે શુદ્ધ જોઈતું હોય તો ઘણા લોકો કુંદન કરેલું સોનું વાપરે છે અને તે સર્વોત્તમ હોય છે. સોનું ખાણમાંથી, બીજી ધાતુ ને પારદના વેધથી તેમજ બીજી રીતે પણ સોનું બનાવાય છે.

**શુદ્ધિઃ** સોનાનાં પતરાં કરી તેને ગૌમૂત્ર, કાંજી, છાશ, તેલ અને કુલથીના કવાથમાં પાંચ પાંચ વખત તપાવીને ઠારવાથી તેની શુદ્ધિ થાય છે. શુદ્ધ થએલા સોનાને ગરમપાણીથી ધોઈ સાફ કરી લેવું.

**શુદ્ધિ પ્રકાર બીજોઃ** સોનાનાં બારીક પતરાં લઈ એક શરાવમાં નિચે ઉપર સોનાગેરૂનો થર કરી વચ્ચે સોનાનાં પતરાં મુકી અંગારાના અગ્નિમાં બે કલાક સુધી ફૂંકણી વડે તપાવવાથી તેની શુદ્ધિ થાય છે.

**સુવર્ણભસ્મ વિધીઃ** શુદ્ધ કરેલ સુવર્ણનુંચૂર્ણ કરી તેમાં [illegible] ( [illegible] ) શુદ્ધપારો નાખી લીંબુનારસમાં ઘુંટી તેના

સમયમાં શામાટે ન લેવો? જ્યાં આવી ચીજો મોટા કારખાનામાં જથ્થાબંધ બને છે ત્યાંથી તેઓ સસ્તે ભાવે આપી શકે છે અને આપણે તેમ કરવા જઇએ તો પ્રમાણમાં થોડી બનાવતાં ઘણી મુશ્કેલી પડે છે અને ભાવમાં પણ મોંઘી પડે છે, માટે સરળતા હોય અને પુર્ણ સિદ્ધાંત સચવાતો હોય તો લાભ લેવામાં જરાપણ સંકોચ રાખવો ન જોઇએ.

## સુવર્ણ (સોનું)

**વિવેચનઃ** રસાયનશાસ્ત્રમાં સોનું એ સર્વોત્તમ ઔષધ ગણાય છે. દવાના કામમાં સોનાનીભસ્મ અને સોનાનાવરખ વાપરવામાં આવે છે. દવા માટે જે સોનું તદન ચોકખું હોય તેજ વાપરવું જોઇએ, હાલમાં બજારમાંથી શુદ્ધ સોનું ઘણી સહેલાઇથી મળી શકે છે તેશનલની લગડીનું અને ૧૦૦ ટચનું સોનું શુદ્ધ ગણાય છે, વધારે શુદ્ધ જોઇતું હોય તો ઘણા લોકો કુંદન કરેલું સોનું વાપરે છે અને તે સર્વોત્તમ હોય છે. સોનું ખાણમાંથી, બીજી ધાતુ ને પારદના વેધથી તેમજ બીજી રીતે પણ સોનું બનાવાય છે.

**શુદ્ધિઃ** સોનાનાં પતરાં કરી તેને ગૌમૂત્ર, કાંજી, છાશ, તેલ અને કુલથીના કવાથમાં પાંચ પાંચ વખત તપાવીને ઠારવાથી તેની શુદ્ધિ થાય છે, શુદ્ધ થએલા સોનાને ગરમપાણીથી ધોઇ સાફ કરી લેવું.

**શુદ્ધિ પ્રકાર બીજોઃ** સોનાનાં બારીક પતરાં લઇ એક શરાવમાં નિચે ઉપર સોનાગેરૂનો થર કરી વચ્ચે સોનાનાં પતરાં મુકી અંગારાના અગ્નિમાં બે કલાક સુધી ફુંકણી વડે તપાવવાથી તેની શુદ્ધિ થાય છે.

**સુવર્ણભસ્મ વિધીઃ** શુદ્ધ કરેલ સુવર્ણનુંચૂર્ણ કરી તેમાં [illegible] (સમભાગે) શુદ્ધપારદ નાંખી લીંબુનારસમાં ઘુંટી તેનો

**સુવર્ણભસ્મ પ્રકાર ત્રીજો:** સોનાનાવરક અથવા એસીડના યોગથી શુદ્ધસુવર્ણનો તમામ બારીક ભૂકો (રેતી માખણ જેવી થઇ જાય છે તે) તો. ૨ા લઇ તેમાં સોમલ કાચો તો. ૨ા નાંખી તુલશીનારસમાં ખુબ બારીક ઘુંટવું, તુલશીનોરસ છુટથી વાપરવો, પછી તેની નાની ટીકડી બનાવી લઇ સુકવી સંપુટમાં રાખી કપડમાટી કરી હલકો ગજપુટ અગ્નિ આપવો. પછી કાઢી વાટી ફરી તેમાં સોમલ દશઆનીભાર નાંખી એવીજ રીતે તુલશીનારસમાં ઘુંટી ગજપુટ હલકો આપવો. આવા કુલ્લે દશ પુટ આપવા અને દરેક વખતે અગ્નિ મધ્યમ રાખવો, સોમલ પ્રથમ સમભાગે લેવો, પછી બાકીના પુટમાં ચોથાઇ ભાગે લેવો. તુલશીનોરસ દરેક વખતે બરાબર છુટથી લેવો અને મર્દન બરાબર કરાવતા જવું. જો આ વિધી અનુસાર ભસ્મ બનાવવામાં આવે તો લાલાશ પડતા રંગની ઉત્તમ સુવર્ણભસ્મ બને છે. આ ભસ્મ કોઇપણ રોગમાં વાપરી શકાય છે અને તે સારી અસરકારક બને છે. વાપરવાની રીત. માત્રા, અનુપાન ઉપર લખ્યા પ્રમાણે છે. જો કે આ ભસ્મ સોમલના યોગથી બને છે તેથી ઉગ્ર થવાની કેટલાક ભાઇઓના મનમાં શંકા રહેશે, પણ તેવું કંઇ જોવામાં આવેલ નથી. સોમલથી અનેક ધાતુઓનું મારણ સરસ થઇ શકે છે એ કંઇ નવી વાત નથી.

**ઉપયોગ:** સોનાની ભસ્મનું સેવન કરવાથી ક્ષય, મંદાગ્નિ, શ્વાસ, હૃદયરોગ, ખાંસી, અરૂચી, પાંડુરોગ, વિષવિકાર, સંગ્રહણી, નબળાઇ, ઉન્માદ, કુષ્ટ, જીર્ણજ્વર, ત્રિદોષજ્વર, મગજનીકમજોરી વિગેરેનો નાશ થાય છે, ઓજ, કાન્તી, આયુષ્ય, બુદ્ધિ, મેધા, વાણી, વય સ્મૃતિ વિગેરેની વૃદ્ધિ થાય છે, સ્ત્રી પુરૂષ અને બાળક સર્વ કોઇ તેના સેવનથી રોગમુક્ત થઇ નવજીવન પ્રાપ્ત કરે છે.

**માત્રા:** વા. ૧ા ૧ રતી. **અનુપાન:** ઘી માખણ કે મધ.

**અપથ્ય:** ગરમ, વિદાહી, ખાટા અને તેલવાળા પદાર્થોથી દુર રહેવું.

**સૂચના:** કેટલીક જગાએ સોનાની ભસ્મ નહિ વાપરતાં તેના વરખ વાપરવાનો ચાલ છે, જો કે સોનાનાવરખ પણ ગુણમાં અસરકારક છે, પરંતુ સુવર્ણભસ્મ વરખ કરતાં ગુણમાં વધુ ચઢી જાય છે એમ અમારો જાતિય અનુભવ છે.

## રૌપ્ય (રૂપું)

**વિવેચન:** શુદ્ધચાંદી (રૌપ્ય) બજારમાંથી પાટના રૂપમાં મળી આવે છે, ઘણેભાગે ખાણમાંથી નીકળેલી ચાંદી બજારમાં શુદ્ધ થઇને વેચાય છે તથા કેટલાક કામીવાગર લોકો બીજી ધાતુમાંથી પણ ચાંદી બનાવીને વેચે છે આ રીતે ચાંદીની ઉત્પત્તિ બે પ્રકારે ગણી શકાય છે, દવા માટે પાટની ચીનાઇ ચાંદી ઉત્તમ ગણાય છે, દવા તરીકે ચાંદીની ભસ્મ પણ વપરાય છે અને તેના વરખ પણ વાપરવામા આવે છે.

**શુદ્ધિ:** મશીન વડે ચાંદીનાં પતરાં કે તાર બનાવી અગ્નિ ઉપર તપાવી તેને અનુક્રમે તેલ, કાંજી, ગૌમુત્ર, છાશ, અને કળથીના ક્વાથમાં પાંચ પાંચ વખત ઠારવાથી તેની શુદ્ધિ થાય છે.

**શુદ્ધિ પ્રકાર બીજો:** ચાંદીના પતરાને તપાવી તેને ટંકણખાર [illegible] નાગરવેલના [illegible] મેળવી તૈયાર કરેલા પ્રવાહીમા એકવીસ વખત [illegible] તેની શુદ્ધિ થાય છે

[illegible] સાફ કરી લેવી.

**રૌપ્યભસ્મ વીધી:** [illegible] તેને લીંબુનારસમાં [illegible] ગજપુટમાં

વચ્ચે રાખી ઉપર નીચે ગંધકનો ભુકો મૂકી વચમાં ચાંદીનાં પતરાં રાખી સંપુટ બંધ કરી હલકો પુટ આપવો આ પ્રમાણે ઓછામાં ઓછા ૧૪ પુટ આપવાથી ચાંદીની ઉત્તમ ભસ્મ બને છે.

**રૌપ્યભસ્મ પ્રકાર બીજો:** સુવર્ણમાક્ષિક અને હીંગળોક સમભાગે લઇ તેને શરાવમાં નીચે ઉપર મૂકી તેનાથી બમણા શુદ્ધ ચાંદીના બારીક પતરાં તેની વચ્ચે રાખી સંપુટ બંધ કરી સાધારણ પુટ આપવો, આ પ્રમાણે કુલ ત્રણ સાધારણ પુટ આપવાથી ચાંદીનીભસ્મ થાય છે.

**રૌપ્યભસ્મ પ્રકાર ત્રીજો:** રસસિંદૂર બનાવતી વખતે કજ્જલી બનાવવા સમયે કજ્જલીમાં શુદ્ધચાંદીનું બારીકચૂર્ણ નાંખી કુંવારનારસમાં ઘુંટી સુકવી શીશીમાં ભરી રસસિંદૂર બનાવી લેવો, રસસિંદૂર તૈયાર થયા બાદ શીશી ખોલતાં તળીયામાંથી એક પ્રકારની કાળીભસ્મ મળી આવશે તે ચાંદીનીભસ્મ છે એમ માની સંભાળી રાખવી પછી તે ભસ્મને કુંવારનારસમાં ઘુંટી સાત હલકા ગજપુટ આપવા તેમજ ગુલાબનારસમાં ઘુંટી તેનાપણ સાત હલકા ગજપુટ આપવા જેથી ઉત્તમ પ્રકારની રૌપ્યભસ્મ થશે.

**રૌપ્યભસ્મ પ્રકાર ચોથો:** ચાંદીના બારીક કરેલા પત્રા લઇ તેને શુદ્ધ કરી લેવાં, શુદ્ધ કરેલા ચાંદીનાપત્રા તો. ૨૫ ને શુદ્ધહરતાલ તો. ૨॥ માં લીંબુ કે કુંવારનારસમાં મર્દન કરી સંપુટમાં રાખી ગજપુટ દેવો. આ પ્રમાણે પુટ આપતા જવું. આશરે ૫૦ પુટ દેવા પડે છે. તેમાં હરતાલ ધીમે ધીમે થડાકનાં હિસાબે ભેગ કરી કુંવા કુવારનારસમાંજ ઘુંટીને દરેક ગજપુટ આપવા. ઉત્તમ ચાંદીનીભસ્મ થાય છે. આ ભસ્મ અનુભવમાં બીજી ભસ્મો કરતા ઉત્તમ જણાય છે ગજપુટ લખેલ છે તેમાં છાણાં પાંચ શેર વજન (બંગ.લી તોલ) મા નાખવા છે. તમામ હલકો અગ્નિ આપવાનો છે તેજ સહેલ મારણ છે શરૂ થી ને વાત ધ્યાનમા રાખવી

**ઉપયોગઃ** શૈષ્પલસ્મ પૌષ્ટિક અને વાતહર છે તથા અપસ્માર, હિસ્ટીરિયા, ઉદરરોગ, મગજનાંદરદો, આક્ષેપ, પાંડુ, અર્શ, ગુલ્મ, રક્તપિત્ત, ખાંસી, ક્ષય, જુનોપ્રમેહ, બરલ અને વાતવ્યાધિમાં ઘણુંજ સારું કામ આપે છે. મગજને માટે બહુજ હિતકારક છે તથા શીતવીર્ય હોવાથી પિત્તના પ્રકોપને શાંત કરે છે.

**માત્રાઃ** ૧ થી ૨ રતી. **અનુપાનઃ** મધ, આંમળાનોમુરબ્બો કે શતાવરીનો અવલેહ અથવા એલચી, સાકર અને ઘી કે ત્રીફળા અને ત્રિકટુ વિગેરે સાથે આપવાથી જુદા જુદા રોગો મટાડે છે.

**અપથ્યઃ** તેલ, મરચું, હીંગ, ખટાશ અને મીઠાવાળાપદાર્થોથી દૂર રહેવું.



## ત્રાંબુ (તામ્ર)

**વિવેચનઃ** ત્રાંબુ એ પ્રસિદ્ધ ધાતુ છે, પાણી ભરવાનાં વાસણો ત્રાંબાનાં રાખવાનો રિવાજ આપણા દેશમાં બહુજ પ્રચલિત છે અને તે બહુ [illegible] ચાલેલો રિવાજ હોય એમ આજના વિજ્ઞાનશાસ્ત્રીઓ પણ માને છે. બજારમાંથી ત્રાંબુ શુદ્ધ અને અશુદ્ધ એમ બે પ્રકારે મળી આવે છે. નેપાળીત્રાંબુ શુદ્ધ ગણાય છે અને તે ભસ્મના કામમાં ઉપયોગી છે. હાલના સમયમાં વિજળીનાતાર માટે વપરાતું ત્રાંબુ તેમજ [illegible] અલંકારો બનાવવા માટે [illegible] નાખવા માટે જે ત્રાંબુ વપરાય છે તે પણ શુદ્ધ અને ભસ્મ કરવા માટે લેવા યોગ્ય છે.

[illegible] અનેક પ્રકારની [illegible]
[illegible]

**શુદ્ધિઃ** [illegible]
[illegible]

## ત્રાંબુ (તામ્ર)

છાશ, કાંજી ગૌમૂત્ર અને કળથીનાકવાથમાં તપાવી તપાવીને સ
સાત વખત ઠારવાથી તેની શુદ્ધિ થાય છે.

**શુદ્ધિ પ્રકાર બીજો:** ત્રાંબાનાં પતરાંને આમલીનાકવા
શીંણનોરસ, કુંવારનોરસ, સુરણનોરસ, ગાયનુંદૂધ, નાળીયેરનુંપા
એ દરેકમાં તપાવી તપાવીને સાત સાત વખત બુઝાવવાથી તે
શુદ્ધિ થાય છે.

**સૂચના:** ત્રાંબાની શુદ્ધિમાં કે મારણમાં કંઈપણ ન્યુન
રહી જાય તો તે અતિશય નુકશાનકારક નીવડે છે. માટે પ્રથમ તે
બરાબર શુદ્ધિ કરી અને મારણ પણ બરાબર કરવું.

**ભસ્મ વિધી:** શુદ્ધિ કરેલા તામ્રના ભૂકાને બારીક પીસી ગં
સાથે ઘુંટી તેની કજ્જલી કરી લેવી પછી એક માટીનાવાસણ
(હાંડલીમાં) નીચે ગંધક પાથરી તેની ઉપર તામ્રગંધકની કજ્જલી બરા
રાખી ઉપર પણ બરાબર ગંધક ઢાંકી દેવો પછી હાંડીના મોઢાં ઉ
બંધ બેસતું થાય તેવું ઢાંકણું લઇ તેની વચ્ચે ટચલી આંગળી
તેવો (આશરે ચણીબોર જેટલો) છેદ કરી ઢાંકણું બરાબર બંધ
(સાંધા બરાબર બંધ કરવા માટે સિંધાલુણ અને ચીકણીમા
પીસી તેનાથી બરાબર સંધીલેપ કરવો) છેદ ખુલ્લો રાખી
કપડમટ્ટી કરી બરાબર સુકવી લેવુ પછી તેને સાધારણ ચુલા ઉ
મંદ, મધ્યમ અને તિવ્ર એ ક્રમાનુસાર ૨૪ કલાક અગ્નિ આ
અગ્નિ આપતાં છિદ્રમાંથી પ્રથમ ગંધકનો ધુમાડો થોડા કલાક
નીકળતો રહેશે ત્યારપછી ગંધકની અગ્નિ જ્વાળા જણાશે જ્યારે
અગ્નિ જ્વાળા બંધ થાય ત્યારપછી એક પ્રહર બરાબર અગ્નિ
-ડું પડવા દેવું પછી સંધીલેપ ખોલી હાંડલીના તળીયામાંથી
ચોંટેલી ભસ્મ લઇ લેવી. આ ભસ્મમાં કોઇપણ પ્રકારનો દોષ
નથી છતાં પણ તેને કુંવારનારસમાં સુરણનાકંદનારસમાં અને ચીત્ર

**ઉપયોગઃ** શૈષ્પલરસ પૌષ્ટિક અને વાતહર છે તથા અપસ્માર, હિસ્ટીરિયા, ઉદરરોગ, મગજનાંદરદો, આક્ષેપ, પાંડુ, અર્શ, ગુલ્મ, રક્તપિત્ત, ખાંસી, ક્ષય, જુનોપ્રમેહ, બરલ અને વાતવ્યાધિમાં ઘણુંજ સારૂં કામ આપે છે. મગજને માટે બહુજ હિતકારક છે તથા શીતવીર્ય હોવાથી પિત્તના પ્રકોપને શાંત કરે છે.

**માત્રાઃ** ૧ થી ૨ રતી. **અનુપાનઃ** મધ, આંમળાનોમુરબ્બો કે શતાવરીનો અવલેહ અથવા એલચી, સાકર અને ઘી કે ત્રીફળા અને ત્રિકટુ વિગેરે સાથે આપવાથી જુદા જુદા રોગો મટાડે છે.

**અપથ્યઃ** તેલ, મરચું, હીંગ, ખટાઇ અને મીઠાવાળાપદાર્થોથી દુર રહેવું.



## ત્રાંબુ (તામ્ર)

**વિવેચનઃ** ત્રાંબુ એ પ્રસિદ્ધ ધાતુ છે, પાણી ભરવાનાં વાસણો ત્રાંબાનાં રાખવાનો રિવાજ આપણા દેશમાં બહુજ પ્રચલિત છે અને તે બહુ ડહાપણભરેલો રિવાજ હોય એમ આજના વિજ્ઞાનશાસ્ત્રીઓ પણ માને છે. બજારમાંથી ત્રાંબુ શુદ્ધ અને અશુદ્ધ એમ બે પ્રકારે મળી આવે છે, નેપાળીત્રાંબુ શુદ્ધ ગણાય છે અને તે ભસ્મના કામમાં ઉપયોગી છે. હાલના સમયમાં વિજળીનાતાર માટે વપરાતું ત્રાંબુ તેમજ [illegible] માટે જે ત્રાંબુ [illegible] શુદ્ધ અને ભસ્મ કરવા માટે લેવા યોગ્ય છે.

[illegible] અનેક પ્રકારની [illegible] [illegible]

**શુદ્ધિઃ** [illegible]
[illegible]

છાશ, કાંજી ગૌમૂત્ર અને કળથીનાક્વાથમાં તપાવી તપાવીને સાત સાત વખત ઠારવાથી તેની શુદ્ધિ થાય છે.

**શુદ્ધિ પ્રકાર બીજો:** ત્રાંબાનાં પતરાંને આમલીનોક્વાથ, લીંબુનોરસ, કુંવારનોરસ, સુરણનોરસ, ગાયનુંદૂધ, નાળીયેરનુંપાણી એ દરેકમાં તપાવી તપાવીને સાત સાત વખત બુઝાવવાથી તેની શુદ્ધિ થાય છે.

**સૂચના:** ત્રાંબાની શુદ્ધિમાં કે મારણમાં કંઇપણ ન્યુનતા રહી જાય તો તે અતિશય નુકશાનકારક નીવડે છે. માટે પ્રથમ તેની બરાબર શુદ્ધિ કરી અને મારણ પણ બરાબર કરવું.

**ભસ્મ વિધી:** શુદ્ધિ કરેલા તામ્રના ભુકાને બારીક પીસી ગંધક સાથે ઘુંટી તેની કજ્જલી કરી લેવી પછી એક માટીનાવાસણમાં (હાંડલીમાં) નીચે ગંધક પાથરી તેની ઉપર તામ્રગંધકની કજ્જલી બરાબર રાખી ઉપર પણ બરાબર ગંધક ઢાંકી દેવો પછી હાંડીના મોઢાં ઉપર બંધ બેસતું થાય તેવું ઢાંકણું લઇ તેની વચ્ચે ટચલી આંગળી જાય તેવો (આશરે અર્ધોઆર જેટલો) છેદ કરી ઢાંકણું બરાબર બંધ કરી (સાંધા બરાબર બંધ કરવા માટે સિંધાલુણ અને નોકણીમાટીને પીસી તેનાથી બરાબર સંધીલેપ કરવો) છેદ ખુલ્લો રાખી સાત કપડમટી કરી બરાબર સુકવી લેવું પછી તેને આધારણ ચુલા ઉપર મંદ, મધ્યમ અને તિવ્ર એ ક્રમાનુસાર ૨૪ કલાક અગ્નિ આપવો. અગ્નિ આપતાં છિદ્રમાંથી પ્રથમ ગંધકનો ધુમાડો થોડા કલાક સુધી નીકળતો રહેશે ત્યારપછી ગંધકની અગ્નિ બળતી જણાશે જ્યારે આ અગ્નિ બળતી બંધ થાય ત્યારપછી એક પ્રહર બરાબર અગ્નિ આપી ઠંડુ પડવા દેવું પછી સંધીલેપ ખોલી હાંડલીના તળીયામાંથી તૈયાર થયેલી ભસ્મ લઇ લેવી. આ ભસ્મમાં કોઇપણ પ્રકારનો દોષ રહેતો નથી છતા પણ તેને કુંવારનારસમાં, સુરણનાકંદનારસમાં અને પીત્તપાપડા

(નીલકંઠ) રસમાં ત્રણ ત્રણ ભાવનાઓ આપી કુલ નવ ગજપુટ આપવાથી ઉત્તમ તામ્રભસ્મ બને છે.×

**તામ્રભસ્મ પ્રકાર બીજો:** શુદ્ધતામ્રનુંચૂર્ણ લઇ તેને તીલવણ (હુલહુલ) નારસમાં ઘુંટી ગજપુટ આપવો, આવી રીતે કુલ ૧૨ ગજપુટ આપવાથી ત્રાંબાની મયુરકંઠીભસ્મ તૈયાર થાય છે.

**તામ્રભસ્મની પરિક્ષા:** એક કાચના પ્યાલામાં રાત્રે થોડું દહીં લઇ તેમાં થોડી તામ્રભસ્મ નાંખી રાખી મુકવું, સવારે જોતાં તેની અંદર લીલાશપડતોરંગ થએલો જણાય તો તે ભસ્મ કાચી છે એમ સમજી તેનો ઉપયોગ ન કરતાં તેને બીજા ઉપર બનાવેલા વધારે પુટ આપી તૈયાર કરી લેવી.

**ઉપયોગ:** તામ્રભસ્મ શૂળ, જ્વર, ગુલ્મ, ક્ષય, શ્વાસ, કાસ, સંગ્રહણી, પરીણામશૂળ, પાંડુ, અર્શ, ગરલ, મુર્છા, વાતકફરોગ, કૃમિ, હેડકી વિગેરે રોગોમાં એકલી અથવા બીજા યોગો સાથે મેળવી વાપરવાથી સારો ફાયદો આપે છે.

**માત્રા:** ૧ રતી. **અનુપાન:** મધ અને પીપર અથવા સાકર કે ઘી સાથે

**અપથ્ય:** ક્રોધ, તડકો, અગ્નિપાસે બેસવું તથા ખારા અને ખટાશવાળા પદાર્થો વિગેરેનો ત્યાગ કરવો. દુધ ઘી વિગેરેનું સેવન વિશેષ પ્રમાણમાં કરવું

---

× [illegible]

## લોહ

**વિવેચન :** લોહ એ દુનિયામાં પ્રસિદ્ધ ધાતુ છે, તેને સર્વ કોઇ જાણે છે, તેનો ઉપયોગ પણ કરે છે અને તે દરેકના શરીરમાં પણ છે, પ્રાણીઓના શરીરમાં તે ન હોય તો તે શક્તિહીન ગણાય છે. બજારમાં લોહ અનેક પ્રકારનું મળે છે, વૈદ્યકશાસ્ત્રે તેમાંથી મુખ્ય ત્રણ જાતો ખાસ ગણેલી છે કાન્ત, તિક્ષ્ણ અને મુંડ; કાન્તલોહ ગાળીને સાફ કરેલું ચોખા સ્વરૂપમાં હોય અને શાસ્ત્રમાં બતાવેલી પરિક્ષા પ્રમાણે સિદ્ધ થતું હોય તેવું હાલમાં જોવામાં આવતું નથી પરંતુ કાન્તલોહની કાચીધાતુ ખાણમાંથી નીકળે છે જેને કાન્તપાષાણ કહે છે. તે હાલમાં બજારમાંથી મળે છે, તીક્ષ્ણ અને મુંડલોહ દરેક સ્થળે મળી શકે છે.

**સ્વરૂપ :** ચુંબક સ્વરૂપે અથવા તેવીજ શક્તિ ધરાવનાર જે લોહું હોય તેને કાન્ત કહે છે, હાલમાં આવુંજ કાન્ત વપરાય છે, કાન્તમાં અનેક ભેદ માનેલા છે પણ તે સઘળી જાતનું મળી આવતું હોય તેમ જણાતું નથી. રસશાસ્ત્રમાં કાન્તની પરિક્ષા માટે કહ્યું છે કે કાન્તલોહના વાસણમાં પાણી ભરી તેમાં તેલનું ટીપું નાંખવાથી તે ફેલાતું નથી, પાણીમાં હીંગ વાટી કાન્તલોહના વાસણમાં ચોપડી હોય તો તેની વાસ જતી રહે છે, કાન્તલોહના વાસણમાં કાંઠા સુધી દુધ ભરી નીચે અગ્નિ આપ્યો હોય તો દુધ ગમે તેટલું ચડે છતાં તે બહાર પડતું નથી આવી પરિક્ષાથી સિદ્ધ થાય તેવું લોહ અત્યારે જોવામાં આવતું નથી પરંતુ તિક્ષ્ણલોહ જેને પોલાદ, ક્રુક કે સ્ટીલ કહે છે તે બરાબર મળી શકે છે. બજારમાં ઘોડાછાપની રજીસ્ટર્ડ મળે છે તે ઔષધના કામમાં વાપરવા લાયક છે. મુંડ કે જેને લોઢો બીડ કહે છે તે ખાસ દવાના કામમા વપરાતું હોય તેમ જણાતુ નથી.

**શુદ્ધિ :** લોહની બરાબર શુદ્ધિ કરવાની ખાસ જરૂર છે જેથી તેની અશુદ્ધતા નીકળી જઇ તેના ગુણમાં વૃદ્ધિ થાય છે, હાલમાં જે કોઇ ધાતુઓ મળી આવે છે તે ઘણેભાગે શુદ્ધજ હોય છે પરંતુ તેની આયુર્વેદ પદ્ધતિ પ્રમાણે શુદ્ધિ કરવાથી તે વિશેષ ગુણવાન થાય છે લોહના ચૂર્ણને બરાબર તપાવીને અનુક્રમે તેલ, છાશ, ગૌમૂત્ર, કાંજી કુલથીનોકવાથ અને ત્રિફળાનોકવાથ એ દરેકમાં પાંચ પાંચ વખત હારવાથી તેની શુદ્ધિ થાય છે.

**શુદ્ધિ પ્રકાર બીજો :** લોહનાચુર્ણને ત્રીફળાનોકવાથ ગૌમુત્ર કે કેળનોરસ તે પૈકી ગમે તે એક વસ્તુમાં ચૌદ વખત હારવાથી તેની શુદ્ધિ થાય છે.

**સુચના :** લોહની શુદ્ધિ કરતી વખતે તેને પ્રવાહીમાં હારતાં તે પ્રવાહી એકદમ ઉભરાઇ તેમાંથી પુષ્કળ ધુમાડા નિકળે છે, આ ધુમાડાથી દુર રહી બરાબર સંભાળપૂર્વક તેની શુદ્ધિ કરવી, ખાસ કરીને તેલમાં હારતી વખતે તેના ધુમાડાની પુરતી સંભાળ રાખવી. આ સમયે ધુમાડોજ નહિ પરંતુ એકદમ ભડકો પણ થાય છે તે વખતે તેના માટે આજુબાજુ ગમેતે વાસણ ઢાંકી દેવું જોઇએ.

**લોહભસ્મ વિધી** શુદ્ધ કરેલ લોહચુર્ણને ખાંડી બારીક ભુકો કરી [illegible] તેને કુવારનારસમાં બરાબર ઘુટી ટીકડીઓ કરી [illegible] ગજપુટ અગ્નિ આપવો, [illegible] પ્રમાણે કુવારનારસના પચીસ ગજપુટ આપવાથી ઉત્તમ લોહભસ્મ બને છે

**લોહભસ્મ પ્રકાર બીજો** શુદ્ધ લોહનાચુર્ણને ત્રિફળાના [illegible]

**લોહભસ્મ પ્રકાર ત્રીજો:** શુદ્ધ લોહનાચુર્ણને ગૌમુત્રમાં ઘુંટી ટીકડીઓ કરી સુકવી ઉપર મુજબ ૫૦ ગજપુટ આપવાથી તેની ઉત્તમ લાલરંગની ભસ્મ થાય છે.

**વાજીકરણ લોહભસ્મ પ્રકાર ચોથો:** પોલાદ (ઉત્તમ લોહ) ચૂર્ણ તો. ૨૦, સફેદસોમલ તો. ૪, હરતાલ વરખી તો. ૪, પારદ તો. ૪, ગંધકઆમળસારો તો. ૪, રસકપુર તો. ૨. બધી ચીજો વૈદ્યક નિયમો પ્રમાણે શુદ્ધ કરેલી હોય તે લેવી જોઇએ.

**વિધી:** શુદ્ધલોહમાં સોમલ તો. ૧, રસકપુર બેઆનીભાર, ખરલમાં નાખી કુંવારનારસમા મર્દન કરી ટીકડી બનાવી સંપુટમાં બંધ કરી ગજપુટ દેવો. છાણા દરેક વખતે પાંચશેર બંગાલી વજનમાં લેવા. પછી કાઢી બારીક વાટી તેમાં હરતાલ તો. ૧ તથા રસકપુર બેઆનીભાર નાખી ઉપરની રીતે બીજો ગજપુટ દેવો. ત્રીજીવારમાં ગંધકનો ને ચોથીવારમાં પારદનો એજ રીતે ઘુંટીને ગજપુટ દેવા. રસકપુર દરેક વખતે નાખવું. આ પ્રમાણે વારાફરતી ચાર ચાર પુટ દરેકના કુંવારનારસમાં ઘુંટીને ગજપુટ દેવા. હવે ભસ્મ તૈયાર થાય ત્યારે તેને તેટલાજ વજનની બીરબુટી લાવી લોહભસ્મ સાથે કડાઇમાં નાખી મેદાનમાં ચુલાપર રાખી અગ્નિથી બાળવું અને હલાવતા જવું. તમામ બળી રાખ થાય, ભસ્મ લાલ બને ત્યારે ઠંડુ થવા દેવું. પછી ફુંક મારી રાખ ઉડાવી દેવી અને બારેવજનની ભસ્મ રહે તે ઉતારી ખરલમાં બારીક વાટી કપડછાણ કરી બાટલીમાં ભરી લેવી. આ ભસ્મ હલકી, પાણીમાં તરે એવી લાલરંગની બને છે.

**પ્રમાણ:** ૧ થી ૨ રતી. **અનુપાન:** મલાઇને માખણ સાથે.

**ઉપયોગ:** ધાતુક્ષીણતા, નબળાઇ, હસ્તદોષથી આવેલી કમજોરી, પાંડુ, અશક્તિ, ફીકાશ વગેરે મટાડી પૂર્ણ તાકાત આપે છે.

**પથ્ય:** શીરો, પુરી, રોટલી, ઘી, દૂધ, સાકર, દાળ, ભાત મરી, સિંધવ વગેરે ખવાય.

**નોંધ:** આ પાઠમાં કપુર અને રસકપુર એમ બે મત છે ગુણની નજરે કપુર ન લેતાં રસકપુર લેવું યોગ્ય છે.

ઉપરની પ્રથમની ત્રણ રીતે તૈયાર કરેલી ભસ્મને કજ્જલીના કે શુદ્ધ હીંગુલના પુટ આપવા હોય તો આપી શકાય છે, અને તે માટે ૫૦ તોલા લોહભસ્મને ૧૦ તોલા હીંગુલ કે કજ્જલી સાથે કુંવારનારસમાં ઘુંટી ટીકડીઓ કરી સંપુટમાં બંધ કરી ફક્ત એકજ ગજપુટ આપવાથી ઉત્તમ અને બળવાન ભસ્મ બની જાય છે, એ સિવાય આંબળાનારસમાં, દાડમનારસમાં અને જાંબુનારસમાં જુદા જુદા પુટ આપવાથી ભસ્મ વિશેષ ઉત્તમ બને છે. જે જે રોગ માટે ભસ્મ વાપરવાની ઇચ્છા હોય તે તે રોગ માટે ઉપર બતાવેલી ચીજોમાંથી પસંદગી કરી તેના પુટ આપવા જોઇએ. ×

**જરૂરી ખુલાસો:** મોટા શહેરોમાં લોહને સંઘાડા ઉપર ચડાવી તેનું ચુર્ણ મહેનતથી કરાવી લેવાય છે અને તે ચુર્ણની શુદ્ધિ સારી રીતે થવા શક છે માટે તે મેળવવા કોશીશ કરવી.

**ઉપયોગ:** પાંડુ, ક્ષય, નબળાઇ, વૃદ્ધાવસ્થા અર્શ, સોજા, સંગ્રહણી, પ્રમેહ, મેદરોગ, ગુલ્મ, વિષવિકાર, રક્તપિત્ત કમળો, અમ્લ. [illegible]. રક્તવિકાર, નેત્રરોગ વિગેરે મટાડી રસાયન ગુણ બતાવે છે તથા ત્રિદોષનાશક અને બળ, વિર્ય તથા આયુષ્યવર્ધક છે.

**માત્રા:** ૨ થી ૬ રતી. **અનુપાન:** મધ અને પીપર સાકર અને ઘી અથવા રોગાનુસાર.

**અપથ્ય:** [illegible], તેલ, ખટાશ, મરચાં, કારેલા [illegible] [illegible] વિગેરેથી દૂર રહેવું

[illegible]

## નાગ (સીસું)

**વિવેચન:** નાગને ગુજરાતીમાં સીસું કહે છે, બજારમાંથી તે મોટી પાટ રૂપે મળી આવે છે તે ઘણું વજનદાર હોય છે અને કાપતાં પોચું જણાય છે. સિંદુર, સફેતો, સુરમો અને બોદાર એ બધા સીસાના ક્ષાર છે. જે સીસું કાપવાથી ચમકદાર નીકળે, ઉપરથી કાળું અને વજનમાં ભારે હોય, તે દવા માટે ઉત્તમ છે.

**શુદ્ધિ:** સીસાને લોઢાના વાસણમાં મૂકી અગ્નિ ઉપર ગરમ કરવું જ્યારે તેનો રસ થાય ત્યારે તેને તેલ, છાશ, ગૌમૂત્ર, કાંજી અને કળથીનાક્વાથમાં અનુક્રમે સાત સાત વખત ઠારવાથી તેની શુદ્ધિ થાય છે. શુદ્ધ કરતાં સીસું ખુબ ઘટી જાય છે.

**શુદ્ધિ પ્રકાર બીજો:** સીસાને ગરમ કરી તેનો રસ થયા પછી તેને આકડાનુંદુધ, ત્રીફળાનોક્વાથ અને કુંવારનારસમાં સાત સાત વખત ઠારવાથી તેની શુદ્ધિ થાય છે.

**નાગભસ્મ વિધી:** શુદ્ધસીસાને કડાઇમાં નાંખી અગ્નિ ઉપર મૂકી તપાવવું, રસ થાય ત્યારે તેમાં આકડાનાંફુલ નાંખતા જવું અને આકડાનાડંડાથી હલાવતા જવું જેથી તેની બારીક ભસ્મ થઇ જશે, ભસ્મ થયા બાદ એકાદ દિવસ ચુલાપર તપાવવા દેવું પછી તેને ઠંડી થયા બાદ કપડછાણ કરી તેમાં આઠમે ભાગે શુદ્ધમનશીલ નાંખી લીંબુનારસમાં ઘુંટી ટીકડીઓ કરી સુકવી સંપુટમાં મૂકી હલકો પુટ આપવો, આ પ્રમાણે કુલ ૫૦ પુટ આપવાથી ઉત્તમ નાગભસ્મ બને છે, સીસાને હમેશાં ગજપુટ હલકો આપવાથીજ તેની ભસ્મ બને છે તે ધ્યાનમાં રાખવું.

**નાગભસ્મ પ્રકાર બીજો:** ઉપરની વિધી અનુસાર કડાઇમા ભસ્મ કર્યાં પછી તે ભસ્મને વડનાપાનનારસમાં ઘુંટી ટીકડીઓ

બનાવી સુકવી સંપુટમાં મૂકી નાના નાના પચીસ ગજપુટ આપવાથી ઉત્તમ ભસ્મ થાય છે, ભસ્મનો રંગ ઘણેભાગે પીળો કે લાલાશ પડતો હોય છે.

**નાગભસ્મ પ્રકાર ત્રીજો:** કડાઇમાં શુદ્ધસીસું નાખી તેને કેવડાના ડંડાથી ઘુંટતાં લાલભસ્મ થઇ જશે, ભસ્મ થયા બાદ તેને બે દિવસ ખુબ તાપ આપવો. પછી તેમાં ચોથા ભાગે મનશીલ નાંખી અરડુસીનાપાનનારસમાં ઘુંટી હલકો પુટ આપવો પછી બીજા પુટ વખતે આઠમા ભાગે અને ત્રીજા પુટથી દરેક વખતે સોળમાં ભાગે મનશીલ લઇ ઉપર પ્રમાણે કુલ ૬૦ પુટ આપવાથી ઉત્તમ નાગભસ્મ બને છે. આ વિધીમાં થોડાક વાસાના તથા વડનીજટાના પુટ આપ્યાબાદ કુંવારના પુટ પણ ચાલી શકશે.

**સુચના:** નાગભસ્મ બહુ ઉપાધીવાળી વસ્તુ ગણાય છે, તેમાં [illegible] ખામી હોય તો તે હાનીકારક નીવડે છે માટે તેને સંભાળીને [illegible] ભસ્મ કર્યાબાદ વાપરવી જોઇએ. ઘણેભાગે નાગભસ્મ એકલી નહિ [illegible] બીજી દવાઓની સાથે વપરાય તે વધુ ઉત્તમ છે.

**ઉપયોગ:** વાતવ્યાધિ, કફવ્યાધિ, ગુલ્મરોગ, શૂળ, પ્રમેહ, [illegible] મધુમેહ [illegible] ખામી વિષવિકાર, શ્વાસ, કૃમિ, મંદાગ્નિ, પાંડુ, [illegible] [illegible] [illegible] હૃદ્રોગ વિગેરે મટાડે છે.

**માત્રા:** ૧ થી ૨ રતી **અનુપાન:** મધ અને માખણ [illegible]

---

## કલાઈ (બંગ)

**વિવેચન:** [illegible]

મિશ્રકલઇ કહે છે જ્યારે શુદ્ધકલઇને ખુર કહે છે તે નરમ, શ્વેત અને મૃદુ હોય છે, આવી કલઈ દવાના કામમાં વાપરવી જોઇએ.

**શુદ્ધિ:** કલઇને એક વાસણમાં નાંખી અગ્નિ ઉપર મૂકી તપાવવાથી તે તરત પીગળી જાય છે તે પીગળેલી કલઇને તેલ, છાશ, ગૌમુત્ર, કાંજી અને કુલથીના ક્વાથમાં અનુક્રમે ત્રણ ત્રણવાર તપાવી રસ કરી હારવાથી તેની શુદ્ધિ થાય છે.

**શુદ્ધિ પ્રકાર બીજો:** નગોડનારસમાં હળદરનુંચૂર્ણ નાંખી તેમાં કલઇ રેડવાથી તેની શુદ્ધિ થાય છે, આ ક્રિયા ત્રણ વખત કરવી જોઇએ.

**સાવચેતી:** કલઇનોરસ કોઇપણ પ્રવાહીમાં નાખતાંજ બહુ અવાજ કરી ઉડે છે અને ઘણી વખતે હુશીયારી ન રાખતાં ભયંકર પરિણામ આવે છે માટે લાંબી સાણુરી લઇ દુર ઉભા રહીને જે વાસણમાં રસ રેડવાનો હોય તે વાસણના મોઢા ઉપર લગભગ અર્ધથી એક મણ વજનનો ઘંટીનો નીચેનો પડ મુકી દેવો જોઇએ અને તેના છેદ દ્વારા એ કલઇનોરસ રેડવો, આ છેદ બહુ નાનું હોવું જોઇએ કે જેથી ઉડવાનો ભય રહે નહિ.

**ભસ્મ વિધી:** લોઢાનીકડાઇને ચુલે ચઢાવીનેમાં કલઈ નાંખી લોઢાના તાવેથાથી હલાવતા જવું, તેમાં ખાખરાનાંફુલ (પલાશપુષ્પ) થોડાં થોડાં નાખતા જવું અને હલાવતા જવું આ પ્રમાણે શેર કલઇમાં અર્ધો શેર પુષ્પ નાખતાં લગભગ પાંચ ૭ કલાકે ભસ્મ થઇ જશે. ચુલામાં તાપ ઘણોજ સારો રાખવો જોઇએ. આ પ્રમાણે ભસ્મ થયા બાદ, નિત્ર અગ્નિપર ચોવીસ કલાક મુકી દેવી, પછી ને ઠરી જાય ત્યારે તેને ઉતારી કપડછાણ કરી કુંવારનારસમાં ભાવના દઇ તેની બે તોલાની ટીકડીઓ બનાવી નડકામાં ખુબ સુકાવી લેવી

બરાબર સુકાઈ જાય ત્યારે પચીસથી પચાસ છાણાંનો હલકો અગ્નિ આપવો, આ પ્રમાણે બે થી પાંચ પુટ આપવાથી સુંદર શ્વેતરંગની ભસ્મ બની જશે.

**બંગભસ્મ પ્રકાર બીજો :** કડાઈમાં કલઈ નાંખી ગરમ કરી તેમાં અધાડાનુંપંચાગ અથવા અજમો કે આંબલીનીછાલ થોડું થોડું નાંખતા જવું અને હલાવતા જવું. ધીમે ધીમે હલાવતાં ભસ્મ થઇ જાય ત્યારે તેને ઠંડી થવા દઇ કપડછાણ કરી લેવી, કપડછાણ કરેલી ભસ્મ જો એક શેર હોય તો તેમાં ૦ા શેર શુદ્ધહરતાલ નાંખી કુંવારનારસમાં ઘુંટી નાની ટીકડીઓ કરી સુકવી સંપુટમાં બંધ કરી દસશેર પીપળાનીછાલ વચ્ચે સંપુટ રાખી આંચ આપવાથી ભસ્મ થશે આ પ્રમાણે દસ પુટ આપવા જોઇએ. દરેક વખતે હરતાલ નાખતા જવું જોઇએ જેથી ઉત્તમ ભસ્મ થાય છે. આ ભસ્મ કાળી બને છે.

**બંગભસ્મ પ્રકાર ત્રીજો:** કડાઇમાં કલઇ નાખી ગરમ કરી તેમાં પીપળાની અને આંબલીનીછાલનું મિશ્રણ (ચુર્ણ) થોડું થોડું નાખતા જવું અને હલાવતા જવું ભસ્મ થયા બાદ કપડછાણ કરી [illegible] તેમાં તેટલીજ હરતાલ નાખી લીંબુનારસમાં ઘુંટી ટીકડીઓ કરી [illegible] પુટ આપવા એવા કુલ દશ પુટ આપવા. [illegible] વખત હરતાલ [illegible] દસમા ભાગે લેવી જોઇએ. [illegible]

ગુણ: [illegible] મુત્ર, [illegible] અને [illegible]

[illegible]

## જસત

**વિવેચન :** બજારમાંથી જસતની મોટી તેમજ લાંબી કે ચોરસ પાટ મળી આવે છે તેને કાંપતાં રંગે સફેદ અને ચકચકતું દેખાય છે. તેમાં જો મોટા મોટા દાણા હોય અને વજનમાં ભારે હોય તો તે ચોકખી અને ઉત્તમ જસત ગણાય છે, અને તે દવાના તથા અંજનના કામમાં વાપરવા યોગ્ય છે.

**શુદ્ધિ :** જસતને એક લોઢાનાં વાસણમાં ચુલા પર મુકી ગરમ કરવું, રસ થાય એટલે તેને તેલ, છાશ, ગૌમુત્ર કુલથીનોક્વાથ અને કાંજી વિગેરેમાં અનુક્રમે ત્રણ ત્રણ વાર ઠારવાથી તેની શુદ્ધિ થાય છે. શુદ્ધ કરતાં જસત પણ ઘટી જાય છે.

**શુદ્ધિ પ્રકાર બીજો:** જસતનારસને એકવીસવાર દુધમાં ઠારવાથી તેની શુદ્ધિ થાય છે.

**સૂચના:** જસતની શુદ્ધિ કરતી વખતે તે બંગની માફક ઉડે છે માટે બંગમાં બતાવેલી રીતે પ્રમાણે તેની શુદ્ધિ કરતાં સંભાળ રાખી શુદ્ધિ કરવી જોઈએ, શુદ્ધિ કરતી વખતે જસતનો મેલ (ભસ્મનારૂપમાં બળેલો જસતનો ભુકો) બહુજ છુટો પડતો જાય છે તેને ફેંકી ન દેતાં બરાબર તાપ આપી, ઓગાળી સાફ કરી શુદ્ધ કરી ભસ્મ બનાવવાના કામમાં લઇ લેવો (જસતના મેલના ભુકામાં નવસાર તથા સાજી થોડો થોડો મેળવી ગરમ કરવાથી તેમાંથી જસત છુટું પડે છે.)

**ભસ્મ વિધી:** લોઢાનીકડાઈમાં શુદ્ધજસત નાંખી તેને ચુલાપર મુકી તાપ આપી પીગળાવી તેનો રસ કરવો. તેને લીંબડાના દાંડાથી ધીમે ધીમે હલાવતા જવું અને તેમાં ખસખસના ડોડવાનુંચૂર્ણ અને આમલી સમભાગે કરેલું મિશ્રણ નાખતા જવું. ચાર છ કલાક સતત અગ્નિ આપવો એમ સાત દિવસ આ ક્રિયા કરવાથી ... ભસ્મ તૈયાર થશે. તેને ... તાપ ઉપર રહેવા દેતાં પીળાશયુક્ત રંગની

ભસ્મ તૈયાર થશે તે ભસ્મને ઠંડી થયા પછી કપડછાણ કરી તેને દહીંની મલાઈમાં ઘુંટી ટીકડીઓ બનાવી સુકવી સંપુટમાં બંધ કરી ગજપુટ અગ્નિ આપવો. આ પ્રમાણે દહીંની મલાઈના અને કુંવારનારસના દસ દસ ગજપુટ આપવાથી ઉત્તમ પ્રકારની ખુલતા પીળારંગની જસતભસ્મ તૈયાર થશે. ક્યારે લાલરંગની થાય છે.

**ગુણ:** ગર્ભાશયમાંથી થતા શ્રાવને અટકાવનાર અને શરીરમાં જીવન લાવનાર છે. પ્રદરરોગમાં તેનો સારો ઉપયોગ થાય છે. ઠંડી હોવાથી તે પ્રમેહ, પાંડુ, આંખનાંદરદોમાં વાપરવી ફાયદાકારક છે અને હિસ્ટીરિયા, અપસ્માર, વાતવ્યાધિ, નેત્રરોગ વિગેરે માટે સારો ફાયદો આપે છે અને પૌષ્ટિક છે.

**પ્રમાણ:** ૧ રતીભાર, માખણ કે મધ સાથે.

**પથ્ય:** સાદો ખોરાક લેવો. ગરમ પદાર્થો ન લેવા જોઈએ. પૌષ્ટિક પદાર્થો લેવાની જરૂર છે.

## કાંસુ (કાંસ્ય)

**વિવેચન:** કાંસુ એ મિશ્ર ધાતુ છે તેની બનાવટ તાંબુ [illegible] અને [illegible] એ ભાગ ભેગાં કરવામાં આવે છે. [illegible] ઉત્તમ [illegible] છે. બીજાં અસાફલ્યાણ, સોમળ [illegible] અને [illegible] કાંસુ [illegible] માટે ઉત્તમ છે.

**શુદ્ધિ:** [illegible]

**ભસ્મ વિધી:** [illegible]

**કાંસ્યભસ્મ પ્રકાર બીજો:** જવખાર, સાજીખાર ટંકણખાર અને પંચલવણ એ સર્વને લીંબુનારસની અંદર ખુબ ઘુંટી તેનો કાંસાના પતરાંપર લેપ કરી સંપુટમાં બંધ કરી ગજપુટ આપવો. આવા પાંચ ગજપુટ આપવાથી તેની ઉત્તમ ભસ્મ થાય છે.

**સૂચના:** કાંસાની શુદ્ધિ તથા ભસ્મ પિત્તળ પ્રમાણે પણ થઇ શકે છે.

**ગુણ:** કફને કાઢનાર, આંખને હિતકારક તેમજ કૃમિ, કુષ્ટ, વાતપિત્ત વિગેરે વ્યાધિઓમાં ફાયદાકારક છે. અગ્નિ પ્રદિપ્ત કરનાર અને ઉષ્ણવિર્ય છે.

**માત્રા:** ૨ રતી. **અનુપાન:** મધ.

## પિત્તળ

**વિવેચન:** પિત્તળ એ મિશ્ર ધાતુ છે, અને તે તાંબા તથા જસતની મેળવણીથી થાય છે, જે પિત્તળ સોનાના રંગ જેવું હોય તે દવાના કામમાં ઉત્તમ સમજવું. પિત્તળનાં બારીક પતરાં બજારમાં તૈયાર મળે છે તે અથવા તેના બારીકતાર મળે છે તે ઔષધના કામ માટે વાપરવા યોગ્ય છે.

**શુદ્ધિ:** પ્રથમ પિત્તળનાં બારીક પતરાં લઇ તેને ગૌમૂત્રમાં એક પ્રહર સુધી ખુબ ઉકાળી લેવાં ત્યારબાદ તેને તપાવી તેલ, છાશ, કાંજી, ગૌમૂત્ર અને કળથીનાક્વાથમાં ત્રણ ત્રણવાર ઠારવાથી તેની શુદ્ધિ થાય છે.

**શુદ્ધિ પ્રકાર બીજો:** પિત્તળનાં પાતળાં પતરાંને તપાવી નગોડનાસ્વરસમાં સાત વખત ઠારવાથી કે નગોડનાસ્વરસમાં હીમજનું (નાની હરડે) ચૂર્ણ નાખી તેમાં એક પ્રહર બાફવાથી તેની શુદ્ધિ થાય છે પછી તેને ગરમપાણીથી ધોઇ સાફ કરી લેવાં.

**ભસ્મ વિધી:** પિત્તળના પતરાંના વજન પ્રમાણે મનશીલ તથા ગંધક લઇ તેને લીંબુનારસમાં વાટી પતરાં ઉપર ચોપડી સંપુટમાં બંધ કરી ગજપુટ આપવો, એવા આઠ ગજપુટ આપવાથી તેની ઉત્તમ ભસ્મ થાય છે.

**પિત્તળભસ્મ પ્રકાર બીજો:** પિત્તળના પતરાં લઇ તેના સમભાગે ગંધક લેવો, ગંધકને આકડાનાદૂધમાં ઘુંટી પતરાં ઉપર લેપ કરી સંપુટમાં બંધ કરી ગજપુટ આપવાથી તેની ઉત્તમ ભસ્મ થાય છે.

**ઉપયોગ:** પિત્તળનીભસ્મ પ્રમેહ, વાયુ, રક્તવિકાર, મંદાગ્નિ, [illegible]ત્તકુષ્ટ, અર્શ, સંગ્રહણી, પાંડુ, શ્વાસ અને શૂળનો નાશ કરે છે.

**માત્રા:** ૧ રતી. **અનુપાન:** મધ કે ઘી સાથે.

## પંચધાતુ

**વિવેચન:** ત્રાંબુ, જસત, સીસું, પિત્તળ અને કાંસુ એ પાંચે ધાતુને સમભાગે લઇ તપાવી મીશ્ર કરવાથી જે ધાતુ તૈયાર થાય છે તેને [illegible] અથવા પંચધાતુ કહે છે તેનાં પતરાં બનાવી બીજી ધાતુની માફક તેની ભસ્મ બનાવી દવામાં વપરાય છે.

**શુદ્ધિ:** [illegible] તેની શુદ્ધિ થાય છે

**ભસ્મ વિધી:** [illegible] લેપ કરી સંપુટમાં [illegible] તેની ભસ્મ [illegible]

**ઉપયોગ:** [illegible]

**માત્રા:** [illegible] **અનુપાન:** ઘી [illegible]

## ઉપધાતુ

આથી પહેલાં જણાવવામાં આવ્યું છે કે સાત ધાતુઓ આયુર્વેદમાં મુખ્ય ગણાય છે, તેવીજ રીતે સાત ઉપધાતુઓ પણ મુખ્ય ગણાય છે. અને તેનો ઉપયોગ ધાતુની અવેજીમાં કોઇ કોઇ સ્થળે કરવામાં આવે છે. જેવી રીતે મોટા અમલદારની ગેરહાજરીમાં તેના હાથ નીચેનો અમલદાર કામ ચલાવી આપે છે તેવી રીતે ધાતુઓના સ્થાનમાં ઉપધાતુઓવડે કામ લઇ શકાય છે, સોનાની અવેજીમાં સુવર્ણમાક્ષિક, ચાંદીની અવેજીમાં રૌપ્યમાક્ષિક, તામ્રની અવેજીમાં મોરથુથુ, કલાઇની અવેજીમાં ખાપર, સીસાની અવેજીમાં સિંદૂર, જસતની અવેજીમાં ખાપરીયું તેમજ લોઢાની અવેજીમાં મંડુર આ પ્રમાણે સાત ધાતુઓમાં સાત ઉપધાતુઓ એક બીજાનું કામ ચલાવી આપે છે જેથી ધાતુઓની માફક ઉપધાતુઓની પણ બરાબર શુદ્ધિ અને તેનું મારણ કરી લઇ કામમાં લેવી જોઇએ.

## સુવર્ણમાક્ષિક (સોનામાખી)

**વિવેચનઃ** સુવર્ણમાક્ષિક બજારમાં ઘણી જાતનું મળે છે. તેમાંથી ખરૂં ખોટું ઓળખીને બધા વૈદો વાપરતા હશે કે કેમ તે વાત શંકાસ્પદ છે, કારણકે બજારમાં રૌપ્યમાક્ષિક અને કાંસ્યમાક્ષિક ઘણેભાગે વેપારીઓને ત્યાં મળતુ જણાય છે. સુવર્ણમાક્ષિકના મોટા પીળાશવાળા ગાંઠયુક્ત, ચકચકીત ટુકડા આવે છે તે ખરૂં સુવર્ણમાક્ષિક છે, તેને હાથ લગાડવાથી કે જરા ઘસવાથી તેનો કાળાશવાળો રંગ દેખાય છે અને તેમાં મુખ્યત્વે ગંધક અને લોઢાનો તથા તાંબાનો અંશ હોય તેમ જણાય છે. જ્યારે રૌપ્ય અને કાંસ્યમાક્ષિક બજારમાં નાના નાના ચળકાટ આપી ચમકવાળા, ભૂખરી કે રૂપેરીરંગના જે કકડા મળે છે તે છે તેના ગુણમાં અને સુવર્ણમાક્ષિકના ગુણમાં અત્યન્ત ફેરફાર છે.

માટે પુર્ણ ખાત્રી કરી સુવર્ણમાક્ષિક મેળવીનેજ વાપરવી. ઘણી જગાએ સુવર્ણભસ્મના અભાવે સુવર્ણમાક્ષિકભસ્મ વપરાતું હોય એમ જોવામાં આવે છે પણ તે બરાબર નથી.

**શુદ્ધિ:** સુવર્ણમાક્ષિકના કકડા લાવી તેને ખાંડી ઝીણો ભૂકો કરી તેમાં તેનાથી ત્રીજાભાગે સિંધાલુણ મેળવી લીંબુનારસમાં ઘુંટી લોઢાની કડાઇમાં નાંખી નીચે ખુબ તાપ કરવો અને લોઢાની કડછીથી હલાવતા જવું. તપીને ખુબ લાલ થાય એટલે નીચે ઉતારી લેવું. આ માક્ષિક શુદ્ધ ગણાય છે.

**શુદ્ધિ પ્રકાર બીજો:** સુવર્ણમાક્ષિકનો બારીક ભૂકો કડાઇમાં નાખી ચુલે ચડાવો અને તેને ખુબ અગ્નિ આપવો. તેમાં અનુક્રમે લીંબુનારસ, દુધ, ઘી, એરંડીયુતેલ વગેરે વારાફરતી નાંખતા જવું અને હલાવતા જવુ જેથી સુવર્ણમાક્ષિકની ઉત્તમ પ્રકારે શુદ્ધિ થાય છે. [illegible] ક્રિયામાં તાપ ખુબ કરવો જોઇએ, શોધન કરવાનું સ્થાન મકાનથી [illegible] જુદું હોવું જોઇએ કેમકે તેમાં ગંધકનોભાગ હોવાથી ધુમાડો [illegible] નિકળે [illegible] અને ગંધકનો ધુમાડો આસપાસ જવાથી [illegible] કરી [illegible] ઉપદ્રવ કરી આપે છે માટે [illegible]

**ભસ્મ વિધી:** શુદ્ધ કરેલ સુવર્ણમાક્ષિકના બારીક ચુર્ણને [illegible] અથવા આકડાનાદુધમાં [illegible]

**સુવર્ણમાક્ષિકભસ્મ પ્રકાર બીજો:** [illegible]

થોડો નાખતાં જવું અને લોઢાના તવેતાથી ઘુંટતા જવું આ પ્રમા
બે પ્રહર સુધી કરવાથી સુવર્ણમાક્ષિકની લાલરંગની ભસ્મ થઇ જશે

**ઉપયોગ:** પાંડુ, કમળો, હલીમક, વાતપિત્ત, સ્ત્રીરો
મૂત્રરોગ, નબળાઇ, સોજા, નેત્રરોગ, કુષ્ટ, અર્શ જીર્ણપ્રમેહ વિગેરે
સુવર્ણમાક્ષિક ફાયદાકારક છે. તેનો મુખ્ય ગુણ શોધક અને પૌષ્ટિક
તેમજ સ્ત્રીયોના ગર્ભાશયને તાકાત આપે છે.

**માત્રા:** ૨ રતી. **અનુપાન:** ત્રિફળા, કડુ, સાકર,
અથવા ઘી પૈકી ગમે તે રોગાનુસાર.

## રૌપ્યમાક્ષિક

**વિવેચન:** રૌપ્યમાક્ષિક એ ચાંદીની ઉપધાતુ ગણાય
બજારમાંથી તે નાના નાના ટુકડા રૂપે મળી આવે છે, રંગે
સફેદ અને ચમકદાર પાસા હોય તેવું રૌપ્યમાક્ષિક જોઇ દવાના કા
વાપરવું જોઇએ.

**શુદ્ધિ:** એક શેર રૌપ્યમાક્ષિક લાવી તેને ખાંડી ભૂકો
લેવા પછી તેને લોઢાની કડાઇમાં નાંખી તેમાં અર્ધોશેર સિંધ
અને દોઢશેર એરંડીયું તેલ નાંખી ચુલે ચડાવી નિચે તાપ
અને કડછીથી હલાવતા જવું, જ્યારે એરંડતેલ બળી જાય
ત્રિફળાનોક્વાથ શેર ૧॥ નાંખી તાપ આપી પકવી લેવું. ત્યારબાદ
ભાંગરાનોરસ શેર ૧॥ નાંખી બાળી લેવું, છેવટે લીંબુનોરસ શેર
નાખી પકવી લેવુ જ્યારે તે પણ સુકાઇ જાય એટલે એક
(ત્રણ કલાક) સુધી ખુબ નિવ્ર અગ્નિ આપી ઠંડુ થયા પછી તેને

*સુવર્ણમાક્ષિકની શુદ્ધિ અને ભસ્મ વિધી પ્રમાણે રૌપ્ય
માક્ષિકની અને રૌપ્ય અને તારમાક્ષિક પ્રમાણે સુવર્ણમાક્ષિક
શુદ્ધ અને ભસ્મ થઇ શકે છે.

**ભસ્મ વિધી:** સુવર્ણ અને રૌપ્યમાક્ષિક પ્રમાણે.

**ઉપયોગ:** પ્રમેહ, અરૂચી, પાંડુ, સંગ્રહણી, સોજા, ક્ષય અને વૃદ્ધાવસ્થાને મટાડનાર છે.

**માત્રા: અનુપાન:** સુવર્ણ અને રૌપ્યમાક્ષિક પ્રમાણે.

## મોરથુથો

**વિવેચન:** મોરથુથો એ ત્રાંબાનો ક્ષાર છે, તે પ્રચલિત વસ્તુ છે, બજારમાંથી તેના આસમાનીરંગના કટકા પાસાદાર રૂપમાં મળી આવે છે. મોરથુથું પરદેશથી આવે છે.

**શુદ્ધિ:** મોરથુથાને બારીક વાટી ખરલમાં નાંખી લીંબુનારસમાં ત્રણ દિવસ ઘુંટી ટીકડી કરી સુકવી પછી તેને તવાપર મુકી ફુલાવી લેવું અથવા સંપૂટમાં બંધ કરી હલકો પૂટ આપવાથી તેની શુદ્ધિ થાય છે.

**શુદ્ધિ પ્રકાર બીજો:** મોરથુથાને કાંજીમાં ઉકાળી સુકવી લેવું પછી તેના ઝીણા ટુકડા કરી કપડાની પોટલીમાં બાંધી દોલાયંત્રમાં ગાય, ભેંસ અને બકરીનામુત્રમાં ત્રણ પ્રહર સુધી બાફ આપવાથી તેની શુદ્ધિ થાય છે પછી તેને લીંબુનારસમાં ઘુંટી સુકવી તવાપર સેકી લેવું.

**ભસ્મ વિધી:** ગંધક તો. ૨, ટંકણ તો. ૨, મોરથુથુ તો. ૮ સર્વ સાથે મેળવી લીંબુનારસમાં બરાબર ઘુંટી શરાવસંપુટમાં બંધ કરી કુકુટ-પુટ આપવો, આ પ્રમાણે કુલ ત્રણ પૂટ આપવાથી તેની ઉત્તમ ભસ્મ થાય છે. (દરેક વખતે ટંકણ અને ગંધક નવું લેવું અને લીંબુનારસમા ઘુટવુ.)

**ઉપયોગ:** વાયુ, કફ, પિત્ત, વિષવિકાર, છાતીનારોગ, શૂળ, કોઢ, જ્વર, અમ્લપિત્ત, મળબંધ, ચૂક વિગેરે મટાડે છે. ઉર્ધ્વાંતિસાર

રક્તાતિસાર અને સંગ્રહણીમાં મોરથુથુ ખાસ ઉપયોગી છે. દાંતનુંદર્દ, અપસ્માર, હિસ્ટીરીયા વિગેરેમાં સારો ફાયદો કરે છે. દાંતના મંજનમાં, ત્વગદોષ મારેના મલમમાં તેમજ આંખમાં ટીપાં નાખવા માટે અને મુખપાક તથા દંતશૂળમાં ખાસ કરીને તેનો ઉપયોગ થાય છે. ઉલટી કરાવવાનો તેમાં સ્વાભાવિક ગુણ છે એટલે કોઇપણ પ્રકારનુંઝેર ચઢેલું હોય ત્યારે આપવાથી જલદી ઉલટી થાય છે.

**માત્રા:** પૌષ્ટિક અને સ્થંભક તરીકે ૧ ગ્રેન, ઉલટી માટે ૬ ગ્રેન. **અનુપાન:** રોગાનુસાર.

## સિંદુર

**વિવેચન:** સિંદુર એ બજારમાંથી લાલરંગના ચીમાવાળા ભૂકાના રૂપમાં તૈયાર મળે છે. સિંદુર એ સીસાની ઉપધાતુ છે અને તેની [illegible] થાય છે, આયુર્વેદમાં તેનો ઉપયોગ મલમ વિગેરે [illegible] વિશેષ પ્રમાણમાં થતો જોવામાં આવે છે [illegible] તેને તેલ સાથે મેળવી હનુમાન વિગેરે દેવ દેવતાઓની [illegible] ઉપયોગ કરે છે

**શુદ્ધિ:** સિંદુરને લીંબુનારસમાં [illegible] દિવસ સુધી [illegible]

**ઉપયોગ:** [illegible] સિંદુરનો ઉપયોગ [illegible]

[illegible]

## ઓદાર

**વિવેચન :** ઓદાર એ સીસાનો ક્ષાર છે, બજારમાંથી તે સુખરા વજનદાર અને ચળકતા પથરા (કાંકરા)ના રૂપમાં મળી આવે છે.

**શુદ્ધિ :** ઓદારની શુદ્ધિ લીંબુનારસમાં ત્રણ દિવસ સુધી ખરલ કરવાથી થાય છે.

**ઉપયોગ :** નબળા માણસોને અને બાળકોને જુલાબ આપવા માટે ઓદારનો ઉપયોગ કરવામાં આવે છે, તેનાથી પેટનોભાર નીકળી જઇ પેટ હલકું થાય છે અને પેટમાં ધૂળ વિગેરેનો જમાવ હોય તે નીકળી જાય છે, તે સિવાય ઓદાર લગાડવાના કામમાં પણ વપરાય છે. તેનાથી ઠંડક થઇ વ્રણ જલદી રૂઝાય છે, રોપણ તરીકે ઓદારનો મલમ કે તેને ઘસીને લગાડવામાં આવે છે.

**માત્રા :** ૧ વાલ. **અનુપાન :** પાણી.



## ખાપરીયું (રસક)

**વિવેચન :** આયુર્વેદમાં ખર્પર બે પ્રકારનું બતાવેલું છે, એક દર્દુર અને બીજું કારવેલ્લક, સત્વ કાઢવા માટે દર્દુર અને દવા માટે કારવેલ્લક શ્રેષ્ટ ગણાય છે, હાલમાં શાસ્ત્રમાં લખેલું ખાપરીયું મળતું હોય તેમ જણાતું નથી. પરંતુ બીજા દેશોમાંથી તપાસ કરતાં શાસ્ત્રને મળે તેવા લક્ષણોવાળું ખાપરીયું મળવા લાગ્યું છે, પરંતુ તેને માટે હજી વિદ્વાનોમાં જુદા જુદા મત ચાલી ગયા છે. બજારમાંથી જે ખાપરીયું મળે છે તે તો કોઇપણ રીતે માન્ય હોય એમ અમે કહી શકતા નથી પરંતુ તપાસને અંતે વિદ્વાનોએ એ નિર્ણય કર્યો છે કે અંગ્રેજીવૈદકમાં જેને 'કેલેમિના પ્રેપેરેટા' કહે છે, જેની ઉત્પત્તિ જસતનીખાણમાંથી થાય છે અને ખાપરીયું એ જસતની ઉપધાતુ

સારો ફાયદો થાય છે. ખાપરીયાનો ઉપયોગ આંખનાંદરદોમાં પ્રસિદ્ધ છે તેનાથી ઝામર, ફુલું, આંખનીગરમી, ખીલ, રતાંધળાપણું ઝાંખ વિગેરે મટી આંખની રોશની વધે છે. આ ખાપરીયાને અમોએ આંખને માટે વાપરી કંઇપણ ખાસ અનુભવ મેળવેલો નથી.

**માત્રા:** ૧ વાલ. **અનુપાન:** રોગાનુસાર જુદી જુદી દવાઓ સાથે ખાવાના અને ચોપડવાના કામમાં વપરાય છે.

**સૂચના:** કેટલીક જગાએ મોરથુથાના એક ભેદને ફલખાપરીયું નામ આપી ખાપરીયાની જગાએ ગ્રહણ કરવામાં આવે છે પરંતુ આ બદલ હજી મતભેદ હોવાથી તે સંબંધી કંઇપણ નિર્ણય ન થાય ત્યાંલગી ખાપરીયાની જગાએ વાપરવું અમને યોગ્ય લાગતું નથી. કેટલીમીનાને શુદ્ધ કર્યા વગર પણ ઘણા વાપરે છે.

## મંડુર

**વિવેચન:** જ્યાં લોઢું ગાળવાની ભઠી હોય ત્યાં લોઢું ગાળ્યા પછી બાકીની વસ્તુ જે ફેંકી દેવામાં આવે છે તેને મંડુર-લોહકીટ વિગેરે કહે છે, જેવા લોઢામાંથી મંડુર કાઢવામાં આવે તેવાજ ગુણ મંડુરમાં હોય છે, મંડુર ઓછામાં ઓછો સો વર્ષથી વધુ મુદતનો જુનો હોય તેજ દવામાં વાપરવો શ્રેષ્ટ ગણાય છે. આવો મંડુર હિંદુસ્તાનના દરેક ભાગોમાંથી મળી આવે છે.

**સ્વરૂપ:** મંડુરના નાના મોટા કાળારંગના એક બાજુએ ચમકદાર અને એક બાજુએ ખરબચડા પથરા કે કાંકરા ખાનુમાંથી કે ગામના પાદરમાંથી મળી આવે છે, વજનમાં ભારે તથા કાળો હોય તે મંડુરભસ્મ કરવાને માટે ઉત્તમ ગણાય છે.

**શુદ્ધિ:** મંડુરને તપાવી તપાવીને ગૌમૂત્રમા દસ-વીસવાર ઠારવાથી તે શુદ્ધ બને છે.

કાળો, ચળકાટયુક્ત, તદ્દન સ્વચ્છ તેમજ ગૌમૂત્ર જેવી ગંધવાળો હોય તે દવાના કામમાં ઉત્તમ જાણવો, કપુરગંધી અને ગૌમૂત્રગંધી એમ બે જાતનો શીલાજીત આયુર્વેદમાં બતાવેલો છે.

**બનાવટ:** હિમાલય તરફના ભાગોમાં શીલાજીતના પથ્થર બહુ મોટા પ્રમાણમાં મળી આવે છે તે લાવી ભાંગી ભુકા જેવું કરી એકદમ ખળખળતા ગરમપાણીમાં નાંખી હલાવી ૨૪ કલાક પછી ઉપરનું પાણી લઇ એને ચોવડા કપડામાં ગાળી લેવું બનેતો એવી રીતે બીજીવાર ચોવીસ કલાક રહીને ગાળી લેવું પછી તે પાણીને ધીમે તાપે ગરમ કરી જાડું કરી લેવું, પછી તડકે સુકવી એકદમ જાડું થાય ત્યારે ઉતારી [illegible] આ પ્રમાણે શીલાજીત બનાવી ઘણું વેપારીઓ વેચી [illegible] છે અને તે શુદ્ધ હોય છે પરંતુ તેમાં અન્ય કંઇ મીલાવટ થાય તો તે દવા માટે યોગ્ય નથી. **પરિક્ષા:** જે શીલાજીત અગ્નિમાં નાખવાથી મુદ્દલ ધુમાડો કરે નહિ તેમજ ગોળાકાર થઇ જાય અને પાણી ઉપર મુકતાં સેરડા છુટે તે શીલાજીત [illegible] ગણી શકાય.

**શુદ્ધિ:** શીલાજીતને ગાયનાદુધની, ત્રિફળાના ક્વાથની, ભાંગરાના [illegible] અને ગૌમૂત્રની એકેક ભાવના આપી [illegible] કપડામાંથી [illegible] મુકી લેવું આ શીલાજીત [illegible]

**ગુણ:** પૌષ્ટિક, [illegible]

[illegible]

**પ્રમાણ:** [illegible] **અનુપાન** [illegible]

**ભસ્મ વિધી :** શુદ્ધ હીરાકસીને ભાંગરાનારસની અથવા ત્રિફળા કે કુંવારનારસની ભાવના આપી, થોડા (બેથી ત્રણ) હલકા પુટ આપવાથી તેની ભસ્મ થાય છે.

**ઉપયોગ :** દવાના કામમાં શુદ્ધહીરાકસી તેમજ તેની ભસ્મ એ બન્ને વાપરી શકાય છે, સફેદકોઢ, પલીતરોગ, વિષવિકાર રક્તદોષ, પાંડુ લોહીનીફીકાશ, બરલ, કલેજાનુંદરદ, વિષમજ્વરમાં થતો માથાનોદુખાવો સંગ્રહણી, અતિસાર, રક્તાતિસાર, આંતરડાનુંક્ષત વિગેરે મટાડે છે. હીરાકસીનું પાણી બનાવી તે છાંટવાથી ગુદભ્રંશ મટે છે, ત્રણ અને જખમ પણ તેનાથી જલદી રૂઝાઇ જાય છે. હીરાકસીનાતેલથી (કાસીસાદિતેલ) અર્શના મસા મટી જાય છે. ઋતુલાવવા માટે હીરાબોળ અને એળીયા સાથે હીરાકસી મેળવીને અપાય છે. હીરાકસીનીભસ્મ, ત્રિફળા અને વાવડીંગ સાથે મેળવી ઘી અને મધમ આપવાથી પાંડુ, ક્ષય, બરલ, ગુલ્મ, શુળ, આમદોષ વિગેરે મટે છે

**માત્રા :** ૨ થી ૬ રતી. **અનુપાન :** ઘી કે મધ.

## શિલાજીત

**વિવેચન :** આજકાલ સાચો અને શુદ્ધ શીલાજીત મેળવવું મુશ્કેલ થઇ પડ્યો છે. જ્યાં જુઓ ત્યાં શીલાજીતની જાહેરખબરે જોવામાં આવે છે અને તેને વેપારનું સ્વરૂપ આપી ખુબ પૈસા પેદા કરવામાં આવે છે. છતાં પણ કેટલીક જગાએથી વિશ્વાસપાત્ર માણસોદ્વારા સાચો શીલાજીત યોગ્ય ભાવથી મેળવી શકાય છે. શીલાજીત બે પ્રકારનો મળતો જણાય છે એક કાશ્મિરી અને બીજો નેપાળી કાશ્મિર તરફનું શીલાજીત કંઇક જાડું અને પાણીમાં નાખતાં ડુબી જેવું તળીએ બેસી જાય છે જ્યારે નેપાળી શીલાજીત પાણી ઉપર મુકતા નીચે તંતુઓ જેવા તાર થતા જણાય છે. જે શીલાજીત રૂ...

કાળો, ચળકાટયુક્ત, તદ્દન સ્વચ્છ તેમજ ગૌમૂત્ર જેવી ગંધવાળો હોય તે ખાવાના કામમાં ઉત્તમ જાણવો, કપુરગંધી અને ગૌમૂત્રગંધી એમ બે જાતનો શીલાજીત આયુર્વેદમાં બતાવેલો છે.

**બનાવટ:** હિમાલય તરફના ભાગોમાં શીલાજીતના પથ્થર બહુ મોટા પ્રમાણમાં મળી આવે છે તે લાવી ભાંગી ભુકા જેવું કરી એકદમ ઉકળઉકળતા ગરમપાણીમાં નાંખી હલાવી ૨૪ કલાક પછી ઉપરનું પાણી લઈ એને ચોખ્ખા કપડામાં ગાળી લેવું બનેતો એવી રીતે બીજી વાર ચોવીસ કલાક રહીને ગાળી લેવું પછી તે પાણીને ધીમે તાપે ગરમ કરી જાડું કરી લેવું પછી તડકે સુકવી એકદમ [illegible] [illegible] પ્રમાણે શીલાજીત બનાવી [illegible] અને તે શુદ્ધ હોય છે પરન્તુ તેમાં અન્ય [illegible] નથી **પરિક્ષા:** જે શીલાજીત [illegible] કે નહિ તેમજ [illegible] ગણાય.

**શુદ્ધિ** [illegible]

**શુદ્ધ** [illegible]

[illegible]

## સુરમો

**વિવેચન:** બજારમાં કાળોસુરમો મળે છે, આયુર્વેદમાં અંજનના ૫ પ્રકાર કહેલા છે પરંતુ અહીં માત્ર કાળાસુરમાનું વર્ણન કરવામાં આવે છે, સુરમો ખાવામાં, લગાડવામાં તેમજ અંજનના કામમાં વપરાય છે.

**શુદ્ધિ:** લીંબુનારસમાં ખરલ કરી, સુકવી ત્રિફળાનાકાઢામાં કે ભાંગરાનારસમાં ઘુંટી સુકવી લેવાથી સુરમાની શુદ્ધિ થાય છે.

**ઉપયોગ:** શુદ્ધ કરેલા સુરમાને અગ્નિ ઉપર તપાવી ત્રિફળાનાદીમમાં ઠંડો કરી ખરલમાં ખૂબ ઘુંટવો, પછી તેને લીંબુનોરસ, ગુલાબજળ અને સ્ત્રીનુંધાવણ એ દરેકની સાત સાત ભાવનાઓ આપી ઘુંટી તેમાં થોડાક એલચીનાંબીજ અને ભીમસેનીકપુર મેળવી બરાબર ઘુંટી રાખવું, આ પ્રમાણે તૈયાર કરેલો સુરમો આંખમાં અંજન તરીકે વાપરવાથી અનેક પ્રકારના નેત્રરોગ મટે છે.

સુરમાનો ખાસ ગુણ શીતવીર્ય છે અને વિષવિકાર, હેડકી, રક્તરોગ, વાયુ વિગેરે મટાડે છે અને લગાડવાથી કાન્તિમાં વધારો કરે છે. ઉલટી કરાવવાનો સુરમામાં ગુણ છે.

સુરમો ખાવાની દવાઓમાં પણ વપરાય છે. એકાદ જગાએ કુપીપક્વરસમાં વપરાયલ છે, તે કફઘ્ન તરીકે સારી દવા છે. તાવ મટાડે છે, લખેલ છે. અંગ્રેજીવૈદકમાં તેનો ખાવાની દવા તરીકે વપરાશ થયો છે. તાવ ઉતારે, નાડી નરમ કરે, કફ છુટો કરે છે. ગુગળ, પીપર અને સુરમો મેળવી તાવમાં વાપરવા સ્વ. ડૉ. વા. ગ. દેસાઈ જણાવે છે.

**માત્રા:** ૨ થી ૪ રતી. **અનુપાન:** પાણી કે મધ.

# ખંડ ૨ જો

---

## રસ–ઉપરસાદિ

આ પ્રકરણમાં પારદ, ગંધક, હરતાલ, મનશીલ, સોમલ, અભ્રક, હિંગળો ઇત્યાદિ પદાર્થોનું વર્ણન શાસ્ત્રીય તેમજ અનુભવની માહિતિ સાથે કરવામાં આવશે. પારદ અને ગંધક વગેરે દ્રવ્યોનો બહુજ નજીક સબંધ હોવાથી તેને આ પ્રકરણમાં લેવામાં આવેલ છે.

## પારદમહિમા

बद्धोऽपि मुक्तान् विदधाति जन्तून् मृतोऽमृतान् मूर्छित उत्थितानयः।
स्वयं तु मुक्तः परमेष्ठि मुक्तो मुक्तः शुभः केन कृतः पदार्थः?

જે પદાર્થ પોતે બદ્ધ થઈ અન્ય જીવોને બંધનમુક્ત (રોગથી મુક્ત?) કરે છે, પોતે મૃત અવસ્થાને (ભસ્મરૂપે) પામી અન્યને અમર (જીવતા) કરે છે તથા પોતે મૂર્છિત (અમુક વિધિના પ્રયોગમાં) થઈ અન્યને ઉત્થિત (મૂર્છા વગેરે મરણમાંથી) કરે છે એવો [illegible]

[illegible]

જેટલી શક્તિ પારદમાં છે તેટલા રોગો વાત, પિત્ત અને કફ વિગેરેથ
ઉત્પન્ન પણ થઇ શકતા નથી. પારદ અલ્પમાત્રામાં અસાધ્ય રોગ
પણ ઘણી સહેલાઇથી મટાડી આપે છે. એટલુંજ નહિ પરંતુ ખાવાન
દવામાં બીજી ઔષધિઓની માફક (ક્વાથ, ચૂર્ણ, ઘૃત વિગેરે) પાર
અરૂચી પણ પેદા કરતો નથી. પારદ મનુષ્યો માટેજ નહિં પરં
દેવતાઓમાં પણ પૂજનિય વસ્તુ ગણાય છે.

આ પારદનો મહિમા (ઉપયોગ) તેમજ તેના જેવીજ ગુણદાય
અન્ય ધાતુઓ વિગેરેનું વર્ણન અનુભવ તેમજ શાસ્ત્રની સહાયતાથ
જનસમાજને ઉપયોગી થાય તેવા હેતુથી આ સ્થળે કરવામાં આવે છે

## પારદ

**પારદના નામોનો મહિમા:** આયુર્વેદમાં પારદનાં જુદા જુ
અનેક નામો આપેલાં છે તેમાંથી તેનાં મુખ્ય પાંચ નામોની વ્યાખ્
આ પ્રમાણે છે. પારદમાં સર્વ ધાતુને યોગવાહિ કરવાનો ગુણ હોવ
લીધે તેમજ તે જીહ્વાગ્રથી, રોગ અને મૃત્યુનો નાશ કરી શરીર
પોષણ કરનાર હોવાથી તેનું 'રસ' એવુ નામ પડેલું છે, પારદ
અને ઉપરસમાં રાજારૂપ હોવાથી તેનું નામ 'રસેન્દ્ર' કહેવાય
પારદ દેહને સોદા સરખો દઢ કરવાની શક્તિ ધરાવતો હોવાથી તે
'સૂત' કહે છે, પારદ રોગરૂપી દારૂણ સમુદ્રમાં ડુબેલા મનુષ્યો
તેથી પાર ઉતારે છે એટલે તે 'પારદ' કહેવાય છે તથા પારદ
સર્વ ધાતુનું તેજ સમાયેલું હોવાથી તે 'મિશ્રક' કહેવાય છે.

**પારદની પેદાશ:** પ્રાચિન રસગ્રંથોનું મનન કરતાં પારદ
પેદાશ જાતજાતમાં થતી હતી એમ જણાય આવે છે. તેની ઉત્પત્તિ
માટે અનેક પ્રકારના અલૌકિક અદ્ભુત વર્ણનો આયુર્વેદ
રસગ્રંથોમાંથી જોતાં માલુમ પડે છે, પરંતુ તે સર્વ વાતો હાલ

દુષ્પ્રાપ્ય હોવાથી તેનું વર્ણન અહીં કરવું અસ્થાને સમજી એટલુંજ જાણવું ઉપયોગી થશે કે પારદની આયાત હાલમાં યુરોપખંડમાં આવેલા સ્પીડન દેશમાંથી થાય છે. કહે છે કે ત્યાં પારદની નહિ પરંતુ હિંગળાની ખાણો છે. ખાણમાંથી નિકળેલો હિંગળો ત્યાંના કારખાનાઓમાં જાય છે અને ત્યાંના વેપારીઓ તેમાંથી પારદ જુદો કરી બીજા દેશોમાં ૭૬ રતલના મોટા લોખંડના બાટલામાં ભરીને મોકલાવે છે. આવી રીતે તૈયાર થએલો પારદ આપણા દેશના દરેક વિભાગમાં સહેલાઈથી મળી શકે છે. પારદના સંસ્કાર કરવા માટે તથા પારદમાંથી હિંગળો બનાવવા માટે આ પારદનો ઉપયોગ કરી શકાય છે.

**પારદમાં રહેલા દોષ:** પારદમાં નાગ, બંગ, મલ, વહ્નિ, ચાંચલ્ય, વિષ, ગિરિ અને અસહ્યાગ્નિ એમ આઠ દોષ રહેલા છે. જો આ દોષોને [illegible] કામમાં ઉપયોગ કરવામાં આવે [illegible] આફરો અને [illegible] કુષ્ટ, મલદોષથી [illegible]

દ્રવ્ય અને વિશાળ મકાન વિગેરે) રસાયનશાળાની ખાસ જરૂર
ગામ બહાર એકાન્ત સ્થળે બાંધેલી રસશાળામાં શુભમુહુર્ત
રસશુદ્ધિનો આરંભ કરવો જોઇએ. પારદની શુદ્ધિ માટે લોહ
એ સર્વોત્તમ સાધન છે અને તે લોહખરલના માપ પ્રમાણેની બ
પાકી બનાવેલી ભઠ્ઠી (ચુલો)ની પણ ખાસ જરૂર છે તેની પ્રથમ તૈ
કરી લેવી.

શાસ્ત્રની અંદર પારદના અઢાર સંસ્કાર કહેલા છે,
રસપદ્ધતિમાં પ્રથમના આઠ સંસ્કારોજ કરવા એમ કહેવામાં આવ
ઔષધકર્મમાં અષ્ટસંસ્કારીત પારદનોજ ઉપયોગ થાય છે,
સંસ્કારોથી તૈયાર કરેલ પારદ સુવર્ણ રૌપ્યાદિ ધાતુઓ બનાવ
ઉપયોગી છે એટલે તે વાતની વૈદ્યોને જરૂરીયાત ખાસ રહેતી

**ધાન્યામ્લ બનાવવાની રીતઃ** પારદના સંસ્કારમાં
ભાગે ધાન્યામ્લની (કાંજી) જરૂરીયાત ખાસ રહે છે માટે તે
પ્રમાણેની વિધી અનુસાર તૈયાર કરી લેવી, અડદ, મગ, ચોખ
અને ઘઉં વિગેરે ધાન્યમાંથી જેટલાં મળે તે પ્રત્યેક ધાન્ય
શેર લઇ એક માટીના વાસણમાં ધાન્યના વજનથી આઠગણું
ભરી તેમાં સઘળાં ધાન્યો નાખી વાસણનું મોં બંધ કરી પંદ
સુધી રાખી મુકવાથી તેમાં ખટાશ આવી જશે, પછી તેને
લઇ તેમાં મોથ, બ્રાહ્મી, ગોરખમુંડી, શ્વેતગરણી, સાટોડી મ
નોરવેલ (સર્પાક્ષિ) સહદેવી, સતાવરી, ગરણી, હરડાં, બહેડાં,
ચિત્રક, કાલોદસરાજ વિગેરેમાંથી જેટલી મળી શકે
પશ્ચાત દરેક દશ દશ તોલા લઇ જાડો ભુકો કરી માટલામ
મ દિવસ રાખી ગાળી લેવુ, એને ધાન્યામ્લ અથવા કાંજી
આવી રીતે તૈયાર કરેલ ધાન્યામ્લને બદલે હાલમાં તો આથો
તૈયાર કરેલી સાધારણ કાંજી કે સુકતો પણ વાપરી શકાય

જેથી તેમાં રહેલો નાગ દોષ દુર થાય છે, બીજે દિવસે ઇન્દ્રવારૂણીનાંફળ, અંકોલનાંબીજ અને લીંબુનોરસ સાથે પારદને ઘુંટવો, સાંજે ધાન્યામ્લથી ધોઇ લેવો જેથી તેનો બંગ દોષ દુર થાય છે. ત્રીજે દિવસે ગરમાળાનોગોળ અને લીંબુનોરસ નાખી પારદને ઘુંટવો, સાંજે ધાન્યામ્લથી ધોઇ લેવો જેથી તેનો મળદોષ દુર થાય છે. ચોથે દિવસે ચિત્રકનોભુકો અને લીંબુનોરસ નાખી પારદને ઘુંટવો, સાંજે ધાન્યામ્લથી ધોઇ લેવો જેથી તેનો અગ્નિદોષ દુર થાય છે. પાંચમે દિવસે કાળાધતુરાનું પંચાંગ અને લીંબુનોરસ નાખી પારદને ઘુંટવો, સાંજે ધાન્યામ્લથી ધોઇ લેવો જેથી તેનો ચંચળતા દોષ દુર થાય છે. છઠે દિવસે ત્રિફળાનોભુકો અને લીંબુનોરસ નાખી પારદને ઘુંટવો, સાંજે ધાન્યામ્લથી ધોઇ લેવો જેથી તેનો વિષદોષ દુર થાય છે. સાતમે દિવસે ત્રિકટુચૂર્ણ અને લીંબુનોરસ નાખી પારદને ઘુંટવો સાંજે ધાન્યામ્લથી ધોઇ લેવો જેથી તેનો ગિરિદોષ દુર થાય છે. આઠમે દિવસે ગોખરૂ અને લીંબુનોરસ નાખી પારદને ઘુંટવો, સાંજે ધાન્યામલથી ધોઇ લેવો જેથી તેનો અસહ્યાગ્નિ દોષ દુર થાય છે. આ પ્રમાણે શુદ્ધ કરેલ પારદ બધા કામમાં વાપરવા લાયક શુદ્ધ બને છે કેવટે તેને કપડામાંથી દાબીને ગાળી લેવો.

ઉપરના પ્રયોગમાં દરેક વખતે ઔષધનું ચુર્ણ પારદથી આઠમાભાગે અને લીંબુનોરસ જોઇએ તેટલો લેવો.

ઉપરનો પ્રયોગ કરતી વખતે તપ્તખલ્વમાં એક દિવસને બદલે ૧ થી ૭ દિવસ સુધી એક વસ્તુમાં બરાબર મર્દન કરી તેને ગરમ-પાણીથી ધોઇ લીધા બાદ લીંબુનોરસ અને સિંધાલુણ સાથે તેને ત્રણ પ્રહર સુધી મુકી પછી જો કાંજીથી ધોઇ તૈયાર કરવામાં આવે તો પારદ બ્રહ્માત્મ અગ્નિસહ્યગ્નિ જેવો જેને મુખ થએલ છે તેવો બની જાય છે આમ કરતા વજન ઠીક ઠીક ઘટે છે.

**પારદશુદ્ધિની સરળ રીત પ્રકાર બીજો:** ખરલમાં

**પારદશુદ્ધિની સરળ રીત પ્રકાર છઠ્ઠો :** જયંતી, એરંડ, આદુ અને પીલુડી એ દરેકનો સ્વરસ અલગ અલગ લઇ તેમાં પારદને ઘુંટી રસ સુકવતા જવું, અને ઘુંટતા જવું, આ પ્રમાણે અનુક્રમે દરેક રસમાં ઘુંટી છેવટે કાંજીથી ધોઇ લેવો, આ પારદ સપ્તકંચુકી રહીત શુદ્ધ થાય છે.

**પારદશુદ્ધિની સરળ રીત પ્રકાર સાતમો :** હળદર, ઈંટનું-ચૂર્ણ, ઘરનોધુમાડો (ધુમાસ) અને ચુનો એ ચાર વસ્તુ પારદ સાથે નાખી તેને લીંબુનારસ સાથે ઘુંટી લેવો. ત્યારપછી તેને કાંજીથી ધોઈ સાફ કરી લેવો. ફરી તેમાં ત્રિફળાચૂર્ણ, ત્રિકટુચૂર્ણ, ચિત્રકચૂર્ણ અને કુંવારનોરસ નાખી બરાબર ઘુંટી સુકાયાબાદ ગરમકાંજીથી (ધાન્યામલથી) ધોઇ સાફ કરી પારદ કાઢી લેવો, આ પારદ દવાના કામમાં અત્યંત શુદ્ધ ગણાય છે.

**પારદશુદ્ધિની સરળ રીત પ્રકાર આઠમો :** બજારમાંથી શુદ્ધ કરવા માટે પારદ તો. ૪૦ લઇ આવવો, તેને એક માટીના ક૫ડમાટી કરેલા હાંડલામાં તળીએ ફોડેલો સાફ ચૂનો થોડોક પાથરી ઉપર પારદ મુકી દેવો અને ડમરૂયંત્રની વિધીએ કે પઠો હિંગુલ પ્રકરણમા બતાવેલી નૂતન ડમરૂયંત્રની વિધીએ પારદને ઉડાવીને જમા કરી કપડે ગાળી લેવું તો એ પણ શુદ્ધપારદ તરીકે વાપરી શકાય છે.



## પારદના અષ્ટ સંસ્કાર

**ગુણ-ઉપયોગઃ** છીપનીભસ્મનો ઉપયોગ પૌષ્ટિક તથા પાચક તરીકે તેમજ વાતહર ગુણ તરીકે પ્રસિદ્ધ છે. તેનાથી પેટનાં અનેક રોગ મટે છે. મગજને તાકાત આપે છે. હાડકાંને મજબુત બનાવે છે, ભૂખ લગાડે છે, વાયુ ઓછો કરે છે. ક્ષયને મટાડનાર છે.

**બીજી વિધીઃ** મોતીની સારી છીપ લાવી તેને ભાંગી તેમાં ચમકદાર મોતી જેવા સારા સારા ટુકડા લઇ લેવા, એ ટુકડાને રાત્રે લીંબુનારસમાં ૧૨ કલાક પલાળી રાખવા, સવારે તેને ગરમપાણીથી ધોઇ સાફ કરી લેવા પછી તેને કોલસાથી ભરેલી સગડીમાં રાખી

કરતી દેવું. ફરી અગ્નિ આપે [illegible] એટલે તેને ઉપાડી લઈ [illegible] [illegible] [illegible] [illegible] [illegible] આપવાનો [illegible] [illegible] [illegible] [illegible] [illegible] મોતીભસ્મની [illegible] [illegible]

પ્રમાણ [illegible] અનુપાન: [illegible]

[illegible]

## કોડી

**વિવેચન:** કોડી (કપર્દિકા) ની પેદાશ પણ સમુદ્રમાં થાય છે. કોડી ત્રણ જાતની થાય છે. દવાના કામમાં પીળારંગની કોડીઓ વપરાય છે. એક તોલાની કે તેથી વધારે વજનમાં હોય તે દવાના કામ માટે શ્રેષ્ટ ગણાય છે. આવી કોડીઓ સમુદ્ર કિનારાના શહેરોમાં મળે છે. કેમકે ત્યાં વહાણની મુસાફરી કરનાર ખલાસીઓ બહારના દેશોમાંથી આયાત કરે છે. સારી કોડીભસ્મ બનાવવા માટે તેમજ અનેક રસોની બનાવટ માટે જરૂરી વસ્તુ છે. એ માટે પીળી મોટી કોડી વાપરવાનું ધ્યાનમાં લેવું.

**શુદ્ધિ:** ૧૨ કલાક સુધી ખાટી છાશ કે લીંબુનારસમાં પલાળી રાખી પછી પાણીથી ધોઇ લેવી, અથવા ત્રણ કલાક લીંબુનારસમાં કે ગૌમૂત્ર અને સિંધાલુણના મીશ્રણમાં ડોલાયંત્રમાં બાફી પછી ગરમપાણીથી ધોઇ લેવાથી શુદ્ધ થાય છે.

**મારણ:** કોલસાને સળગાવી તે લાલ થાય ત્યારે તેનાપર કોડીઓ મુકી દેવી. એ કોડી તપીને ફુલી જાય ત્યારે સંભાળથી લઇ લીંબુનારસમાં અથવા કુંવારનારસમાં બુઝાવવી. પછી એજ રસમાં વાટી ટીકડી કરી હલકા ગજપુટ આપી દેવા. એટલે તેની ભસ્મ બની જશે.

**ગુણ-ઉપયોગ:** પેટનારોગ, વિષમજ્વર, સંગ્રહણી, પેટનો-વાયુ, ક્ષય, ગળ, ખાંસી, શ્વાસ, પ્રમેહ, પ્રદર, વગેરે રોગોમાં ઉપયોગી છે તેની ભસ્મ અનેક યોગોમાં વપરાય છે.

**પ્રમાણ:** ૩ થી ૬ રતીભાર.

**અનુપાન:** માખણ કે ઘી સાથે અથવા પાણી કે પાન સાથે લેવુ.

# ખંડ ૭ મો

## યંત્ર વિભાગ તથા પરિભાષા

આયુર્વેદિક દવાઓમાં કેટલાક યંત્રો વપરાય છે, આ યંત્રો તૈયાર મળતા નથી, પરંતુ દવા બનાવનારે પોતેજ પોતાના હાથે સમજીને તૈયાર કરવાનાં છે. આ યંત્રો પ્રચલિત તેમજ સામાન્ય વપરાશનાં છે; અને તેની સર્વ સાધારણ માટે અહિં માહિતી આપવામાં આવે છે. વિશેષ માટે પ્રાચિન ગ્રન્થો જોઇ લેવા.

**ડમરૂયંત્ર:** એક મોટું અને નાનું એમ બે માટીના હાંડલા લેવા, સગડી કે ચુલાપર રહી શકે તે માપનું હાંડલું નીચે રાખી ઉપર મોટું હાંડલું રહે તેમ ગોઠવણ કરવી બંને હાંડલાના ગળાનો ભાગ ઘસીને ધાર મેળવી દેવા પ્રમાણે કરવો. જે વસ્તુના ફુલ ઉડાવવા હોય કે હિંગુલમાંથી પારદ છુટો કરવો તે પદાર્થ તૈયાર કરી નીચેના હાંડલાના તળીઆમાં પાથરી લેવો. પછી બંને હાંડલાની સંધીને ચૂનો ફટકડી, મીઠું અને લોટ લઇ વાટી તે વડે બંધ કરી દેવું. ઉપરના હાંડલાના તળીઆપર ભીના કપડાની ઘડી વાળી મુકતા જવું. તે કપડું ગરમ થાય ત્યારે બદલાવી બીજું ઠંડુ કપડું મુકવું. આમ કરવાની સાથે સગડી કે ચુલામાં એક સરખો તાપ આપતા જવું. ત્રણ, ૭ કે બાર કલાક આ પ્રમાણે કરવાથી નીચેના પદાર્થમાંથી સત્વ ઉડી ઉપરના હાંડલાના તળીઆમાં ચોંટી જશે. પછી સંભાળથી યંત્ર ઠંડુ થયા બાદ ખોલી તળીઆમાં લાગેલા પદાર્થ ઉખેડી લેવો. આ યંત્રમાં પારદ ઉડાડવામા આવે છે. કપુર, રસકપુર તથા સોમલનાંફુલ પણ ઉડાડીને તૈયાર કરવામા આવે છે.

**વાલુકાયંત્ર:** એક લોઢાની ઉંડી કડાઇ અથવા માટીનુ વાસણ લઇ તેને તળીએ રૂપલા આંગળા જેટ લો નેવુ છિદ્ર કરી

તના ઉપરના [illegible] કંઈક માટે પાણી [illegible] છે [illegible]
[illegible] નથી [illegible] હોય છે, આ પ્રમાણે [illegible]
[illegible] કરી [illegible] નાખ [illegible]
[illegible] આવવા પામે છે તે [illegible]
અને [illegible] રોગ તો [illegible]
[illegible] પાણી [illegible]
અને [illegible] નથી [illegible]
[illegible]
[illegible]
[illegible]

ભાગ તપેલીપર બરાબર ગોઠવી પછી તે હાંડલામાં જેનું તેલ કે પ્રવાહી સત્વ કાઢવું હોય તે ભરી દેવું અને તેના મોઢાપર એક માટીના પહોળા કાંઠાવાળું અર્ધ હાંડલું રાખી તેમાં છાણ ભરી તાપ દેવો. કાંઠલો તથા હાંડલું જમીનમાંજ રહે તેમ કરવું. આ છાણાનું પ્રમાણ અંદરની વસ્તુને આધારે ઓછું વધતું લેવાય. આ પ્રમાણે તાપ દેવાથી અર્ક તથા તેલ પણ નીકળે છે અને તે નીચેના તપેલામાં એકઠું થાય છે. જે સંભાળથી કાઢી લેવું. કેરડાનાંમૂળનોઅર્ક પલાશમૂળનોઅર્ક વગેરે કાઢી શકાય છે.

આ પ્રમાણે બીજે પ્રકાર પણ બનાવી શકાય છે તેની વિગતઃ એક કપડમાટી કરેલી બાટલીમાં ધતુરાનાબીજ જેવી ચીજ ભરી તેના મોઢામાં જાડું કપડું બાંધી દેવું. એ બાટલીનું ગળું છીદ્રવાળી કડાઇની અંદરથી નીચેના ભાગમાં લઇ જવું. એ કડાઇને ઉંચા ચુલાપર મુકી આપી કડાઇમાં યોગ્યતા પ્રમાણે છાણાનો ભરાવો કરી અગ્નિ સળગાવી આપવું અને કડાઇની નીચે શીશાનું મોઢું હોય તેની પાસે કે બરાબર બરોબર પહોળા મોંની બાટલી રાખી દેવી. થોડીવાર પછી તેમાં તેલ-પ્રવાહી ટપકવા લાગશે ને આવતું જશે. તાપ ધીમો રાખવો તો તેલ સારૂં મળશે. કનકબીજતેલ આ યુક્તિથી સરસ નીકળે છે.

**નળીકાયંત્ર:** આ યંત્રો બજારમાં દેશી ઢબના ત્રાંબાના બનાવેલા તૈયાર મળે છે. ટકવામાં તે દેશી સારા છે. ફેશન તથા સફાઇ માટે વિલાયતી બનાવટનાં યંત્રો સારા જણાય છે.

પાણીના મોટા હાંડા જેવું એક વાસણ હોય તેમાં વનસ્પતિ લીલી કે સુકી ભરી તેમાં યોગ્ય પ્રમાણમાં પાણી નાખી ૧૨ થી ૨૪ કલાક પલાળી રાખવામાં આવે છે. [illegible] હાંડા ઉપર બીજે તેમાં [illegible] તેવા નાનો ઘડો [illegible] છે. [illegible]
[illegible] છે.
[illegible]

તેને ઉપરના ભાગમાં ત્યાં [illegible] માટે પાણી ભરાય છે [illegible] [illegible] બાજુપર [illegible] નળી [illegible] હોય છે, આ પ્રમાણે [illegible] [illegible] તેની [illegible] કરી મુકે મુકી તાપ આપવાથી [illegible] [illegible] નળી વાટે [illegible] લાગે છે તે [illegible] અને [illegible] થોડા દિવસ તે આવે [illegible] [illegible] ઉપરના ભાગમાં [illegible] પાણી [illegible] અને [illegible] નળી વાટે [illegible] [illegible]

મુષાને ફરતું લેપન કરવું અને ઉપર ચોખાના ફોતરાં મુકવા. ત્રણ દિવસ સુધી તાપ-અગ્નિ મૃદુ આપી ભસ્મ બનાવાય છે.

**લવણયંત્ર:** વાલુકાયંત્ર પ્રમાણેજ થાય છે પરંતુ તેમાં રેતીને બદલે મીઠું ભરવામાં આવે છે તથા કેટલીકવાર તાપ તેને થોડો થોડો અપાય છે વળી તેમાં પકવવાની દવા મૃગાંક જેવી હોય છે, તેનું સંપુટ અંદર રાખી યંત્રને બંધ કરી ચુલે મુકી તાપ આપવામાં આવે છે.

**તપ્તખલ્વ:** લોઢાનીખરલને તેના માપ પ્રમાણે ચુલો બનાવી તેનાપર ગોઠવી નીચે ચોખાના ફોતરાનો ધીમો અગ્નિ આપતા રહેવું અને ઉપર ખરલમાં પારદ નાખી તે સાથે બીજી ચીજો નાખવી આ પારદને માટે ઉપયોગી છે. અમારે ત્યાં લોઢાનીખરલ અને સગડી તૈયાર મળે છે.

**પુટ:** રસાદિપદાર્થો બરાબર પકવ થાય તે પ્રમાણે અગ્નિ આપવી તેને પુટ કહે છે.

**મહાપુટ:** બે હાથ ચોરસ અને તેવડોજ ઉંડો ખાડો હોય તેમાં (ત્રણ ગુણી છાણાં માય છે) છાણાં મુકી વચ્ચે સંપુટ રાખી ઉપર છાણા ભરી અગ્નિ આપી દેવો તેને મહાપુટ કહે છે.

**ગજપુટ:** એક ગજ ચોરસ અને તેટલોજ ઉંડો ખાડો હોય તેમાં ઉપર મહાપુટમાં કહ્યા પ્રમાણે અગ્નિ આપવી તેને ગજપુટ કહે છે.

**વારાહપુટ:** એક હાથ (૨૦ ઇંચ) જેટલા ચોરસ અને ઉંડા ખાડામાં ઉપર મુજબ અગ્નિ દેવો.

**કુકુટપુટ:** બે વેંત ચોરસ તથા તેટલાજ ઉંડા ખાડામાં અગ્નિ દેવે.

**કપોતપુટ:** એક સાધારણ ખાડો કરી તેમાં ત્રાંબાની બે વાડકીના સંપુટમાં બંધ કરેલ દવા તેને ફક્ત ૮ છાણામાં અગ્નિ આપવું તે.

ખરડ બની જાય છે. ડોલાયંત્રથી શોધન કરેલી ચીજોમાં વિષનું પ્રમાણ કંઇંક ઓછું થવાનો સંભવ ખરો. પરંતુ તેથી કંઇ તેમાંનું વિષકારક તત્વ દૂર થઇ જતું નથી.

ઉપર પ્રમાણે એ ધાતુ, ઉપધાતુ. રસ અથવા ઉપરસનું શોધન કર્યા બાદ તેનું મારણ કરવામાં આવે છે. એ ક્રિયાથી ધાતુની ભસ્મ કરતાં તે ઓકસાઇડ, ગંધીલ. કાર્બોનેટ અથવા અતિસુક્ષ્મરૂપે તૈયાર થાય છે. પહેલાં અનેક પ્રકારની વનસ્પતિનારસ કે ક્વાથવડે ભાવનાઓ આપવામાં આવે છે. એ માટે અનેક વનસ્પતિના સ્વરસ, ક્વાથ, ક્ષીર. પ્રાણીઓનુંદૂધ, લીંબુનોરસ, ક્ષાર, ત્રિફલા, ચીકાસદાર વનસ્પતિ. પ્રાણીઓનાંમૂત્ર, વિષ્ટા, લોહી, પારદ, ગંધક, મનશીલ, હરતાલ, સોમલ વગેરે વપરાય છે. આ સર્વ પદાર્થો ભસ્મ બનાવવાના કામમાં અત્યંત મદદકર્તા થાય છે. તેથી ગંધીલરૂપે ભસ્મ જલદી તૈયાર થાય છે. વનસ્પતિઓ વાપરી હોય ત્યાં ઓકસાઇડ અથવા કાર્બોનેટરૂપે ભસ્મ તૈયાર થાય છે આ તેની અંતિમ સ્થિતિ છે અને ત્યાં પહોંચ્યાબાદ તે ધાતુના સ્વરૂપે નથી. અત્યંત બારીક રજકણોના રૂપમાં છુટી પડી જાય છે અને તેજ છુટી પડેલ પરમાણુંઓના આકારની ધાતુ મનુષ્યના શરીરમાં રહેલ રસ, રક્ત, માંસ, મેદ વગેરે ધાતુઓમાં જઇ પોતાનો ગુણ કે પ્રભાવ બતાવી શકે છે.

આજકાલ સસ્તી ભસ્મ બનાવનારા ઘણા છે તેઓ ધાતુપર બારીકી ક્રિયા કરતા નથી અને પરિણામે તે ધાતુ શરીરમાં જ્યાં ગાંઠરૂપે થઇ પડે છે, કેટલીકવાર તેથી હાની પણ થાય છે. આયુર્વેદિક પદ્ધતિ પ્રમાણે તૈયાર થતી અસલી ભસ્મો તથા વિદેશથી આવતી ઇ.ટ વગેરેની ભસ્મ જેવી બનાવટો વચ્ચે શું અંતર છે તેનો સારાંશ પણ આ પુસ્તકમાં આવી જાય છે.

કરી તડકે સુકવી લઇ તેના ઉપર દરરોજ એક કપડમાટી કરવી કપડમાટી કરવાની રીત એવી છે કે મુલતાની માટી લાવી તેને કુટી પલાળી રાખવી પછી તે નરમ કરી તેમાં જુના કપડાના નાના નાના આશરે વેંતવેંતના ટુકડા કરી મસળીને શીશીપર બરાબર ચોડી દેવા. પછી તેને તડકે સુકવી ફરી એવીજરીતે બીજી કપડમાટી કરવી આ પ્રમાણે લગભગ દશેક કપડમાટી કરી લઇ સુકવી રાખવી. આ શીશી વાલુકાયંત્રમાં રહી શકે એવા માપનું લગભગ ૧૨ ઈંચ ઉંચુ અને ફરતા ઘેરાવામાં શીશીની આજુબાજુ આશરે ઈંચ જગ્યા રહે તેવું પહોળું માટીનું કે લોઢાનું (ઉંડી કડાઇના ઘાટનું) યંત્ર તૈયાર કરી લેવું. આ યંત્રને (માટીની હાંડલી પહોળા મોઢાની હોય તેને તારથી બરાબર બાંધી તેનાપર કપડમાટી બે ત્રણ કરી લેવાથી પણ બને છે.) આ યંત્રના તળીઆમાં બરાબર વચ્ચે એક પૈસો આવે જાય તેવો છેદ કરી લેવો જોઇએ જો યંત્ર લોઢાનો બનાવવો હોય તો તે લોઢાની ઉંડી કડાઇ કરાવી લેવી અને તેને તળીએ એવોજ છેદ કરાવી કડાઇને કપડમાટી કરી લેવી.

આવી કડાઇ બરાબર રહી શકે તેવો કાચી માટીના ઇંટનો બનાવેલો ઉપરથી ચોરસ યંત્ર રહે ત્યાં ગોળાકાર અને અંદર તળીઆના ભાગમાં ગોળ તેમજ પહોળો હોય તેવો ચુલો તૈયાર કરી લેવો, આ ચુલાપર યંત્ર રાખતાં નીચે દશ ઈંચ જગા ખાલી રહે તેટલો ઉંડો હોવો જોઇએ. આ યંત્રને ઠીક રાખવા માટે ચુલાની વચમાં ત્રણ લાંબા લોઢાના સળીઆ ભઠ્ઠી બનાવતી વખતેજ ગોઠવી દેવા. તે સળીઆના આધારે યંત્ર બરાબર તેના ઉપર બંધ બેસતો રહી જાય તેમ ગોઠવવો. આખો યંત્ર ભઠ્ઠીના મોઢામાં રહી જ્યાં ચારે તરફ ગોળાકારમાં એક ઈંચ જગા ખાલી રહે અને અંદરથી અગ્નિની ઝાળ બરાબર બહાર નીકળતી વખતે ચારે તરફ ફરતી રહે તેવી ગોઠવણ કરવી. આ ભઠ્ઠીમાં રોજ તેટલા લાકડા બાળવા [illegible]

બરાબર બનાવેલી નહિં હોય તો લાકડા વધારે ખપશે અને તાપ ઓછો લાગશે માટે તે બુદ્ધિપુર્વક વિચાર કરીને તૈયાર કરવી જોઇએ. એ સિવાય એ યંત્રમાં બાટલી રાખી તેની આજુબાજુ રેતી (વાલુકા) ભરવામાં આવે છે આ રેતી નદીમાંથી સાફ હોય તે લઇ રાખવી. બહુ ઝીણી તેમ બહુ જાડી ન હોય તેવી ચાળેલી રેતી આ યંત્રમાં ભરવા માટે એક બે ડબા ભરી રાખવા કદાચ કોઇ વખતે અકસ્માત થાય તો ત્યાં આવી રેતી રહેલી હોવાથી તે વધારે ઉપયોગી થઇ પડે છે આ રેતી ભઠીમાં થોડોક વખત ચાલે છે. પછીથી તે બદલાવી નવી રેતી વાપરવી જોઇએ.

જ્યાં ભઠી ચડાવવાની હોય ત્યાં રાત્રે બની રહી શકે તેવી સગવડ રાખવી. એક લોઢાનીશળી આશરે બે ફુટલાંબી અને પેનસીલથી જરા ઝીણી હોય તેની અણી જરા પાતળી કરી તેને છેડે લાકડાનો હાથો લગાડી તૈયાર રાખવી, એ સિવાય ચીપીઓ, સાણસી વગેરે સાધનો તૈયાર રાખવા જોઇએ.

હવે જે કોઇ કુપીપક્વરસ બનાવવાનાં હોય તેના પાઠમાં બતાવ્યા પ્રમાણે વિધીસર કજ્જલી બનાવી તૈયાર કરી રાખવી જોઇએ અને બુદ્ધિ શીશી તૈયાર હોય તેના મોઢા ઉપર કાગળની કુપી બનાવી તેમાંથી તેમાં કજ્જલી ભરવી, કજ્જલી માટે એવું ધોરણ છે કે શીશીના ત્રીજા ભાગમાં દવા રહે અને બે ભાગ ખાલી રહે તેટલીજ કજ્જલી તેમાં ભરવી જોઇએ. અન્યથા ઉભરાઇ જવાનો સંભવ છે. સાધારણ રીતે ૪ રતલ (બગેર પાણી) પાણી માય એવડી બાટલીમાં ૪ તોલા સોનું ૩૨ તોલા પારદ અને ૬૪ તોલા ગંધકની તૈયાર કરેલી ૧૦૦ તોલા કજ્જલી ભરીને નિર્ભય રીતે પકાવી શકાય છે.

શીશામાં કજ્જલી ભરી તે શીશીને વાલુકાયંત્ર (હાંડી)માં વચ્ચે રાખેલા છેદ ઉપર રાખી તેના ઉપર શીશી મુકવી અને શીશીનાં



ઉંવરે અતી બંધ થઇ માત્ર થોડો થોડો ધુમાડો નીકળતો દેખાશે. આ ક્રિયા ચાલતી હોય ત્યારે થોડી થોડીવારે તમ શલાકા શીશીમાં નાખી ગળું સાફ કરતા રહેવું કેમકે તેથી ગંધક ઓછો થાય છે, શીશી સાફ રહે છે. આખીરાત અને દિવસ આ પ્રમાણે ૨૪ કલાકથી તે ૪૦ કલાક સુધી અગ્નિ ક્રમ ચાલુ રાખતાં તમામ ગંધક બળી ધુમાડો નીકળતો બંધ થઇ જાય, અને ઉપરથી શીશીના તળીઆ તરફ જોતાં તે સાફ અને લાલ દેખાય ત્યારે સમજવું કે હવે ગંધક સાફ થઇ ગયો છે. આ વખતે અગ્નિનો ક્રમ પ્રથમ મંદમાંથી થોડો મધ્યમ કરવામાં આવ્યો હોય તે જરા નરમ કરી લેવો, અને શીશીને સાફ થવા આપવી. અને શીશીના ગળામાં બરાબર ઠીક બંધ બેસતો થાય તેવો ચાક (ખડી)નો બુચ ઘડીને તૈયાર રાખેલે હોય તે તથા મધ અને ચુનો તૈયાર રાખવો. જરા કપડાની સાફ પટી પણ તૈયાર રાખવી.

બરાબર શીશીનું ગળું સાફ કરી અંદરથી ધુમાડો નીકળવાનું બંધ થયું છે એમ ખાત્રી કરી પછી થોડો મધ અને ચુનો સાથે મેળવી તેમાં કપડાની ઝીણી પટી પલાળીને પટીને બુચ ઉપર લગાડી (વીંટી) તે માટીનો (ખડીનો) બુચ શીશીના મોંમાં લગાવી મજબુત બંધ કરી તે બુચ અને શીશીના સાંધા ઉપર એવીજ એક બીજી કપડાની પટી ચુના તથા મધમાં પલાળી લપેટી દેવી. આ પ્રમાણે કરતી વખતે આગ બે કલાક મંદ કરી દેવી, બરાબર બુચ બેસી જાય ત્યારપછી ધીમે ધીમે અગ્નિ વધારવાનું શરૂ કરવું અને તે લગભગ મંદ, મધ્યમ અને ઉંવરે તિવ્ર અગ્નિ ક્રમ રાખી લગભગ ૧૨ થી ૨૪ કલાક સુધી અગ્નિ આપતાં ઉંવરે બંધ કરી દેવું. અને અગ્નિ બંધ કર્યાં પછી શીશી તદન ઠરેલી જણાય ત્યારે યંત્ર નીચે ઉતારી શીશી સ્હાડી ઉપરથી કપડમાટીને ચાકુવડે સાફ કરી લઇ તેને સંભાળથી ફોડવી. ફોડવી વખતે હાથનો જુખો ન થાય તે ધ્યાનમાં રાખવું. વગ... ફોડવાની એક સરલ રીત એ છે કે સુતળીનો દોરો ... [illegible]

બરાબર ઘુંટી થોડાક ગજપુટ આપવાથી ઉત્તમ લાલરંગની. હલકા વજનની ભસ્મ થઇ જશે તે દવાના કામમાં વાપરવી.

આ પ્રમાણે કુપીપક્વરસ બનાવતાં ધ્યાનમાં રાખી કામ કરવામાં આવે તો કોઇપણ હુશીઆર વૈદ્ય કંઇ પણ નિષ્ફળતા સિવાય ફતેહમંદી સાથે સારી વસ્તુ બનાવી શકે છે.

ઉપર બતાવેલી વિધી ચંદ્રોદયને મળતી છે. પણ જો રસસિંદુર બનાવવો હોય તો તેમાં પારો અને ગંધક એ ચીજ હોય છે અને શીશી ખોલતી વખતે તળીએ કાળી રાખ (ગંધકની રાખ) બચે તો તે ફુંક મારતાં ઉડી જાય તેવી હશે અને તે ફેંકી દેવી અથવા તેનો મલમ બનાવી ખસ ઉપર લગાડવો અથવા તળીઆમાં કંઇ ન હોય તો માલ બરાબર પાકો છે એમ સમજવું. કદાચ તેને ઓછી અગ્નિ મળી હોય તો તેને તળીએ લીલા કાળારંગની કજ્જલીનો ગાંઠો બાઝેલો રહી જશે તેને ઉખેડી વાટી કજ્જલી કરી લેવી અને તે બીજીવાર બીજી શીશી ચડે તેમાં નાખી દેવો. ભુલથી તેને ફેંકી ન આપવા જોઇએ.

**ચંદ્રોદયમાં શું આવે છે?** ચંદ્રોદય બનાવતાં તેમાં શુદ્ધપારદ શુદ્ધગંધક અને શુદ્ધસુવર્ણ વાપરવામાં આવે છે. પારદ શુદ્ધ કરવાની રીત આગળ કહેલી છે તે પ્રમાણે પારદ શુદ્ધ બનાવી લેવો. ગંધકની શુદ્ધિ માટે ગંધક પ્રકરણમાં બનાવેલી રીત મુજબ શુદ્ધ કરીને તેને લેવો. પણ અહિં સુવર્ણ માટે જણાવવાની જરૂર રહે છે કે સોનાના વરખ લઇ શકાય છે પણ તે બહુ મોંઘા મળે છે. તેની જગાએ શુદ્ધ ચોખું સોનું લઇ તેને સોનુ સાફ કરનારાઓ પાસે લઇ જઇ એમોક અને ચાંદીના પોગરથી સાફ કરાવી તેની બારીક રેતી કરાવી લેવી. આ રેતી બારીક, સુંવાળી અને ચોખ્ખા ઘર જાય છે તે આમાં શુદ્ધ પારદમાં મેળવી ગંધક નાખી કજ્જલી કરી પછી ચંદ્રોદય બનાવવો. આમ કરવાથી સેંકડો બલ્કમાં સોનુ સહેલાઇથી મળી જાય છે.

**(૨) ચંદ્રોદય પ્રકાર ૨ જો:** ઉપર બતાવેલ પાઠ મુજબ
દય તૈયાર કરી તેમાં ફરીને ૬૪ તોલા ગંધક નાખી એવીજ
બીજીવાર (સુવર્ણ સહિત) પકાવી લેવો. આ પ્રમાણે ત્રીજીવાર
કજ્જલી બનાવી ગંધક મેળવી પકાવી લેવો. આમ ત્રણ વખત
લેતાં તે ષડગુણ ગંધકજારિત ચંદ્રોદય તૈયાર થયો. આ ષડગુણ
ર પહેલા કરતાં વધારે ચડીઆતો તેમજ વધારે પૌષ્ટિક થાય છે
ક્ષય, ક્ષીણતા તેમજ નબળાઇ માટે સર્વોત્તમ છે. પ્રમાણ, અનુપાન
સેવનવિધી પ્રથમ મુજબ.

**(૩) ચંદ્રોદય પ્રકાર ૩ જો:** ઉપર પ્રકાર ૧લામાં બતાવ્યા
ાણે ચંદ્રોદય બનાવી તેમાં ફરી ગંધક ૬૪ તોલા મેળવી કજ્જલી
કુંવારનારસમાં ઘુંટી શીશીમાં રાખી વાલુકાયંત્રમાં આંચથી
ાવી તૈયાર કરવું. આ પ્રમાણે એજ વસ્તુને એ રીતે આઠ વખત
લેતાં તે ષોડસગુણ ગંધકજારિત ચંદ્રોદયરસ ઠરૂલે તૈયાર થાય છે.
ને તેનો ઉપયોગ કરતાં તે ૧ લા તથા ૨ જા પ્રકાર કરતાં વધારે
મત્કારિક અસર બતાવી લાંબો વખતસુધી તે પોતાની અસર ટકાવી
બે છે. આવો ચંદ્રોદય બનાવતાં બે માસ લાગી જાય છે.

**(૪) ચંદ્રોદય પ્રકાર ૪ થો:** પારદમાં જેમ વધારે ગંધક
રણ કરવામાં આવે તેમ તે વધારે બળવાન અને વધુ ફાયદો કરનાર
ય છે. એટલા માટે આ પ્રકાર ખાસ શ્રીમંતો તેમજ રાજવંશીઓ
ટે બનાવવા યોગ્ય છે. એમ સમજી અહિં દાખલ કરેલ છે.

શુદ્ધપારદ તો. ૩૦ તથા શુદ્ધગંધક તો. ૧૫૦ લઇ કજ્જલી
ી કુંવારનારસમાં ઘુંટી સૂકવી તેને નગીકા.* ડમરૂયંત્રમાં ભરી
ધક જારણ કરી લેવું. આ પ્રમાણે ફરી તેને ઘુંટી તેમાં એટલોજ
ધક નાખી કજ્જલી કરી ફરી નગીકા ડમરૂયંત્રમાં પકાવતાં જવું.
મ વીશ વખત કરી લેવું. છેવટે જે રસ તૈયાર થાય તેના સમાન.ભે

* નગીકા ડમરૂયંત્ર માટે જુઓ યંત્ર વિભાગ ખંડ ૭ મો.

થોડો ઉતરતો છે. પણ તે દરેક યોગમાં વાપરી શકાય છે. પારદ ભસ્મની જગાએ વાપરવાથી સારો ફાયદો આપે છે. પ્રમાણ અનુપાન અને ઉપયોગ ઉપર મુજબ સમજી લેવું.

**(૭) રસસિંદુર પ્રકાર ૩ જો:** શુદ્ધપારદ તોલા ૨૪ શુદ્ધગંધક તોલા ૨૪ સાથે મેળવી કજ્જલી કરી ઉપર બતાવેલ રીત મુજબ શીશીમાં ભરી પકાવી લેવો. આ દવાને ૩૬ કલાકમાં પકાવી લેવાય છે. અને તે તૈયાર થતાં શીશીમાંથી કાઢી લેવો. આ સમગુણ બલિજારિત **રસસિંદુર** થયો ગણાય. તેનો ઉપયોગ ઉપર મુજબ કરી શકાય છે. ખાસ કરી કજ્જલી અથવા તો પારદભસ્મ અથવા શુદ્ધહિંગળો વાપરવાનું જ્યાં બતાવેલ હોય ત્યાં આ રસ વાપરવાથી ગુણમાં ઉતમ ફાયદો બતાવી તે યોગને સુંદર બળવાન બનાવે છે. પ્રમાણ અને માત્રા તથા ઉપયોગ ઉપર મુજબ છે.

**(૮) હરગૌરીરસ:** શુદ્ધપારદ તો. ૩૦ શુદ્ધગંધક તો. ૧૦ સાથે મેળવી કજ્જલી કરી તેમાં નવસાર તો. ૩ નાખી મેળવી ધતુરાના સ્વરસમાં ભાવના આપી સુકવી કપડમાટી કરેલી શીશીમાં ભરી વાલુકાયંત્રમાં રાખી ૪૮ કલાક અગ્નિ આપવો. પ્રથમ ૧૬ કલાક મંદ અગ્નિ આપી ગંધક જીર્ણ થાય ત્યારે મુખ બંધ કરી પછી ધીમે ધીમે અગ્નિ વધારી છેવટે તિવ્ર અગ્નિ આપી બંધ કરવું. ઠંડું થયે લાલરંગનો રસ કાઢી ઘુંટી લેવું. આ રસ બનાવતી વખતે ગળામાં ક્ષાર બાઝે છે. માટે હમેશાં તામ્ર શલાકાથી ગળું સાફ કરતા રહેવું જોઈએ, **પ્રમાણ:** ૧ થી ૨ રતી. **અનુપાન:** માખણ કે મધ. **ઉપયોગ:** નબળાને મહાન શક્તિ આપે છે. ખાસ કરી વાજીકરણ છે. પથ્ય અને પૌષ્ટિક ખોરાક લેવો.

**(૯) મકરચંદ્રોદય પ્રકાર ૧ લો:** શુદ્ધસોમલ તો. ૫ શુદ્ધપારદ તો. ૧૦ શુદ્ધગંધક તો. ૧૫ શુદ્ધરસકપુર તો. ૧૦ એ સર્વને સાથે મેળવી તેની કજ્જલી કરી તેમાં સુવર્ણ તો. ૧॥ નાખી ફરી

ફરીવાર બીજી વખત આવી ચીજ બનાવતી વખતે તેમાં નાખી સાફ કરી લેવું. અને સુવર્ણને જુદો પાડી લેવો. જો એમાંથી સુવર્ણ કાઢી લેવું હોય તો પણ તે નીકળી શકે છે, એ માટે એસીડથી સોનું સાફ કરનારાઓ પાસે તેને લઇ સાફ કરાવી લેવું તો સોનું શુદ્ધ હાથ આવી જશે. આ પ્રમાણે મલ્લચંદ્રોદય જેની અપુર્વ ચીજ બનાવી વાપરવાથી યશ તથા ધન અને કિર્તીનો લાભ મળે છે, પણ તે જ્યારે પકાવના હોઇએ ત્યારે ધુમાડો આંખને એકદમ ન લાગે તેવી રીતે હુશીઆરીથી બેસવું અને શીશાને જોતા રહેવું જોઇએ.

**(૧૦) મલ્લચંદ્રોદય પ્રકાર ૨ જો:** શુદ્ધસોમલ તો. ૫ શુદ્ધસોનું તો. ૨॥ શુદ્ધપારદ તો. ૧૦ શુદ્ધગંધક તો. ૫ શુદ્ધરસકપુર તો. ૧૦ સાથે મેળવી કજ્જલી કરી ઘુંટી કુંવારનારસમાં મર્દન કરી સુકી બાટલીમાં ભરી વાલુકાયંત્રમાં મુકી આગળ બનાવ્યા પ્રમાણે સંભાળથી પકાવી લેવું. આ પ્રમાણે તૈયાર કરેલો મલ્લચંદ્રોદય જરા ઓછો ઉગ્ર થાય છે અને તે ઉપરના રોગોપર વગર પરેજીએ વાપરી શકાય છે. ગુણ માત્રા અને અનુપાન તથા ઉપયોગ ઉપર મુજબ સમજી લેવાનું છે, બનાવતી વખતે આમાં ગંધક થોડો હોવાથી તે જલદી તૈયાર થાય છે માટે દાટો વહેલો આપવો અને અગ્નિનું પ્રમાણ ઓછું રાખવાનું ધ્યાનમાં લેવું.

**(૧૧) મલ્લસિંદુરરસ:** શુદ્ધપારદ તો. ૧૦ શુદ્ધગંધક તો. ૧૦ શુદ્ધસોમલ તો. ૫ શુદ્ધરસકપુર તો. ૧૦ સાથે મેળવી ઘુંટી કજ્જલી કરી કુંવારનારસમાં મર્દન કરી મુકી કપડમાટી કરેલ શીશીમાં ભરી વાલુકાયંત્રમાં રાખી ૪૮ કલાક અગ્નિ ઉપર બનાવ્યા મુજબ આપી પછી ઠંડુ થયે બાટલી ફોડી અંદરથી રસની નળી બહાર કાઢી લેવી. પ્રમાણ, ઉપયોગ તથા અનુપાન મલ્લચંદ્રોદય પ્રમાણે છે. ફક્ત એમાં સુવર્ણયોગ નથી તેથી એસીડ તેની અસર થોડી દેવ છે. બાકી બધું સરખુંજ છે.

(૧૯) બંગેશ્વરરસ: પારદ તો. ૪ ગંધક તો. ૧૨ કલઈ તો. ૪ પ્રથમ કલઇ ગરમ કરી તેમાં પારદ મેળવી પછી તેમાં ગંધક નાખી કજ્જલી કરી લેવી. પછી કુંવારનારસમાં ઘુંટી લેવું. ત્યારબાદ બે વાટકીમાં ભરી વાલુકાયંત્રમાં રાખી અગ્નિ આપવી, ૪ પહોર અગ્નિ આપી તૈયાર કરી ઠંડુ થએ કાઢી લેવું ને વાટી રાખવું. **પ્રમાણ:** ૩ રતી. **અનુપાન:** મધ કે માખણ સાથે. **ઉપયોગ:** બધી જાતનાં પ્રમેહને મટાડનાર છે.

**નોંધ:** કુપીપક્વ રસાયનમાં અનેક પ્રકારે રસ બને છે. એક પ્રકારતો ઉપર નકી આવે છે તે, બીજો પ્રકાર તલસ્થ કાળારંગનો પદાર્થ બની જાય છે તે. ત્રીજો પ્રકાર આ ઉપર બતાવેલ છે. એ રીતે સેંકડો પાક જુદી જુદી રીતે બનાવાયલા છે. જેમાં બીજી ભસ્મો ક્વરૂપમાં હોય તેને માટે ઉપર કહેલ વિધી અથવા તો તલસ્થ રહે એજ ઉત્તમ માર્ગ ગણાય છે.

(૨૦) રસમાણિક્ય: શુદ્ધપારદ તો. ૧૦ શુદ્ધગંધક તો. ૧૦ શુદ્ધનાગ તો. ૧૦ શુદ્ધમનશીલ તો. ૧૦ પ્રથમ નાગને ગરમ કરી તેમા પારદ મેળવી તેને ખરલમાં ઘુંટી તેમાં ગંધક નાખી કજ્જલી કરી તેમાં મનશીલ મેળવી તેને કુંવારનારસમાં ઘુંટી લઈ સુકવી કપડમાટી કરેલ શીશીમાં ભરી વાલુકાયંત્રમાં નાખી ૨૪ પ્રહર આંચ આપી તૈયાર કરી લેવું. શીશીના ગળામાં જે લાલરંગનો ઉત્તમ રસ મળી આવે તે લઇ લેવો. આ રસ વાટી બારીક કરી વાપરવો. **અનુપાન:** માખણ કે મધ, **પ્રમાણ:** ાા થી ૧ રતીભાર. **ઉપયોગ:** કફ દમ શ્વાસ ખાંસી, ક્ષીણતા, નપુંસકપણું અને [illegible] મટાડી ભૂખ વધારે છે.

(૨૧) સુવર્ણબંગ: પ્રથમ શુદ્ધ કલાઈ તો. ૫ લઈ તેને લોઢાના કડાઈમાં રાખી તાપ ઉપર ગરમ કરી લેવી ને જ્યારે રસ

રસ કહાડી લેવો. અને દવામાં વાપરવા પહેલાં બરાબર પીસી બારીક કરી રાખવું. **પ્રમાણ:** ાા થી ૧ રતીભાર. **અનુપાન:** મધ અને આદુનારસ સાથે. **ઉપયોગ:** ત્રિદોષજ્વર, ખાંસી, શ્વાસ, વાતરોગ, ન્યુમોનિઆ, શરદીનો મુંઝારાવાળો તાવ વગેરેમાં વાપરી શકાય છે.

**(૨૩) વિષચંદ્રોદય:** શુદ્ધ પારદ તો. ૧૬ શુદ્ધ ગંધક તો. ૧૬ સુવર્ણવર્ક તોલા ૨, શુદ્ધવચ્છનાગ તોલા ૧૬ **વિધિ:** કજ્જલી બનાવી કપડમાટી કરેલી કાચની શીશીમાં ભરી વાલુકાયંત્રમાં રાખી અગ્નિ આપવો. મંદ, મધ્ય અને તિવ્ર ક્રમાનુસાર બે રાત દિવસ અગ્નિ આપવાનું છે તથા ગંધકનો ધુમાડો બંધ થાય કે બુચ લગાડી દેવાનું છે. પછી આંચ બંધ કર્યા બાદ ૨૪ કલાક પછી ઠંડુ થયા બાદ ખોલી જોતાં શીશીના ગળામાં ચમકદાર નલી મળે તે સંભાળી કાઢી બારીક વાટી રાખવું. **પ્રમાણ:** ૧ રતી. **અનુપાન:** રોગાનુસાર કોઇપણ દવા અનુપાનમાં યોજવી. **ઉપયોગ:** શીતજ્વર વિષમજ્વર, ત્રિદોષજ્વર, ટાઈફોઈડતાવ, શ્વાસ, કાસ વગેરે ભયંકર વ્યાધિઓને મટાડે છે.

**(૨૪) ત્રિપુરભૈરવરસ:** પારદ તો. ૧૦, ગંધક તો. ૩૦, હીંગળો તો ૧૦, નવસાગર તો. ૧૦, રસકપુર તો. ૧૦, ફટકડી તો. ૬, બધી શુદ્ધ દવાઓને વિધીસર વાટી કજ્જલી કરી કપડમાટી કરેલી શીશીમાં ભરી લેવું. **વિધી:** વાલુકાયંત્રમાં આ શીશીને રાખી બે દિવસ અને રાત સરખા મંદ, મધ્ય અને તિવ્ર અગ્નિ આપવા અને ગંધકનો ધુમાડો બંધ થાય ત્યારે શીશીને બુચ મારી દેવો. પછી ઠંડુ થવા બાદ શીશીના ગળામાં લાગેલો ગુલાબવર્ણોનો રસ [illegible] વાટીને રાખવો. **પ્રમાણ:** ાા થી ૧ રતીભાર. **અનુપાન:** રોગાનુસાર આદુ. પાન મ.ધ. **ઉપયોગ:** ઉપદંશ ચર્મરોગ, લકવો, વા રક્તવિકાર વગેરે મટાડે છે.

શકાય છે તે સિવાય તાવ, રક્તવિકાર, ઓઢીગરમી અને બીજી ગ્રામરીના કેટલાક રોગોમાં બહુજ સારી અસર બતાવે છે. ઘણા વૈદ્યો તેને હરતાલભસ્મની અવેજીમાં પણ વાપરે છે. તે અનેક રસ યોગોમાં પણ વપરાય છે. **માત્રા:** ૧ રતી. **અનુપાન:** મધ અથવા રોગાનુસાર.

**(૨૭) પુર્ણચંદ્રોદયનીગોળીઓ:** પૂર્ણચંદ્રોદય ઘુંટેલો તો. ૪ ભીમસેનીકપુર તો. ૧ જાયફળ તો. ૧ લવંગ તો. ૧ મરી તો. ૧ કસ્તુરી તો. ०। સોનાનાંવરખ તો. ०।. **વિધી:** બરાબર ઘુંટાયલા ચંદ્રોદયમાં પ્રથમ કસ્તુરી મેળવી ઘુંટી પછી કપુર મેળવી ઘુંટી લેવું, છેવટે બીજી દવાઓનું બારીક કપડછાણ કરેલું ચૂર્ણ નાખી પાકા પાનનારસમાં ઘુંટી ચણા જેવડી ગોળી વાળી છાંયે સુકવી લેવી. **પ્રમાણ:** ૧ થી ૨ ગોળી. **અનુપાન:** મધમાં ગોળીનો ભુકો કરી ચાટી જવું. **ઉપયોગ:** ધાતુક્ષય નબળાઇ મંદાગ્નિ આંતરડાની-નબળાઇ, સંગ્રહણી, ક્ષય, ખાંસી, શ્વાસ વગેરે મટી ખુબ અગ્નિ પ્રદિપ્ત થાય તથા બળ અને વીર્ય વધે છે. **પથ્ય:** પચે તેવો ભારે અને પૌષ્ટિક ખોરાક લેવો. ખટાશ, તેલની ચીજો મરચાં એ ચીજો વિચારીને ખાવી.

**(૨૮) મલયચંદ્રોદયવટી:** ઘુંટેલો મલયચંદ્રોદય તો. ૧. સૂંઠ, મરી, પીપર, પીપરીમૂળ, અક્કલકરો, જાયફળ, એલચી, લવંગ કેશર એ સર્વ એકેક તોલો લઈ બારીક વાટી વસ્ત્રગાળ કરી લેવાં પછી તેને મલયચંદ્રોદયમાં મેળવી બરાબર ઘુંટી લેવું. છેવટે બરાબર મળી જાય ત્યારે કેટલા નંગ પાકા કપુરી નાગરવેલનાપાનનો રસ કાઢી તેમા નાખી ઘુંટવુ. ગોળી વાળવા જેવું થતાં ચણાજેવડી ગોળી બનાવી સુકવી લેવી. **પ્રમાણ:** ૨ ગોળી. **સમય:** સવારે. સાંજ. **અનુપાન:** દુધ **ઉપયોગ:** સમસ્ત સ્નાયુવાતરોગ; લકવો. નબળાઇ. ઉંઘ, વગેરે મટે છે. ઉન્માદમા અફીણીનારસ સાથે દેવી. **પથ્ય:** રોગાનુસાર

# ખંડ ૯ મો

## સિદ્ધ રસાયન સંગ્રહ

**૧ અગસ્તિસુતરાજરસઃ** પારદ તો. ૧ ગંધક તો. ૧ શુદ્ધહીંગુલ તો. ૧ શુદ્ધધતુરાનાંબીજ તો. ૨ અફીણ તો. ૨ **વિધીઃ** બધી વસ્તુઓને યથાક્રમ મેળવી ભાંગરાનારસની દશ ભાવના આપી સુકવી બાટલી ભરી રાખવી. **પ્રમાણઃ** ૧ થી ૨ રતી. **અનુપાનઃ** ત્રિકટુ અને જેઠીમધના ક્વાથ સાથે. **સમયઃ** સવાર સાંજ. **ઉપયોગઃ** વમન, શુળ, કફ, વાયુનોવિકાર, જઠરાગ્નિનીમંદતા મટાડે છે. અતિસાર અને પ્રવાહીકા ઉપર કાળાંમરી અને ઘૃતના અનુપાનથી આપવું.

**૨ અગ્નિસુતરસઃ** કોડીભસ્મ તો. ૧ શંખભસ્મ તો. ૨ શુદ્ધપારદ તો. ૦ાા શુદ્ધગંધક તો. ૦ાા મરી તો. ૩ એ સર્વેને વિધીસર મેળવી લીંબુનારસમાં મર્દન કરી ચણા જેવડી ગોળી બનાવી સુકવી રાખવી. **પ્રમાણઃ** ૨ થી ૪ ગોળી. **અનુપાનઃ** મધ, પીપર સાથે. **ઉપયોગઃ** મંદાગ્નિ, શુળ, સંગ્રહણી, અજીર્ણ, વાયુ વગેરે મટાડે છે.

**૩ અગ્નિકુમારરસ (૧)** પારદ તો. ૧ ગંધક તો. ૧ વછનાગ તો. ૧ ત્રિકટુ તો. ૩ ટંકણખાર તો. ૧ લોહભસ્મ તો. ૧ અજમો તો. ૧ અફીણ તો. ૧ અભ્રકભસ્મ તો. ૧૦. **વિધીઃ** પારદ ગંધકની કજ્જલી કરી બધા વસાણાં સાથે મેળવી ચિત્રકના ક્વાથથી ઘુંટી મરીનાદાણા બરાબર ગોળી વાળી સુકવી લેવી. **પ્રમાણઃ** ૧ થી ૨ ગોળી. **અનુપાનઃ** મધ. **સમયઃ** સવાર, બપોર સાંજ. **ઉપયોગઃ** અજીર્ણ અને સંગ્રહણીનો નાશ કરે છે, જઠરાગ્નિને પ્રદીપ્ત કરે છે. જુની સંગ્રહણી, ઉધરસ અને શ્વાસમાં વખાણવા લાયક ઔષધ છે.

૭ **અગ્નિરસ:** પારદ તો. ૧ ગંધક તો. ૨ પીપર તો. ૩ હરડે તો ૪ બહેડાં તો. ૫ અરડુસીનાંપાન તો. ૬. **વિધી:** કજ્જલીમાં વસ્ત્રગાળચૂર્ણો મેળવી બાવળનીછાલના ઉકાળાની ૨૧ ભાવના આપી સુકવી બાટલી ભરી રાખવી. **પ્રમાણ:** ૬ થી ૧૨ રતી. **અનુપાન:** ચોકખું મધ. **સમય:** સવાર, બપોર અને સાંજ. **ઉપયોગ:** ખાંસી, ઉધરસ માટે સારો ઉપાય છે, ગળાનારોગ મટાડે છે.

૮ **અગ્નિસંદીપનરસ:** રસસિંદુર તો. ૧ ગંધક તો. ૧ આંમળા તો. ૧ ટંકણખાર તો. ૨. **વિધી:** એક દિવસ લીંબુનારસમાં ઘુંટી પાણીકોડીઓ લઇ તેમાં ભરી લેવું અને પછી તેને સંપુટમાં રાખી હલકા પુટની આંચ આપી સ્વાંગશીત થયે બહાર કાઢી વાટી બાટલીમાં ભરી લેવું. **પ્રમાણ** ૨ થી ૬ રતી **અનુપાન:** સિંધવ તથા કુંવારનારસ સાથે. **સમય:** સવાર, સાંજ. **ઉપયોગ:** અગ્નિપ્રદીપ્ત કરે છે પેટના વ્યાધીને મટાડે છે.

૯ **અર્જીર્ણકંટકરસ (૧)** શુદ્ધપારદ તો. ૧ શુદ્ધગંધક તો. ૧ શુદ્ધવચ્છનાગ તો. ૧ કાળાંમરી તો. ૩ સર્વેને વિધીસર બારીક વાટી બોરીંગણીનારસ કે કવાથની ૨૧ ભાવના આપી સુકવી રતી પ્રમાણે ગોળી વાળી રાખી મુકવું. **પ્રમાણ:** ૨ થી ૪ ગોળી. **અનુપાન:** પાણી. **સમય:** સવાર, સાંજ અથવા જરૂર પડે ત્યારે. **ઉપયોગ:** અજીર્ણ, ખાંસી, વાયુ, શરદી, ગળાનારોગ, ઝાડા અને પેટનાંદરદો મટાડે છે.

૧૦ **અજીર્ણકંટકરસ (૨)** ટંકણખાર તો. ૧ પીપર તો. ૧ શુદ્ધવચ્છનાગ તો. ૧ શુદ્ધહીંગળો તો. ૧ કાળાંમરી તો. ૨ લીંબુનારસમાં ઘુંટી મગના દાણા પ્રમાણે ગોળી વાળી સુકવી લેવી. **પ્રમાણ:** ૨ થી ૪ ગોળી. **અનુપાન:** પાણી. **સમય:** સવાર, સાંજ. **ઉપયોગ:** અર્ત [illegible] અજીર્ણ ઉપર ઉપયોગી છે.

ત્રિફળા તો. ૩ દેવદાર તો. ૧ ચિત્રક તો. ૧ ગળો તો. ૧ પદ્મકાષ્ટ તો. ૧ વચ્છનાગ તો. ૧ **વિધિ:** પારદ ગંધકની કજ્જલી કરી બધાં વસાણાં સાથે મેળવી એક દિવસ ઘુંટી બાટલી ભરી રાખવી. **પ્રમાણ:** ૨ થી ૪ રતીભાર. **અનુપાન:** અરેડુસીનોરસ અને મધ. **સમય:** સવાર, બપોર, સાંજ. **ઉપયોગ:** ૭ પ્રકારની નવી કે જુની ખાંસીને તરત મટાડે છે.

**૧૫ અમોઘાસ્ત્રરસ:** તામ્રભસ્મ, શુદ્ધગંધક, વચ્છનાગ, હરતાલ, સુવર્ણમાક્ષિકભસ્મ, મનશીલ, ડીકામાળી, કાળીપાટ, ટંકણખાર, શુદ્ધસોમલ, દરેક વસ્તુ સરખે વજને લેવી ફક્ત પારદ અને ગંધક બે બે ભાગ લેવાં. **વિધી:** કજ્જલી કરી, સર્વ વસ્તુઓ સાથે મેળવી નગોડ અને તુલસીનારસની એકેક ભાવના આપી સરસવનાદાણા પ્રમાણે ગોળી વાળવી. **પ્રમાણ:** ૧ ગોળી. **અનુપાન:** મધ. **સમય:** સવાર, સાંજ. **ઉપયોગ:** તેર પ્રકારના સન્નિપાતમાં અને વિષમજ્વરમાં અનુપાન ભેદથી અને સંભાળથી વાપરવી.

**૧૬ અર્શકુઠારરસ:** (૧) શુદ્ધપારદ તો. ૧ શુદ્ધગંધક તો. ૨ અભ્રકભસ્મ તો. ૨ લોહભસ્મ તો. ૨ બીલીફળ તો. ૧ મોટી હરડે છાલ તો. ૧ ચિત્રક તો. ૧ સુંઠ તો. ૧ મરી તો. ૧ પીપર તો. ૧ શુદ્ધનેપાળો તો. ૧ કુલાવેલટંકણ તો. ૫ સિંધાલુણ તો. ૫ જવખાર તો. ૫ ગોમૂત્ર તો. ૩૨ થોરનુંદૂધ તો. ૩૨ પાટલા જેવી દવાઓનું ચૂર્ણ કરી કજ્જલીમાં મેળવી તૈયાર કરી લેવી, પછી લોઢાની કઢાઈમાં ગોમૂત્ર તથા થોરનુંદૂધ મેળવી ગરમ થાય ત્યારે બાકી દવાઓ મેળવી પાક કરી લેવો. જાડુ થાય ત્યારે ઉતારી એક બે દિવસ ખરલમાં ઘુંટી ગોળી વાળવા જેવું થતાં ચણા પ્રમાણે ગોળી વાળી સુકવી નાખવી. **પ્રમાણ:** બે ગોળી દરરોજ સવારે ૫ની અ.પે શેર થી હરસનો રોગ મટે છે. એનાથી દસ્ત સાફ આવે છે.

**૨૦ અમરસુંદરીવટી :** સુંઠ, મરી, પીપર, હરડે, બહેડાં, આમળા, પીપરીમૂળ, રેણુંકબીજ, ચિત્રક, લોહભસ્મ, તજ, તમાલપત્ર, એલચી, નાગકેશર, શુદ્ધપારદ, શુદ્ધગંધક, શુદ્ધવછનાગ, વાવડીંગ, અક્કલકરો, નાગરમોથ, આ સર્વનું ચૂર્ણ લઇ, પારદ ગંધકની કજ્જલી કરી તેમાં મેળવી પછી તેમાં જોઇતો જુનો નરમ ગોળ (આશરે તો. ૪૦ લેવો). હોય તે મેળવી ઘુંટી ચણાપુરની ગોળી બનાવી લેવી. **પ્રમાણ :** ૨ ગોળી. **અનુપાન :** પાણી કે રોગાનુસાર. **ઉપયોગ :** હીસ્ટીરીઆ, અપસ્માર, ઉન્માદ, હરસ, શ્વાસ. શરદી, ખાંસી અને સર્વે વાતરોગમાં અપાય છે.

**૨૧ આનંદભૈરવરસ :** શુદ્ધહીંગળો તો. ૧ વછનાગ તો. ૧ ત્રિકટુ તો. ૩ ટંકણખાર તો. ૧ ગંધક તો. ૧ **વિધી :** લીંબુનારસમાં ઘુંટી એકેક રતીની ગોળી બનાવી સુકવી લેવી. **પ્રમાણ :** ૧ થી ૨ ગોળી. **અનુપાન :** કડાછાલ અને ઈંદ્રિજવના કવાથ સાથે મધમાં ગોળી ચટાડી ઉપર કવાથ પાવો. **સમય :** સવાર સાંજ. **ઉપયોગ :** અતિસાર, જવરાતિસાર શરદી, તાવ, વગેરેમાં સારું કામ કરે છે.

**૨૨ આમકુઠારરસ :** જાયફળ તો. ૧ ત્રિકટુ તો. ૩ ટંકણખાર તો. ૧ શુદ્ધપારદ તો. ૧ શુદ્ધગંધક તો. ૧ મોચરસ તો. ૧ વછનાગ તો. ૧ નાગરમોથ તો. ૧ કડાછાલ તો. ૧ ચિત્રક તો. ૧ ત્રિફલા તો. ૩ અનીવિષ તો. ૧ રાળ તો. ૧ જીરૂં તો. ૧ હિંગ તો. ૧ **વિધી :** પારદ ગંધકની કજ્જલી કરી. ક્રમવાર બધાં વસાણા મેળવી ભાંગરાનારસથી અથવા તેના કવાથથી ત્રણ દિવસ ઘુંટી ચણા ચણાનીની ગોળી બનાવી સુકવી લેવી. **પ્રમાણ :** ૧ થી ૨ ગોળી. **અનુપાન :** આદુનોરસ. **સમય :** સવાર, સાંજ. **ઉપયોગ :** આમગત અતિસાર જુનીસંગ્રહણીનો નાશ કરે છે.

**૨૩ આરોગ્યવર્ધનીગુટીકા નં. ૧ કો :** શુદ્ધપારદ તો. ૧

સાંજ. ઉપયોગ: ઉપદંશ અને ઉપદંશજનિત તમામ વ્યાધીમાં ઉત્તમ ઉપાય છે. પથ્ય તરીકે ઘી તથા ઘઉંનીરોટલી સિવાય બીજી વસ્તુ આપવી નહિં.

૩૧ **એકાંગવીરરસ:** શુદ્ધપારદ. શુદ્ધગંધક, કાન્તલોહભસ્મ, બંગભસ્મ. નાગભસ્મ, તામ્રભસ્મ, અભ્રકભસ્મ, પોલાદભસ્મ, સુંઠ, મરી, પીપર, સર્વ વસ્તુ સરખા વજને લેવી. **વિધી:** પારદ ગંધકની કજ્જલી કરી ભસ્મો મેળવી ત્રિફલા, ત્રિકટુ, નગોડ, આદુ, સરગવો, કુષ્ટ, આંબળા, એરંડમૂલ, આકડાનામુળનીછાલનો સ્વરસ અથવા કવાથની ત્રણ ત્રણ ભાવનાઓ આપી સુકવી બાટલી ભરી રાખવી **પ્રમાણ:** ૧ થી ૩ રતી. **અનુપાન:** મધ, આદુનોરસ. **સમય** સવાર સાંજ. **ઉપયોગ:** પક્ષાઘાત (લકવો), ધનુર્વાત. અર્ધાંગવાત ગૃધસી, વિશ્વાચી, અપબાહુક વગેરે તમામ વાતવ્યાધિને મટાડે છે.

૩૨ **કટુકાદિલોહ:** કડુ તો. ૧ સુંઠ તો. ૧ મરી તો. પીપર તો. ૧ દન્તીમુળ તો. ૧ વાવડીંગ તો. ૧ ત્રિફળા તો. ચિત્રક તો. ૧ દેવદાર તો. ૧ નસોતર તો. ૧ ગજપીપર તો. લોહભસ્મ તો. ૧૩. **વિધી:** બધાંનું બારીક વસ્ત્રગાળ કરી લે **પ્રમાણ:** ૩ થી ૬ રતી. **અનુપાન:** દૂધ. **સમય:** સવાર, સાંજ **ઉપયોગ:** શોથરોગનો નાશ કરે છે.

૩૩ **કનકસુંદરરસ:** શુદ્ધહીંગળો તો. ૧ મરી તો. શુદ્ધગંધક તો. ૧ ફુલાવેલ ટંકણખાર તો. ૧ પીપર તો. ૧ શુદ્ધવચ્છનાગ તો ૧ શુદ્ધધતુરાનાંબીજ તો. ૧. **વિધી:** કપડછાણ કરી ભાંગના સ્વરસ અથવા કવાથથી મગ પ્રમાણે ગોળી વાળી સુકવી લે **પ્રમાણ:** ૧ થી ૨ ગોળી **અનુપાન:** પાણી. **સમય:** સવાર સાંજ. **ઉપયોગ:** અતિસાર, મંદાગ્નિ, અપચો વગેરેમાં સારું કામ કરે છે પથ્ય તરીકે છાશ, ભાતનું ભોજન કરાવવું.

મધ. સમય: સવાર, સાંજ. ઉપયોગ: જ્વરાતિસાર, અતિસાર, બધી જાતની સંગ્રહણી, રક્તાતિસાર, મરડો વગેરે મટે છે.

૩૮ કર્પૂરસુન્દરીવટી: કપુર તો. ૧ જાયફળ તો. ૧ જાવંત્રી તો. ૧ ધતુરાનાંબીજ તો. ૧ વરધારાનાંબીજ તો. ૧ અક્કલકરો તો. ૧ ત્રિકટુ તો. ૩ ચોપચીની તો. ૧ કાંકચબીજ તો. ૧ ભાંગ તો. ૫ અફીણ તો. ૫ વચ્છનાગ તો. ૨ાા. વિધી: બધાનું વસ્ત્રગાળ બારીકચૂર્ણ કરી ભાંગનારસ અથવા કવાથની ૬ ભાવના આપી ભારના પ્રમાણમાં ગોળી વાળી સુકવી લેવી. પ્રમાણ: ૧ થી ૨ ગોળી. અનુપાન: પાણી. સમય: સવાર સાંજ. ઉપયોગ: સંગ્રહણી, અર્શવિકાર, પ્રબળ અતિસાર, મંદાગ્નિનોનાશ કરે છે, કામ વૃદ્ધિ કરનાર છે, તેમજ અફીણના બંધાણીને બંધાણ છોડાવવા માટે ઉપયોગી છે.

૩૯ કલ્પતરૂરસ: શુદ્ધપારદ તો. ૧ શુદ્ધગંધક તો. ૧ શુદ્ધવચ્છનાગ તો. ૧ શુદ્ધમનશીલ તો. ૧ સુવર્ણમાક્ષિકભસ્મ તો. ૧ ટંકણખાર તો. ૧ મરી તો. ૮ સુંઠ તો. ૨ પીપર તો. ૨ વિધી: પારદ ગંધકની કજ્જલી કરી બીજી વસ્તુઓ કપડછાણ કરી કજ્જલીમાં મેળવી બે પહોર ઘુંટી બાટલીમાં ભરી રાખવું. પ્રમાણ: ૩ થી ૬ રતી. અનુપાન: આદુનોરસ અથવા મધ. સમય: સવાર, સાંજ. ઉપયોગ: વાતકફજ્વર, શ્વાસ, કાસ, મુખપ્રમેહ, અંગસોસ, અગ્નિમાંદ્ય અને અરૂચીને દુર કરે છે.

૪૦ કલ્યાણુરસ: માણેકરસ તો. ૧ પીપરીમુળ તો. ૧ તામ્રભસ્મ તો. ૧ ટંકણખાર તો. ૧. વિધી: લીંબુનારસમાં ઘુંટી ગોળી બનાવી કપડામાં બાંધી, હાંડલીમાં લીંબુનારસ ભરી તેમાં દોરીથી [illegible] લટકાવવી એટલે દોલાયંત્રથી સ્વેદન ૧૨ કલાક કરી બહાર કાઢી ઘુંટી ૭ ૭ રતીની ગોળી વાળી સુકવવી. પ્રમાણ: ગોળી [illegible]

તાવ, ત્રિદોષ, મૂર્છા, સંગ્રહણી, મરડો, ખાંસી, પ્રમેહ, પાંડુ, જીર્ણજ્વર. આંચકી, નવેતાવ તથા અત્યંત નબળાઈમાં ખાસ ઉપયોગી છે.

**૪૪ કસ્તુરીભૈરવરસ (મધ્યમ):** બંગભસ્મ તો. ૧ જસતભસ્મ તો. ૧ કસ્તુરી તો. ૧ સુવર્ણભસ્મ તો. ૧ રૌપ્યભસ્મ તો. ૧ કાન્તલોહભસ્મ તો. ૪ ધતુરાનુંધન તો. ૨ રસસિંદુર તો. ૨ લવંગ તો. ૨ જાયફળ તો. ૨ કપુર તો. ૨ ત્રિકટુ તો. ૨ **વિધી:** કપુર અને ત્રિકટુ સિવાયની દરેક વસ્તુને યથાવિધી મેળવી, દ્રોણપુષ્પી તથા નાગરવેલના પાનનારસની સાત સાત ભાવના આપ્યા બાદ ત્રિકટુ અને કપુર મેળવી એકેક રતીની ગોળી બનાવી સુકવી લેવી. **પ્રમાણ:** ૧ થી ૨ ગોળી. **અનુપાન:** પાણી. **સમય:** સવાર, સાંજ. **ઉપયોગ:** વાતોલ્બણ સન્નિપાત, મહાશ્વાસ, શ્લેષ્મરોગ ત્રિદોષંજનીતઘોરસન્નિપાત, વિકૃતગર્ભાશય વિકૃતશુક્રમેહ. વિષમજ્વર, ક્ષય. શ્વાસ, ગુલ્મ, આદિ ઘણા રોગને દૂર કરે છે.

**૪૫ કસ્તુર્યાદિસ્થંભન:** કસ્તુરી તો. ૦। કેશર ઉંચી જાતનું તો. ૦॥ જાયફળ તો. ૦। લવીંગ તો. ૦। અફીણ તો. ૦॥ ભાંગ તો. ૧॥ મધની અંદર ઘુંટી અડધે રતીની ગોળી બનાવી મુકી લેવી. **પ્રમાણ:** ૧ ગોળી. **અનુપાન:** મધમાં ગોળી ચાટી ઉપર ગરમ કરી ઠારેલું દૂધ પીવું. **સમય:** સવાર, સાંજ. **ઉપયોગ** વિર્યસ્રાવને મટાડે છે ધાતુ સ્થંભન કરે છે તેમજ ઓજસ, કાંતિ અને શક્તિની વૃદ્ધિ કરે છે.

**૪૬ કામદુધારસ:** ગળોનુંસત્વ તો. ૪ સોનાગેરૂ તો. ૧ અભ્રકભસ્મ તો. ૧ બારીક વસ્ત્રગાળ બનાવી ખાંડણી ભરી ગાળવા. **પ્રમાણ:** ૪ થી ૬ રતી **અનુપાન:** શોપાનુંપાણી અથવા દૂધ અને માખણ અથવા દૂધ અને સાકર **સમય:** સવાર, સાંજ.

**૫૦ કામિનીમદભંજનરસ:** શુદ્ધપારદ તો. ૧ શુદ્ધગંધક તો. ૧ શુદ્ધધતુરાનાંબીજ તો. ૨ પારદ ગંધકની કજ્જલી કરી ધતુરાનાં-બીજ મેળવી પછી ધતુરાનાતેલથી ઘુંટી ત્રણ ત્રણ રતીની ગોળી બનાવી લેવી. **પ્રમાણ:** ૧ ગોળી. **અનુપાન:** સાકર સાથે. અથવા મધ સાથે લઇ ઉપર દૂધ પીવું. **સમય:** સ્ત્રીસંયોગ પહેલાં બે કલાક અગાઉ. **ઉપયોગ:** સંયોગ વખતે વિર્યની રૂકાવટ કરી સ્ત્રીના મદનું ભંજન કરનાર છે. ઉતાર તરીકે લીંબુ વપરાય છે.

**૫૧ કાલારિરસ:** શુદ્ધપારદ તો. ૩ શુદ્ધગંધક તો. ૩ શુદ્ધવચ્છનાગ તો. ૩ પીપર તો. ૧૦ લવીંગ તો. ૪ શુદ્ધધતુરાનાંબીજ તો. ૩ ટંકણખાર તો. ૩ જાયફળ તો. ૫ મરી તો. ૫ અક્કલકરો તો. ૩. **વિધી:** પારદ ગંધકની કજ્જલી કરી તેમાં બીજા વસાણાનું બારીક વસ્ત્રગાળચૂર્ણ બનાવી મેળવવું. બાદ કેરડાનીકુંપળ. આદુ અને લીંબુના સ્વરસની એકેક ભાવના આપી બબ્બે રતીની ગોળી બનાવી સુકવી લેવી. **પ્રમાણ:** ૨ ગોળી. **અનુપાન:** આદુનોરસ અને મધ. **સમય:** સવાર, સાંજ. **ઉપયોગ:** સન્નિપાતમાં ખાવામાં તથા નસ્ય દેવા માટે ઉપયોગી છે.

**૫૨ કાસકેસરીરસ:** શુદ્ધગંધક તો. ૧ ત્રિકટુ તો. ૩ અભ્રકભસ્મ તો. ૧ કડુ તો. ૧ માણેકરસ (હરતાલમાંથી બનાવેલ) તો. ૧. **વિધી:** વસ્ત્રગાળ બનાવી પંચકોલ (પીપર, પીપરીમૂળ સુંઠ, ચવક, ચિત્રક)ના કવાથમાં ત્રણ દિવસ ઘુંટી અંધમૂષામાં રાખી ભુધરયંત્રમાં લઘુ આંચથી પકાવવું, ત્યારબાદ બહાર કાઢી પાણીમાં બબ્બે રતીની ગોળી વાળી સુકવી લેવી. **પ્રમાણ:** ૨ થી ૪ ગોળી. **અનુપાન:** મધ. **સમય:** સવાર, સાંજ **ઉપયોગ:** ઉર્ધ્વશ્વાસ, કાસ, રક્તવિકાર, કફ અને ત્વચારોગ વગેરેનો નાશ કરે છે.

**૫૩ કુમારકલ્યાણરસ:** રસસિંદુર તો. ૧ મોતીનીપીષ્ટી તો. ૧ સુવર્ણભસ્મ તો. ૧ અભ્રકભસ્મ તો. ૧ લોહભસ્મ તો. ૧

નાગરમોથ તો. ૧ અતીવિષ તો. ૧ લીંબડાનીકુંપળો તો. ૧ કુલઓ તો. ૧ તામ્રભસ્મ તો. ૦ા. **વિધી:** બધાને વાટી ઘુંટી વસ્ત્રગાળ બારીક બનાવી લેવું. **પ્રમાણ:** ૨ થી ૬ રતી સુધી. **અનુપાન:** દવા પાણીમાં નાખી માટીની ઠીકરી ગરમ કરી તે પાણીમાં ઝબોળી ઉપર વાસણ ઢાંકી દેવું બાદ દવા પાવી. **સમય:** સવાર, બપોર અને સાંજ. **ઉપયોગ:** કૃમીરોગ, જ્વર, છર્દી, અતિસાર, અગ્નિમાંદ્ય, કાસ, શ્વાસ વિગેરે બાળકોના ઘણા વ્યાધિઓ આ દવાથી મટે છે.

**૫૭ ક્રમીકુઠારરસ:** કપુર તો. ૮ અજમો તો. ૧ વાવડીંગ તો. ૧ કેશર તો. ૧ પીતપાપડો તો. ૧ ત્રાયમાણ તો. ૧ કડાછાલ તો. ૧ શુદ્ધહીંગળો તો. ૧ શુદ્ધવચ્છનાગ તો. ૧. **વિધી:** દરેક દવાનું ચૂર્ણ લઇ ખરલમાં ઘુંટી તેને પ્રથમ બ્રાહ્મી પછી ભાંગરો પછી ઉંદરકનીનારસની અથવા કવાથની એકેક ભાવના આપી એકેક રતીભારની ગોળી બનાવી સુકવી બાટલીમાં રાખવી. **પ્રમાણ:** ૨ થી ૪ ગોળી. **અનુપાન:** મધ અથવા વાવડીંગનોકવાથ **સમય:** જરૂર જણાય ત્યારે અથવા દરરોજ સવારમાં. **ઉપયોગ:** પેટનાંકૃમી, અજીર્ણ, ચૂંક મોળ, વાયુ, ઝાડા, ઉલટી, કોલેરા વગેરેમાં સારો ફાયદો બતાવે છે.

**૫૮ ક્રમિમુદગરરસ:** શુદ્ધપારદ તો. ૧ શુદ્ધગંધક તો. ૨ અજમો તો. ૩ વાવડીંગ તો. ૪ ખાખરાનાંબીજ તો. ૫ શુદ્ધઝેરકુચલા તો. ૬. **વિધી:** પારદ ગંધકની કજ્જલી બનાવી બાકીનાં દ્રવ્યો મેળવી મધની અંદર ત્રણ ત્રણ રતીની ગોળી બનાવી મુકવી લેવી. **પ્રમાણ:** ૨ થી ૪ ગોળી. **અનુપાન:** ઉંદરકર્નીનોકવાથ અથવા પ.ર્ણી. **સમય:** સવાર, સાંજ. **ઉપયોગ:** સમગ્ર ક્રમીરોગનો નાશ કરે છે. તરસ ઘણી લાગે તો વાવડીંગ અને નાગરમોથનોકવાથ પીવરાવવો.

**૫૯ ક્વ્યાદરસ:** શુદ્ધપારદ તો. ૪ શુદ્ધગંધક તો. ૮ કજ્જલી કરી તેમાં લોહભસ્મ તો. ૨ તામ્રભસ્મ તો. ૨ પુટી ત્રણ પર્પટી

મગના દાણા જેવડી ગોળી બનાવી સુકવી રાખવી. [પ્રમાણ?]: ૧ થી ૨ ગોળી. **અનુપાન:** ઘીમાં રાખી ગળી જવી [illegible] **સમય:** સવાર, સાંજ બે વખત. **ઉપયોગ:** ઉપદંશ, [illegible] રક્તવિકાર વગેરે ગરમીના ભયંકર દરદો આ દવાના [illegible] સેવનથી મટે છે. **સૂચના:** આ દવા ચાલે ત્યાંલગી [illegible] રાખવી. ખોરાકમાં દૂધ, ઘી, સાકર ઘઉંનીરોટલી લેવી. [illegible] બંધ કરવું. અપથ્ય નજ થાય તેની સંભાળ રાખવી. [illegible] લાગે તેની સંભાળ રાખવી.

**૬૨ ગગનાદિલોહ:** અભ્રકભસ્મ તો. ૧ [illegible] લોહભસ્મ તો. ૧ કડાછાલ તો. ૧ ત્રિકટુ તો. ૩ શુદ્ધ[illegible] શુદ્ધગંધક તો. ૧ શુદ્ધવચ્છનાગ તો. ૧ [illegible] સાજીખાર તો. ૧ તમાલપત્ર તો. ૧ તજ તો. ૧ [illegible] બંગભસ્મ તો. ૧ જીરૂં તો. ૧ શાહજીરૂં તો. ૧ [ચિત્રકમૂળ?] [illegible] **વિધી:** પારદ ગંધકની કજ્જલી કરી ભસ્મો તથા [illegible] વસ્ત્રગાળ બનાવી કજ્જલી સાથે મેળવી દેવાં. એક દિવસ [illegible] ભરી રાખવો. **પ્રમાણ:** ૨ થી ૪ વાલ. **અનુપાન:** [illegible] **સમય:** સવાર, સાંજ. **ઉપયોગ:** મુત્રાતિસાર [illegible] નાશ કરે છે.

**૬૩ મંડમાલાકંડનરસ:** શુદ્ધપારદ તો. ૧ [illegible] [illegible]ભસ્મ તો. ૧॥ મંડુરભસ્મ તો. ૩ ત્રિકટુ તો. ૬ [illegible] [illegible]નું ચૂર્ણ તો. ૧૨ [illegible] **વિધી:** પ્રથમ [illegible] [illegible] **પ્રમાણ:** [illegible] **અનુપાન:** [illegible]

ટેવ હોય તો તે મટી જાય છે. બાળક તંદુરસ્ત અવતરે છે અને ગર્ભિણી સ્ત્રીની શક્તિ કાયમ રાખે છે. **સૂચના:** ગર્ભિણીના કોઇપણ વ્યાધીમાં યોગ્ય અનુપાન સાથે દવા વાપરી શકાય છે.

**૬૭ ગર્ભચિન્તામણીરસ:** શુદ્ધપારદ તો. ૧ શુદ્ધહરતાલ તો. ૧ લોહભસ્મ તો. ૧ અભ્રકભસ્મ તો. ૨ કપુર તો. ૧ બંગભસ્મ તો. ૧ તામ્રભસ્મ તો. ૧ જાયફળ તો. ૧ જાવંત્રી તો. ૧ ગોખરૂ તો. ૧ શતાવરી તો. ૧ બલા તો. ૧ અતીબલાનીજડ તો. ૧. **વિધી:** પારદ વગેરેને એક પછી એક ખરલમાં નાખતા જવું અને ઘુંટવું. દરેક વસ્તુ એ પ્રમાણે મેળવી શતાવરીના સ્વરસ અથવા પાણીથી ઘુંટી બબ્બે રતીની ગોળી બનાવી સુકવી લેવી. **પ્રમાણ:** ૧ ગોળી. **અનુપાન:** પાણી. **સમય:** સવાર, સાંજ. **ઉપયોગ:** સન્નિપાતમાં અપાય છે તેમજ ગર્ભિણીસ્ત્રીનો જ્વર, દાહ, પ્રદર અને સુતિકારોગમાં ઠીક કામ કરે છે.

**૬૮ ગર્ભચિન્તામણીરસ (મ્હોટો)** શુદ્ધપારદ તો. ૧ શુદ્ધગંધક તો. ૧ સુવર્ણભસ્મ તો. ૧ લોહભસ્મ તો. ૧ રૌપ્યભસ્મ તો. ૧ સુવર્ણમાક્ષિકભસ્મ તો. ૧ માણેકરસ (હરતાલમાંથી બનાવેલો) તો. ૧ બંગભસ્મ તો. ૧ અભ્રકભસ્મ તો. ૧ **વિધી:** પારદ ગંધકની કજ્જલી કરવી બાદ દરેક ભસ્મો કજ્જલી સાથે એક મેળવી એક પહોર ઘુંટવું બાદ બ્રાહ્મી, વજ, ભાંગરો, પિત્તપાપડો, દશમૂળ દરેક વનસ્પતિનાં ક્રમથી સાત સાત ભાવના આપી એક રતીની ગોળી બનાવી સુકવી લેવી. **પ્રમાણ:** ૨ ગોળી. **અનુપાન:** દ્રાક્ષારસ અથવા દૂધ કે પાણી. **સમય:** સવાર, સાંજ. **ઉપયોગ:** ગર્ભિણીના સમગ્ર વ્યાધિને મટાડે છે. ગર્ભાવસ્થામાં જ્યારે બીજા ઔષધો આપતાં દરેક અચકાય છે ત્યારે વૈદ્ય માટે આ ઔષધ નિર્ભય રીતે વાપરી શકાય છે.

ઉપયોગ: અજીર્ણ, આમ, ગુલ્મ, હૃદયશૂળ, પાર્શ્વશૂળ, ઉદરશૂળ આદિ વ્યાધીનો નાશ કરે છે.

૭૩ ગ્રહણીકપાટરસ: ત્રિકટુ, તો. ૩ ફુલાવેલ ટંકણખાર તો. ૧ શુદ્ધપારદ તો. ૧ શુદ્ધગંધક તો. ૧ કોડીભસ્મ તો. ૧ શુદ્ધવચ્છનાગ તો ૧. બધાને સાથે ખરલમાં નાખી લીંબુનારસથી ઘુંટી ત્રણ ત્રણ રતીની ગોળી વાળી સુકવી લેવી. **પ્રમાણ:** ૨ થી ૪ ગોળી. **અનુપાન:** મરી, ઘી અને સાકર સાથે લેવી. **સમય:** સવાર, સાંજ. **ઉપયોગ:** સંગ્રહણી અને ઝાડાના રોગમાં સારી છે.

**૭૪ ગ્રહણીવજ્રકપાટરસ:** રસસિંદુર તો. ૧ શુદ્ધગંધક તો. ૧ યવક્ષાર તો. ૧ અભ્રકભસ્મ તો. ૧ વજ તો. ૧ અરણી તો ૧ ટંકણફુલાવેલ તો. ૧. વિધીસર સાથે મેળવી ખરલમાં ઘુંટી તેને અરણી, બીજોરૂં તથા ભાંગરાનારસની એકેક ભાવના આપી ઘુંટી ગોળો બનાવી લેવો. પછી તેને સુકવી પાનમાં લપેટી કપડમાટી કરી તે ગોળાને એક હાંડલીમાં રાખી બંધ કરી અર્ધ પ્રહર મંદ આંચ આપી ઉતારી ઠંડુ થયે ખોલી વાટી ખરલમાં ઘુંટી લઇ તેને ફરીથી અરણીનારસની, સેમળાનાંમૂળના કવાથની તથા ભાંગરાનારસની સાત સાત ભાવના આપી ઘુંટી ચણા પ્રમાણે ગોળી વાળી રાખવી. **પ્રમાણ:** ૩ થી ૬ રતીભાર. **અનુપાન:** મધ સાથે. **ઉપયોગ:** સંગ્રહણીરોગ મટે. જુના ઝાડાના રોગ માટે ઉત્તમ છે.

**૭૫ ગ્રહણીગજકેસરીરસ:** શુદ્ધપારદ તો. ૧ શુદ્ધગંધક તો. ૧ શુદ્ધવચ્છનાગ તો. ૧ ફુલાવેલ ટંકણખાર તો. ૧ લોહભસ્મ તો. ૧ જાયફળ તો. ૧ ધાવડીનાંફુલ તો. ૧ શુદ્ધહીંગળો તો. ૧ ચિત્રામૂળ તો. ૧ સુંઠ તો. ૧ મરી તો. ૧ સિંધવ તો. ૧ [illegible] તો ૧ પીપર તો. ૧ મોચરસ તો. ૧ બીલીનોગર્ભ તો. ૧ [illegible] તો. ૧ અતીવિષ તો. ૧ અફીણ તો. ૭ ભાંગ તો. ૨૫.

વાળો તો. ૧ જેઠીમધ તો. ૧ આંબળા તો. ૧ મીંઢીઆવળ તો. ૧ ભારંગી તો. ૧ દેવદાર તો. ૧ હરડે તો. ૧ લોહભસ્મ તો. ૩૪ **વિધી:** કાષ્ટિક ઔષધો ખાંડી બારીક વસ્ત્રગાળ કરી લોહભસ્મ મેળવી એક દીવસ ઘુંટી બાટલી ભરી રાખવી. **પ્રમાણ:** ૩થી ૬ રતી. **અનુપાન:** પ્રમેહહર અનુપાન અથવા પાણી સાથે. **સમય:** સવાર, બપોર, સાંજ. **ઉપયોગ:** બધી જાતના પ્રમેહમાં સારૂં કામ કરે છે.

૮૪ **ચન્દ્રકાંતરસ:** રસસિંદુર તો. ૧ અભ્રકભસ્મ તો. ૧ લોહભસ્મ તો. ૧ તામ્રભસ્મ તો. ૧ શુદ્ધગંધક તો. ૧ **વિધી:** ખરલમાં નાખી ગંધક અને ભસ્મોને ઘુંટી યુવરનાદુધથી એક દીવસ ઘુંટી ત્રણ રતીની ગોળી વાળી સુકવી લેવી. **પ્રમાણ:** ૨ થી-૪ ગોળી. **અનુપાન:** લોઢાની વાટકીમાં મધ નાખી દવા મેળવી ચાટી જવું. **સમય:** સવાર. સાંજ. **ઉપયોગ:** આધાશીશી. સૂર્યાવ્રત, મસ્તકશૂળ વગેરે મસ્તકવ્યાધિઓને મટાડે છે.

૮૫ **ચંદ્રકળારસ (મહા)** શુદ્ધપારદ તો. ૧ શુદ્ધગંધક તો. ૨ તામ્રભસ્મ તો. ૧ અભ્રકભસ્મ તો. ૧ કડુ તો. ૧ ગળોસત્વ તો. ૧ ખડસલીઓ તો. ૧ ચંદનનોભૂકો તો. ૧ વાળો તો. ૧ માધવી તો. ૧ સારીવા તો. ૧ **વિધી:** પ્રથમ પારદ ગંધકની કજ્જલી કરી તેમાં તામ્ર અને અભ્રક મેળવી નાગરમોથનોક્વાથ, દાડમનોરસ, ધ્રોખડનોરસ, કેવડાનોરસ, દુધ, સહદેવીનોરસ, કુંવારનોરસ, ખડસલીઆનોક્વાથ, ગેમનુકાગોનોરસ અને સતાવરીનારસથી એક દીવસ ઘુંટી મુકાવા બાદ તેમાં બાકીના કાષ્ટિક ઔષધોનું બારીકચૂર્ણ મેળવી કાકનારસની સાત ભાવનાઓ આપી સુકવી બાટલીમાં ભરી રાખવું કે ગોળી કરી લેવી. **પ્રમાણ:** ૨ થી ૩ રતીભાર. **અનુપાન:** ઘી અને સાકર અથવા દુધ કે માખણ સાથે. **સમય:** સવાર, સાંજ ને વખત

**અનુપાન:** મધ સાથે. **સમય:** સવાર. સાંજ. **ઉપયોગ:** ઉલટી મટાડે છે.

**૮૯ છુરીકારોરસ:** શુદ્ધપારદ તો. ૧ શુદ્ધગંધક તો. ૨ હરડે તો. ૩ શુંઠ તો. ૪ શુદ્ધનેપાળાનાંબીજ તો. ૫. **વિધી:** કજ્જલી કરી બધી વસ્તુઓ મેળવી લીંબુનારસમાં ઘુંટી બે બે રતીભારની ગોળી બનાવી સુકવી લેવી. **પ્રમાણ:** ૧ ગોળી. **અનુપાન:** ગરમપાણી. **સમય:** દિવસમાં એક વખત. **ઉપયોગ:** જુલાબ લાગી કોઠો સાફ થાય છે. શૂળ, ગુલ્મ, મંદાગ્નિ, જ્વરઆદીરોગનો નાશ કરે છે.

**૯૦ જલોદરારિરસ:** નાગભસ્મ, શુદ્ધપારદ, શુદ્ધગંધક, સરખા વજને લઇ થુવેરના દૂધથી એક દિવસ ઘુંટી ચણા પ્રમાણે ગોળી વાળી સુકવી લેવી. **પ્રમાણ:** ૧ ગોળી. **અનુપાન:** ઉદરરોગહર અનુપાન સાથે **સમય:** સવાર, સાંજ. **ઉપયોગ:** જલોદર અને પેટ મટે છે.

**૯૧ જ્વરકેસરીરસ:** શુદ્ધમનશીલ તો. ૧ શુદ્ધસોમલ તો. ૧ શુદ્ધમોરથુથુ તો. ૧ **વિધી:** ત્રણ વસ્તુને ખરલમાં નાખી પાણીથી ખુબ ઘુંટી તડકામાં એક દિવસ રાખવું. બીજે દિવસે માટીના સરાવમાં અગર તાવડીમાં એ રસ નાખી ચુલે ચડાવવું અને નીચે કોલસાનો અગ્નિ કરવો, દવામાંથી હવા નીકળી જાય ત્યાંસુધી કડછીથી હલાવતા રહેવું બાદ દવા ઉપર લોઢાની બંધ બેસતી આવે તેવી વાટકી ઉંધી ઢાંકી દેવી અને બે કલાક સુધી નીચે કોલસાનો અગ્નિ રહેવા દેવો. બાદ કોલસા એકદમ બળીને ઠંડા થઇ જાય ત્યારપછી ચુલા ઉપરથી દવાની તાવડી ઉતારી દવા બહાર કાઢી ઠંડુ થયે ઘુંટી બાટલી ભરી લેવી. **પ્રમાણ:** ⠀ાા રતી. **અનુપાન:** ઘી અને સાકર સાથે મેળવી દવા ચાટી જવી. કફ અને હરડેનાચૂર્ણ સાથે દવા આપવાથી તાવ જલદી

**૯૫ જ્વરાંકુશરસ (સ્વલ્પ)** શુદ્ધપારદ તો. ૧ શુદ્ધવચ્છનાગ તો. ૧ શુદ્ધગંધક તો. ૧ શુદ્ધધતુરાનાંબીજ તો. ૩ શુંઠ તો. ૪ મરી તો. ૪ પીપર તો. ૪. **વિધી:** પારદ ગંધકની કજ્જલી કરી બીજાં બારીક વસાણાં મેળવો લીંબુ તથા આદુનારસથી એકેક દિવસ ઘુંટી ચણોઠી પ્રમાણમાં ગોળી વાળી સુકવી લેવી. **પ્રમાણ:** ૧ થી ૨ ગોળી. **અનુપાન:** આદુનોરસ તથા મધ સાથે. **સમય:** સવાર, સાંજ અથવા તાવ ચઢવા પહેલાં. **ઉપયોગ:** ચડઉતર કરતા તાવોને અટકાવવાનું કામ ઘણું સારૂં કરે છે. બધા તાવમાં અપાય છે.

**૯૬ જ્વરાંકુશરસ:** શુદ્ધપારદ તો. ૧ શુદ્ધગંધક તો. ૨ ફુલાવેલટંકણખાર તો. ૨ શુદ્ધવચ્છનાગ તો. ૧ મરી તો. ૫ કાયફળ તો. ૨ શુદ્ધનેપાળાનાંબીજ તો. ૨. **વિધી:** પારદ ગંધકની કજ્જલી કરી બીજી વસ્તુઓ મેળવી ધતુરાનારસથી એક પહોર ઘુંટી એકેક રતીની ગોળી બનાવી સુકવી લેવી. **પ્રમાણ:** ૧ થી ૨ ગોળી. **અનુપાન:** પાણી. **સમય:** દિવસમાં એક વખત **ઉપયોગ:** રોજીંદો, બીજે દિવસે આવનાર, એકાંતરો, પાક્ષીક, માસિક વગેરે જ્વરોમાં આ જ્વરાંકુશ વાપરવાથી સારૂં કામ આપે છે.

**૯૭ જયમંગલરસ:** રસસિંદુર તો. ૧ અભ્રકભસ્મ તો. ૧ રૌપ્યભસ્મ તો. ૧ પોલાદભસ્મ તો. ૧ સુવર્ણમાક્ષિકભસ્મ તો. ૧ મંડુરભસ્મ તો. ૧ હરતાલભસ્મ તો. ૧ ચિત્રક તો. ૧ ફુલાવેલ-ટંકણખાર તો. ૧ ત્રિકટુ તો. ૩ બધી ચીજોને વિધીસર મેળવી પછી તેને ખરલમાં ઘુંટી લઈ શાલીપાટ, નગોડ, જેઠીમધ ભારીંગનાંમૂળ એ દરેકના ક્વાથ કે રસની એકેક ભાવના આપી ઘુંટી ગોળો બનાવી પાનમાં લપેટી ઉપર સંપુટ કરી કપડમાટી કરી ભુધરયંત્રમાં ૧૨ કલાકની અગ્નિ આપી ઠંડુ થયે કાઢી લઈ વાટી રાખવું **પ્રમાણ:** ૧ રતીભાર. **અનુપાન:** દશમૂળક્વાથ મ.પી. **ઉપયોગ:** જ્વર તથા સર્વજ્વરોમાં આ રસ ઉપયોગી છે.

મોચરસ તો. ૧ ઇંદ્રિજવ તો. ૧ અભ્રકભસ્મ તો. ૧ શુદ્ધગંધક તો. ૧ શુદ્ધપારદ તો. ૧ જાયફળ તો. ૨૪ **વિધી:** બધાને ખાંડી કુટી બારીક વસ્ત્રગાળ કરી બાટલી ભરી લેવી. **પ્રમાણ:** ૩ થી ૬ વાલ. **અનુપાન:** રોગાનુસાર. **સમય:** સવાર, બપોરે અને સાંજ. **ઉપયોગ:** ભયંકર સંગ્રહણી, આમાતિસાર આમ વગરનો અતીસાર કમળો, પાંડુ, મંદાગ્નિ એ સર્વે રોગનો નાશ કરે છે.

**૧૦૧ જીર્ણજ્વરારિરસ:** રસસિંદુર તો. ૧ તામ્રભસ્મ તો. ૧ બંને વસ્તુને ખરલમાં નાખી એક દિવસ ઘુંટી બાટલી ભરી રાખવી. **પ્રમાણ:** ૨ રતી. **અનુપાન:** મરીનુંચુર્ણ અને મધ સાથે ચાટી ઉપર એક તોલો તુલસીનોરસ પીવો. **સમય:** સવાર, સાંજ **ઉપયોગ:** જીર્ણજ્વર, કફ, કાસ, શ્વાસ, અગ્નિમાંદ્ય, વિબંધ રાજયક્ષ્માદિકનો નાશ કરે છે. ધાતુ, બળ અને કાન્તી વધારે છે.

**૧૦૨ ડામરેશ્વરાભ્રક:** મોરપીચ્છનાં ચાંદલાનીભસ્મ તો. ૪ અભ્રકભસ્મ તો. ૪ **વિધી:** બંને વસ્તુઓને ખરલમાં નાખી બ્રહ્મદંડી, ધતુરો, ગળો, અરડુસી, કાસુંદરો, બકાનલીંબડો, અવર, પીપરીમુળ ચિત્રકમૂળ, એ દરેક વનસ્પતિનો ચાર ચાર તોલા રસ કાઢી અનુક્રમે ઘુંટીને સુકવી બાટલી ભરવી. **પ્રમાણ:** ૧ રતીભાર. **અનુપાન:** મધ સાથે. **સમય:** સવાર, સાંજ. **ઉપયોગ:** શ્વાસ, કાસ, ઉદર, જુનોપ્રમેહ. પાંડુ, યકૃત, પ્લીહા, ગ્રહરોગ, ગોથ, મોદ, નેત્ર અને મોઢાનોરોગ, રાજ્યક્ષ્મા, પીનસ, અગ્નિનાશ, સ્વરભંગ, ઉલટી ભય, દાહ, શુળ, વિષમજ્વર, મૂત્રકૃચ્છ્ર વગેરે મટે છે.

**૧૦૩ તક્રવટી:** શુદ્ધપારદ રતી ૮ શુદ્ધગંધક રતી ૮ શુદ્ધવચ્છનાગ રતી ૧૬ તામ્રભસ્મ રતી ૩૨ પીપર તો. ૧ મંડુર તો ૨ **વિધી:** પારદ ગંધકની કજ્જલી કરી બીજી વસ્તુઓ મેળવી બારીક પુટી ૧ ગોળીના હવાયની મ ન ભ વન. બ પી ત્રણ ત્રણ ગોળી

નાખી ગાયનાદૂધથી મર્દન કરી ત્રણ ત્રણ રતીની ગોળી વાળી સુકવી લેવી. **પ્રમાણ:** ૧ ગોળી. **અનુપાન:** નાગરવેલનાપાનમાં રાખી ચાવી જવી. **સમય:** સવાર, સાંજ. એ પ્રમાણે ૪૦ દિવસનો આ પ્રયોગ છે. **ઉપયોગ:** વિર્યવાન થવાય, પરાક્રમ, બળ અને કાન્તીનો વધારો કરે છે.

**૧૦૭ તાલકેશ્વરરસ:** માણેકરસ તો. ૧ તામ્રભસ્મ તો. ૧ શુદ્ધમનશીલ તો. ૧ શુદ્ધપારદ તો. ૧ શુદ્ધગંધક તો. ૧ સુવર્ણભસ્મ તો. ૧ લોહભસ્મ તો. ૧ શુદ્ધવછનાગ તો. ૧ અભ્રકભસ્મ તો. ૮ **વિધી:** પારદ ગંધકની કજલી કરી બધી વસ્તુઓને સાથે મેળવી. બીજોરાનારસથી એક દીવસ ઘુંટી ગોળો બનાવી સુકવી સરાવ-સંપુટમાં બંધ કરી અઢીશેર છાણાની આંચ આપવી. સ્વાંગશીત થયે કાઢી બારીક ઘુંટી બાટલી ભરી રાખવી **પ્રમાણ:** ૨ રતીભાર. **અનુપાન:** રોગાનુસાર. **સમય:** સવાર, સાંજ. **ઉપયોગ:** તમામ પ્રકારનો કુષ્ટ, ગ્રહણી, કમળો, પાંડુ, ધાતુક્ષય કાસ ગુલ્મ, શૂળ વગેરેનો નાશ કરે છે.

**૧૦૮ તૃષ્ણારિરસ:** બંગભસ્મ તો. ૧ અભ્રક તો. ૧ રૌપ્યભસ્મ તો. ૧ ત્રણે વસ્તુઓને ખરલમાં નાખી દાશ અને આંબળાના સ્વરસથી તડકામાં રાખી ૧ ભાવના આપી સરાવસંપુટમાં બંધ કરી ગજપુટની આંચ આપવી સ્વાંગશીત થયે બહાર કાઢી ઘુંટી બાટલી ભરી લેવી. **પ્રમાણ:** ૨ રતીભાર. **અનુપાન:** ત્રિફલા, જેઠીમધ અને આસરના સંયુક્ત ચૂર્ણ સાથે. **સમય:** સવાર, સાંજ. **ઉપયોગ:** અત્યંત તૃષા, મૂર્છા, અગ્નિમાંદ્ય, વગેરેનો નાશ કરે છે, ઉત્તમ [illegible].

**૧૦૯ ત્રિપુરભૈરવરસ:** શુદ્ધવચ્છનાગ તો. ૧ સૂંઠ તો. ૨ પીપર તો. ૩ મરી તો. ૪ તામ્રભસ્મ તો. ૫ શુદ્ધહીંગળો તો. ૬. **વિધી:** સર્વે સાથે મેળવી આદુના રસમાં ૩ પહોર ઘુંટી [illegible]

**૧૧૩ ત્રિવિક્રમરસ (૧)** તામ્રભસ્મ તો. ૫ શુદ્ધપારદ તો. ૫ શુદ્ધગંધક તો. ૫. **વિધી:** પ્રથમ તામ્રભસ્મને પાંચ તોલા બકરીનાદૂધમાં નાખી કડાઇમાં ચૂલા ઉપર ચડાવવું અને તવેતાથી હલાવવું. દૂધ સુકાઇ જતાં પારદ અને ગંધક મેળવી નીચે ઉતારી નગોડનાપાનનારસથી એક દિવસ ઘુંટવું. બાદ ગોળો બનાવી સરાવ સંપુટમાં બંધ કરી સાત કપડમાટી કરી સુકવી લેવું. બાદ એક હાંડીને ત્રણ ચાર કપડમટ્ટી કરી ઉપરનું સંપુટ હાંડલીમાં મુકવું ઉપરથી રેતી ભરી દેવી બાદ હાંડલીને ચુલા ઉપર ચડાવી એક પહોર તિક્ષ્ણ અગ્નિ આપી પછી અગ્નિ આપવો બંધ કરવો. ચુલામાંથી અગ્નિ એની મેળેજ ઓલવાઇ જાય અને હાંડલી ઠંડી થતાં દવા બહાર કાઢી ઘુંટી બાટલી ભરી રાખવી. **પ્રમાણ:** ૨ રતી. **અનુપાન:** મધમાં ચાટી ઉપર બીજોરાનામૂળને પાણીમાં ઘસી તેનું પાણી પાઇ દેવું. **સમય:** સવાર. સાંજ. **ઉપયોગ:** સાધ્ય તથા અસાધ્ય એવા પથરીરોગને મટાડે છે.

**૧૧૪ ત્રિવિક્રમરસ (૨)** શુદ્ધહિંગળો તો. ૧ અફીણ તો. ૧ હીરાબોળ તો. ૧. એ સર્વને વાટી પાણીથી ઘુંટી મરી જેવડી ગોળી કરી સુકવી લેવી. **પ્રમાણ:** ૧ થી ૨ ગોળી. **અનુપાન:** મધ. **ઉપયોગ:** અતિસાર, મરડો અને રક્તાતિસાર મટાડે છે અકસીર ઉપાય છે.

**૧૧૫ ત્રૈલોક્યચિન્તામણીરસ:** સુવર્ણભસ્મ તો. ૨ રૌપ્યભસ્મ તો. ૨ અભ્રકભસ્મ તો. ૨ લોહભસ્મ તો. ૫ પ્રવાલભસ્મ તો. ૩ મોતીનીભસ્મ તો. ૩ રસસિંદુર તો. ૫. **વિધી:** સઘળા વસ્તુઓને એક સારી ખરલમાં નાખી કુંવારનારસથી બે દિવસ ઘુંટી એક રતીની ગોળી બનાવી સુકવી લેવી. **પ્રમાણ:** ૧ ગોળી. **અનુપાન:** નારીનુંદૂધ. **સમય:** સવાર. સાંજ. **ઉપયોગ:** ક્ષય, શ્વાસ, ગુલ્મ, પ્રમેહ, જીર્ણજ્વર, ઉન્માદ, પરદેશનુંપાણી લાગવું નષ્ટ. નસ્ગારાને મટાડી શરીરમાં તેજ વધારે છે

રતાંજલી તો. ૧ પીપર તો. ૧. **વિધી:** પારદ ગંધકની કજ્જલી કરી તેમાં બીજા ઔષધો મેળવી બીજોરાનારસથી એક દિવસ ઘુંટી ચાર રતીભારની ગોળીઓ બનાવી સુકવી લેવી. **પ્રમાણ:** ૧ થી ૨ ગોળી. **અનુપાન:** વ્યાધિ પ્રમાણે અથવા પાણી સાથે. **સમય:** સવાર, સાંજ. **ઉપયોગ:** સમસ્ત પ્રકારના કુષ્ટને દૂર કરે છે. હરડે અને ઘી અથવા સિંધવ અને સુંઠના અનુપાન સાથે લેવાથી સર્વ રોગમાં ફાયદો આપે છે.

